

વિક્રમ સંવત ૨૦૮૩ 'કાલયુકત સંવત્સર' રાશિવાર વાર્ષિક ભવિષ્ય

રાશિ નં.૧

(મેષ) અ,લ,ઇ





મેષ રાષિ રાશિચક્રની પ્રથમ રાશિ છે. જેની રાશ્યાકૃતિ ઘેટુ છે. જેના સ્વામી મંગળ છે. તત્વ અગ્નિ છે. અશ્વિની નક્ષત્રના ચાર ચરણ, ભરણીના ચાર અને કૃતિકા નક્ષત્રનું એક ચરણ છે. પુરૂષ રાશિ છે. દિશાપૂર્વ છે. સંજ્ઞા ચર છે. આ વ્યકિતઓને ઓરેન્જ, રેડ, ડાર્ક યેલોકલર શુભ છે. વ્યકિતત્વની વાત કરીએ તો ખૂબ જ હોશીયાર અને ચપળ હોય છે. મજબૂત બાંધો અને ઈમોશનલ વ્યકિત હોય છે.

વિક્રમ સંવતના પ્રારંભે આપના દેહભુવનમાં એક પણ ગ્રહ નથી. આપના દેહભુવનનો સ્વામી મંગળ ચોથા સ્થાને બીરાજમાન છે. બીજા સ્થાનમાં તેમજ ત્રીજાભુવનમાં પણ કોઈ ૮ ગ્રહ નથી. બીજા સ્થાનનો સ્વામી શુક્ર તેમજ ત્રીજા સ્થાનનો સ્વામી બુધ અનુક્રમે આપના છઠ્ઠા સ્થાને અને બુધ સાતમ સ્થાને સૂર્ય - ચંદ્રની સાથે બીરાજમાન છે. આપના સુખ સ્થાનમાં સેનાપતિ મંગળ મહારાજ બીરાજમાન છે. આપના સુખસ્થાનનો સ્વામી ચંદ્ર આપના સાતમ અને સૂર્ય - બુધની યુતિમાં છે. આપના પંચમ સ્થાન ગુરૂ અને કેતુ બીરાજેલ છે. આપના પંચમ સ્થાનના સ્વામી સૂર્યદેવ જે બ્રહ્માંડના ર૧૮૧ છે. તે ચંદ્ર અને બુધની યુતિમાં છે. આપના ષષ્ટમભાવમાં શુક્ર બીરાજેલ છે. જે આપના સપ્તમ સ્થાને સૂર્ય - ચંદ્રની યુતિમાં બીરાજમાન છે. આપના ભાગીદારી સ્થાનમાં સૂર્ય ચંદ્ર અને બુધની યુતિ છે. આપના ભાગીદારી સ્થાનનો સ્વામી શુક્ર આપના શત્રુસ્થાને બીરાજમાન છે. આપના આયુષ્ય સ્થાનમાં કોઇ ૮ ગ્રહ નથી તેવી જ રીતે ભાગ્ય ભુવન તેમજ કર્મસ્થાન વર્ષારંભે ખાલી છે. આયુષ્ય સ્થાનનો સ્વામી જે આપના રાશ્યાધિપતિ પણ છે તે આપના ચોથા સ્થાનને શોભાવે છે. આપના ભાગ્ય ભુવનના સ્વામી જે આપના વ્યય સ્થાનના સ્વામી પણ છે. તે આપના ચોથા સ્થાનને શોભાવે છે. આપના ભાગ્યભુવનના સ્વામી જે આપના વ્યય સ્થાનના શોભાવ છે. આપના ભાગ્ય સ્થાનના સ્વામી પણ છે. તે આપના પંચમસ્થાનમાં કેતુની યુતિમાં બીરાજે છે. આપના કર્મસ્થાનનો સ્વામી જે આપના લાભ સ્થાનના સ્વામી પણ છે તે આપના વ્યયસ્થાને બીરાજેલ છે. આપના લાભ સ્થાનમાં રાહુ તેમજ વ્યયસ્થાનમાં શનિદેવ બીરાજેલ છે.

નવા વર્ષ દરમ્યાન આપને નાણાકીય બાબતોમાં જરા પણ ઉતાવળિયા નિર્ણયો ન લેવા કોઇના પર અંધશ્રધ્ધા રાખીને પૈસા ઉધાર ન આપવા. ઉતાવળમાં લીધેલ નિર્ણયો પરેશાનીકમાં મુકી શકશે. તે પછી તે પૈસા રોકાણ માટે હોય તો પણ સાત વખત વિચારને પછી જ નિર્ણય લેવા. ઉતાવળમાં કરેલ રોકાણ ફસાઈ શકે છે. ગુસ્સા પર કાબૂ રાખવો. જે સંબંધોમાં કડવાશ લાવી શકે છે. વર્ષ દરમ્યાન નોકરીમાં પદોન્નતિ. આજીવિકાના નવા સ્રોત અને કૌટુંબિક સુદ શાંતિ મળશે. આ બાબતો આપને વર્ષ દરમ્યાન ખાસ ધ્યાન આપવું હવે જોઈએ વિસ્તૃત વરતારો જે ગોચર ગ્રહો મુજબ મેષરાશિના દરેક વ્યકિતને થોડા - જાજા અંશે અસરકર્તા રહેશે. આપે એક વાત યાદ રાખવી - ''બીના વિચારે કો કરે, સો પાછે પછતાય,

કામ બિગાડે આપનો જગ મે હોત હંસાય''

ટેરોટ કાર્ડ - વર્ષ દરમ્યાન ''ધ અંમ્પરર'' - સમ્રાટનું કાર્ડ આવે છે. ટેરોટ કાર્ડ મુજબ આપનું વર્ષ આ કાર્ડ નેતૃત્વ, શિસ્ત અને સત્તાનું પ્રતિક છે. આ વર્ષ તમારા માટે મહત્વનું રહેશે. તમારા લક્ષ્ય પ્રત્યે ગંભીર બનવાનું અને મજબૂત નિર્ણયો લેવાનું રહેશે. તમારા લક્ષ્ય પ્રત્યે ગંભીર બનવાનું અને મજબૂત નિર્ણયો લેવાનું રહેશે. વ્યાપારીઓ અને નોકરીયાતો માટે પદ અને પ્રતિષ્ઠા વધશે. વધુ પડતા અહંકાર અને હઠાગ્રહ રાખવાથી દુર રહેવું સંબંધોમાં તિરાડ આવી શકે છે. તેથી નમ્રતા જાળવવી. વર્ષ દરમ્યાન આપ સર્વોચ્ચ પદ મેળવી શકશો. આપના નિર્ણયો પર ગર્વ થશે. સરકારી કાર્યો સરળતા પૂર્વક પૂર્ણ થશે. નાણાકિય સ્થિતિ સારી રહેશે. પરિવારમાં સુમેળ રાખવાથી લાભ.

આર્થિક બાબતે - આ વર્ષ આપના માટે ખૂબ જ સારુ રહેશે. આપ આવકના નવા સ્રોત ઉભા કરી શકશો. વર્ષના શરૂઆતના મહિનામાં રોકાણો કરવાથી ખુબ જ સારા લાંબાગાળાનો લાભ આ સાથે બીનજરૂરી ખર્ચાઓ પર કાબૂ રહેશે. જેનાથી બચતમાં વધારો થશે. શેરબજાર કે મિલ્કતમાં લાંબા ગાળાનું રોકાણ ફાયદાકારક રહેશે. આપને શોર્ટટર્મ ફાયદાની જાળમાં ફસાવવાની દુર રહેવાની સલાહ છે. વર્ષ દરમ્યાન આપના કોઇ પણ કાર્યો નાણાને લઈને અટકશે નહિં ઘર કે કુટુંબ માટે કોઇ મોટી રકમ માલ મિલકતથી ખરીદી શકશો. જૂની લોન કે કોઇ કર્કની મોટાભાગની રકમ ભરી શકશો. હિતશત્રુઓ ઉપર વિજય મેળવી શકશો. તેમ છતાં ખોટી લાલચમાં ફસાવવાથી દુર રહેવાની સલાહ છે.



લેખક :-
શ્રી કુમારભાઇ ગાંધી
દિવાનપરા મેઇન રોડ,
ધોળકીયા ભુવન, રાજકોટ
મો. નં. ૭૮૭૮૧ ૭૮૭૮૩,
મો. ૯૩૭૪૮ ૧૬૯૭૭

કૌટુંબિક બાબતેઃ કૌટુંબિક બાબતે આપનું આ વર્ષ સારૂ રહેશે. પરિવારમાં સુખશાંતિ જળવાઇ રહેશે. સભ્યો વચ્ચે પ્રેમ અને સહકારમાં વૃધ્ધિ થશે. જીવન સાથી સાથેના સંબંધો મધુર અને સુમેળ ભર્યા બનશે. નાના ભાઇબહેનો સાથેના મતભેદો ઉકેલાઇ જશે. ઘરમાં નાના મોટા માંગલિક પ્રસંગો પૂજા પાઠ હોમ હવનના ઉત્તમ યોગ છે. આપને આપના જીવન - સાથીનો સહકાર ખૂબ જ સારો મળશે. તે યાદ રાખવું અને હમેંશા સચાઇનો સાથ દઇને આપના મકસદને પાર કરી શકવાના છો. સ્વંતંત્ર વ્યાપારથી લાભ નોકરી અર્થે વિદેશયોગ રહેશે. વિદેશમાં બિનજરૂરી નાણાકીય સાહસ ન કરવાની ખાસ સલાશ છે. મનોરંજન હેતુથી પરિવાર સાથે ધાર્મિક યાત્રા કે પ્રવાસ માટે ઉત્તમ સમય છે.

વ્યાપારીઓ અને નોકરીયાતોને માટેઃ વર્ષ દરમ્યાન આવકના નવા સાધનો સ્રોત મલશે. ઉતાવળા નિર્ણયો ન લેતા દરેક કાર્યને કરતા પહેલા બે વાર વિચારીને આગળ વધવું આગામી વર્ષ વેપારીઓ માટે પ્રગતિના નવા દ્વાર ખોલનારૂ સાબિત થશે. વ્યાપારમાં સારો એવો ઉછાળો જોવા મલશે જો કે કોઇ પણ માટું રોકાણ કરતા પહેલા બહારની વર્તમાન સ્થિતિને ઉંડાણપૂર્વક ચકાસી લેવી. અભ્યાસ કર્યા બાદ જ આગળ વધવું ભાગીદારી વ્યવસાયમાં પારદર્શિતા રાખવી અને પછી જ આગળ વધવું.

નોકરીયાતોને માટે આ વર્ષ પદ, પ્રતિષ્ઠા અને પ્રમોશન અપાનારૂ રહેશે. તમારા સખત પરિશ્રમ અને નિષ્ઠાન કારણે ઉપરીઅધિકારીઓ અને મેનેજમેન્ટ તમારી પ્રશંસા કરશે. નવી જવાબદારીઓ તમારા કૌશલ્યને નિખારશે કાર્ય સ્થળ પર સહકર્મીઓ સાથે તાલમેલ સારો રહેશે. પરંતુ તમારા સ્વભાવમાં અહંકાર કે ગુસ્સો ન આવે તેનુંધ્યાન રાખવું જેથી અન્ય કાર્ય સ્થળે કાર્ય કરવામાં આનંદ રહે છે. સરકારી નોકરી કે સતાવાર ક્ષેત્રે કામ કરતા લોકોને મનપસંદ સ્થાને સ્નાનાંતરણ કે વિશેષ સન્માન મળી શકે છે.

સ્થાવર મિલ્કત બાબતે - મિલ્કત બાબતે વિક્રમનું નવું આપના માટે મિશ્ર ફળવાળુ રહેશે. આપને ત્વરિતનિર્ણયો ન લેવાની સલાહ છે. ખરીદવામાં આપને આપના બજેટ અને આપની ઈચ્છામાં બેલેન્સ ન બને તેવી શકયતા છે. વારસાગત મિલ્કત બાબતે કૌટુંબિક મતભેદો ઉભા ન થાય તે જોવું આપને સમાધાન કરી વલણ અપનાવુંઃ નવા વાહનની ખરીદીના યોગ છે.

સ્વાસ્થ્ય બાબતે : સ્વાસ્થ્ય બાબતે નવું વર્ષ સારું રહેવાનું છે. ઠંડાપીણા અને આઈસ્કીમથી બને તેટલું દૂર રહેવું. વર્ષ દરમ્યાન દાંતને લગતી તકલીફ સતાવે છે. વર્ષ દરમ્યાન આપનું માનસિક ટેન્શન દૂર થશે, મનને હળવું રાખવું. ચિંતા મુકત રહેવું, વિચાર વાયુ રાખવા નહીં. વાહન ચલાવવામાં ધીરજ રાખવી. મુસાફરીથી સ્વાસ્થ્યમાં અનુકુળતા રહે. એકસસાઈઝને મહત્વ આપવું, વર્ષના મધ્યમાં થોડી કાળજી લેવી અને ધીરજ રાખવી. જે આપના સ્વાસ્થ્યને ધ્યાને રાખીને સારા માટે છે. વારંવાર પ્રવાસથી સ્વાસ્થ્યમાં સુધારો થઇ શકે છે. પરિવાર અને મિત્રો સાથે વધુને વધુ ગેટ ટુ ગેધર કરવાથી મન હળવાશનો અનુભવ કરશે.

મહિલાઓ માટે : આ વર્ષ મહિલાઓ માટે સામાન્ય રહેશે. જીવનસાથી તરફથી પ્રેમ સહકાર, માન મળશે. સંતાનોને લઇને ચિંતિત રહેવાના છો. આપ કોઇ અભ્યાસમાં જોડાયેલા હશો તો તેમાં આપને વધુ મહેનત કરવી પડશે. આપ આપની કારકિર્દી બાબતે ગંભીર બનવાના છો ચિંતિત રહેશો. આપ કૌટુંબિક મતભેદોથી પરેશાન રહેશો. આપને ધાર્મિક મુસાફરી યાત્રાનો આ વર્ષ દરમ્યાન સારો યોગ છે. લાંબી ધાર્મિક યાત્રા પૂર્ણતાથી પૂર્ણ કરી શકશો. સંતાનોને ત્યાં કે આપને ત્યાં સંતાન યોગ ઉભા થાય. આપ આપની બચતમાં સોના ચાંદી કે કોઇ મિલ્કતની ખરીદી કરી શકશો. વ્યવસાયમાં ભાગીદારી કરવાથી લાભ રહેશે. નોકરીમાં કોઇ ફેરફાર કરવા નહિં.

વિદ્યાર્થી મિત્રોને માટે : વિદ્યાર્થી મિત્રોને આ વર્ષ કસોટીવાળુ રહેશે. આપને મહેનત છતા ધાર્ય પરિણામ ન મળે. આપને વિદેશ અભ્યાસની ઇચ્છા ફળશે. વડિલો સાથેની દલીલબાજીથી દૂર રહેવું. હરવા ફરવા, પિકનિક, પાર્ટીથી અભ્યાસ બગડે નહિં તેનું ધ્યાન રાખવું. આપના મિત્રો આપના માટે લાઇફલાઇન જેવા સાબિત થશે.

★ વર્ષ દરમ્યાન તાંબાનો સિક્કો કે ટુકડો અથવા લાલ ચંદન માળા ટુકડો સાથે રાખવો.

શ્રી ગણેશાય નમઃ



બ્રહ્માંડમાં ભ્રમણ કરતા ગ્રહો, નક્ષત્રો વગેરેની શુભાશુભ અસરો સમગ્ર સૃષ્ટિમાં પડતી જ રહે છે, કોઈ પણ વ્યક્તિ તેમાંથી બાકાત નથી રહી શકતી. આ જ દુનિયાનો ક્રમ છે. દરેક વ્યક્તિએ પોતાના કર્મોના ફળ ભોગવવા જ પડતા હોય છે. વાર્ષિક રાશિફળ માટે ગોચર ગ્રહોનો ઉપયોગ કરેલ છે. પરંતુ વ્યક્તિગત ભવિષ્ય જાણવા માટે વ્યક્તિગત જન્મના ગ્રહો દ્વારા જ ચોક્કસાઈ પૂર્વક ભવિષ્ય કથન થઈ શકે છે. અહિં આપની રાશિ પ્રમાણે રાશિવાર વાર્ષિક ભવિષ્ય આપેલ છે. અહિં આવેલ વાર્ષિક રાશિ ભવિષ્ય આપને વર્ષભર માર્ગદર્શક અને પ્રેરણારૂપ બનશે. આપ આ વાર્ષિક રાશિવાર ભવિષ્ય વાંચવા માટે ચંદ્ર રાશિ, સૂર્ય રાશિ અને જન્મ લગ્ન સહિત જોવા માં આવશે તો વધુ ઉપયોગી થશે. અહીં આપેલ રાશિવાર ભવિષ્ય આપ સહુને ઉપયોગી સાબિત થાય તેવી આશા સાથે અને અંધશ્રધ્ધાથી દૂર રહેવાની સલાહ છે.


વિક્રમ સંવતના રાત્રીના ગર્ભ માંથી જ્યારે નવા વિક્રમ સંવત્સરનો જન્મ થાય છે. ત્યારે સૃષ્ટિમાં આનંદ, ઉલ્લાસ, ઉત્સાહ છવાઈ જાય છે. જીવનમાં જે અભદ્ર અને અણગમતુ હતું તેને આજે સર્વ ભુલી જઈએ ભૂતકાળ અને વિસ્મૃતિનો પડદો ઢાળી દઈએ. વિકાસગામી અને આનંદસભર મંગલમય જીવનની કામના સાથે એકાગ્ર ચીતે આગળ વધીએ.


નૂતન વર્ષે કુદરતના બાળપુષ્પો પોતાની નવી સુવાસને વાતાવરણમાં ફેલાવે છે. પૂર્વના નભમાંથી ઉષાએ નવા રંગોની વર્ષા કરી છે. આ નવલી ઉષાનો મંગલ સત્કાર કરવા પક્ષીઓના વૃંદ મયુર ટહુકા કરે છે. માનવ જીવન પણ નવા વર્ષને નવા જીવનની જેમ આવકારે છે.

પરસ્પરની અંતઃ કરણની શુભકામના અને સહયોગ પ્રગતિના માર્ગે વધુને વધુ સાનુકુળ અને સુવાળો બનાવી ઈચ્છીત મંઝીલ સુધી પહોંચાડતા હોય છે. સર્જનહાર આપનામાં નવી પ્રેરણા ઉલ્લાસની ગંગા વહાવે અને આપના સૌ માટે અનંત ઉપલબ્ધીઓનું વર્ષ બની રહે તેવી પ્રભુ પાસે પ્રાર્થના છે. આ સાથે અકિલાના તમામ વાચક મિત્રોને નવુ વર્ષ સુખ સમૃધ્ધિ અને સ્વાસ્થ્ય આપે વિશ્વમાં શાંતિ સ્થપાય તેવી આશા સાથે ફોરમ ગાંધી- મહેતાના નૂતન વર્ષાભિનંદન

રાશિ નં-૨

વૃષભ રાશિ (બ.વ.ઉ)





વૃષભ રાશિ રાશિચક્રની બીજી રાશિ છે. જેની રાશ્યાકૃતિ બળદ છે. રાશ્યાધિપતિ શુક્ર છે. કૃતિકાનક્ષત્રના ત્રણ ચરણ, રોહિણીના ચાર અને મૃગશિર્ષના બે ચરણ સમાયેલ છે. સ્ત્રી જાતિની રાશિ છે. સંજ્ઞા સ્થિર છે. દિશા દક્ષિણ છે. વૃષભ રાશિ ભૂમિત્વ વાળી રાશિ છે. આ વ્યક્તિઓ માટે વ્હાઈટ અને લાઈટ પીંક કલર શુભ રહેશે. વ્યક્તિત્વની વાત કરી એ તો આ લોકો ખૂબ જ વિનમ્ર, લાગણીશીલ અને ચતુર હોય છે. દેખાવે આકર્ષક, સુંદર હોય છે.

વિક્રમ સંવતના પ્રારંભે આપના દેહભુવનમાં કોઈ જ ગ્રહ નથી. આપના દેહભુવનનો સ્વામી જે આપના પંચમ સ્થાને બીરાજે છે. તે આપના શત્રુસ્થાનના સ્વામી પણ છે. આપના ધન સ્થાનમાં કોઈ જ ગ્રહ વર્ષરંભે નથી. આપના ધન સ્થાનના સર્મી જે આપના પંચમ સ્થાનના સ્વામીના સ્વામી પણ છે તે આપના શત્રુસ્થાને સૂર્ય- ચંદ્રની યુતિમાં બીરાજેલ છે. આપના પરાક્રમ સ્થાનમાં મંગળ મહારાજ બીરાજેલ છે. આપના પરાક્રમ સ્થાનના સ્વામી ચંદ્રદેવ આપના શત્રુસ્થાને સૂર્ય બુધની સાથે બીરાજમાન છે. સુખ સ્થાનમાં ગુરૂ અને કેતુ હાજર છે. આપના ચોથા સ્થાનનો સ્વામી આપના છઠ્ઠા સ્થાને ચંદ્ર અને બુધ્ધની સાથે યુતિમાં છે. આપના વિદ્યાભુવનમાં શુક્ર બીરાજેલ છે. આપના વિદ્યાભુવનનો સ્વામી આપના બીજા સ્થાનનો પણ સ્વામી છે જે શત્રુસ્થાને સૂર્ય-ચંદ્રની સાથે બીરાજેલ છે. આપના શત્રુસ્થાનનો સ્વામી આપના પંચમ સ્થાને બીરાજેલ છે. આપના સપ્તમ સ્થાન અષ્ટમ સ્થાન, ભાગ્યભુવનમાં કોઈ જ ગ્રહ નથી. આપના સપ્તમ સ્થાનનો સ્વામ આપના વ્યય સ્થાનનો સ્વામી છે જે ત્રીજા સ્થાને બીરાજેલ છે. આપના અષ્ટમનો સ્વામી સુખસ્થાને કેતુની સાથે બીરાજેલ છે. આપના અષ્ટમનો સ્વામી સુખસ્થાને કેતુની સાથે બીરાજેલ છે. આપના ભાગ્યભુવનનો સ્વામી જે આપના કર્મસ્થાનનો પણ સ્વામી છે તે આપના લાભ સ્થાનમાં બીરાજેલ છે. આપના લાભસ્થાનમાં શનિદેવ બીરાજેલ છે. જે ન્યાયના દેવતા છે. આપના કર્મસ્થાનમાં રાહુ બીરાજેલ છે. આપના વ્યય સ્થાને એ પણ ગ્રહ નથી. આપના વ્યય સ્થાનના સ્વામી જે આપના ત્રીજા સ્થાનમાં બીરાજેલ છે. અને આપના સપ્તમ સ્થાનના સ્વામી પણ બને છે.

વર્ષ દરમ્યાન આપને સ્વાસ્થ્ય પ્રત્યે બેદરકારી ટાળવાની ખાસ સહાલ છે. ખાસ કરીને બહારનું ખાવાપિવામાં અને દિનચર્યામાં ખાસ ધ્યાન રાખશો. વર્ષ દરમ્યાન વાણી પર સંયમ રાખવાથી લાભ. વાણીના લીધે વિવાદ મોટુ સ્વરૂપ લઈ શકે છે. સંત કબીરદાસજી કહે છે ને કે

'એસી વાણી બોલીએ, મન કા આપા ખોયા

ઓરન કો શીતલ કરે, આપહુ શીતલ હોય'

એટલે એવા જ શબ્દોનો પ્રયોગ કરો જેનાથી પોતાના મનનો અહંકાર નામ પામે અને બોલનાર અને સાંભળનાર બંનેને પરમ શાંતિ અને આનંદનો અનુભવ થાય. વર્ષ દરમ્યાન વાહન, પ્રોપર્ટી, જમીન- મકાનના લે-વેચથી આર્થિક લાભ થશે.

ટેરોટ કાર્ડઃ વર્ષ દરમ્યાન આપનું ટેરોટ કાર્ડ આવે છે. ' ધ હાયરોફન્ટ / ધર્મગુરૂ) આ વર્ષ પરંપરાગત મૂલ્યો, પારિવારિક એકતા અને આધ્યાત્મના વિકાસ માટે ઉત્તમ રહેશે. કુટુંબના વડિલો અથવા કોઈ અનુભવી ગુરૂનું માર્ગદર્શન આપના જીવનની મોટી સમસ્યાઓ ઉકેલી નાખશે. લગ્ન જીવન પારિવારિક સંબંધોમાં સ્થિરતા અને પરિપક્વતા આવશે. આપને ઉચ્ચ અધ્યાસ, ઉચ્ચ ડીગ્રી, સર્ટિફિકેટ મેળવવા માટે ઉત્તમ સમય રહેશે. આપને નૈતિક અને સચોટ પધ્ધતિઓથી કાર્ય કરવાનું રહેશે. તેમ છતા રૂઢિચુસ્ત વિચારસરણી માં વધારે જડતા ન દેખાડવીફ સમય સાથે અપગ્રેડ થતા રહેવું.

આર્થિક બાબતેઃ આર્થિક બાબતે આપનું આ વર્ષ પ્રગતિકારક રહેવાનું છે. અટકેલા નાણાં પાછા મળવાની શક્યતા છે. વેપાર અને નોકરીમાં આર્થિક પ્રગતિ જોવા મલશે. ભૌતિક સુખ સુવિધાઓ અને પરિવાર પાછળ ખર્ચ વધી શકે છે. આ સાથે બચત પણ કરી શકો તેવી શક્યતા છે. વર્ષના મધ્યમાં જમીન-મકાન વાહનમાં રોકાણ રવા માટે ઉત્તમ સમય છે. આ સાથે આપની પ્રતિષ્ઠા માન સન્માન વધશે. જેના લીધે આપ આપની આર્થિક સ્થિતિ સુધારી શકશો અને આપની બુધ્ધિ પ્રતિભા પણ આપના આર્થિક સ્થિતિ સુધારા માટે વધુ નાણાં ભંડોળ માટે લાભદાયક રહેશે. આર્થિક બાબતે ટોનકેન પ્રકાર લાભ મલશે. ધીરજ રાખવાથી લાભ મલશે. જૂની પેઢીના વ્યવસાયથી લાભ રહેશે. આપની તથા આપના કુટુંબની પ્રતિષ્ઠામાં વૃધ્ધિ થશે. કુટુંબના સભ્યો જેમ કે સંતાનોન આવક વૃધ્ધિથી ઘરમાં ધન લાભ થશે.

કૌટુંબિક બાબતેઃ પારિવારીક બાબતે વર્ષના શરૂઆતના સમયમાં ખેંચતાણ રહી શકે છે. પરંતુ ઉતરાધમાં પરિસ્થિતિઓ અનુકુળ બનશે. તેથી કૌટુંબિક રીતે આપનું આ વર્ષ મિશ્રફળ વાળુ રહેશે. સંયુક્ત કુટુંબમાં વિભાજનની પ્રક્રિયા ઉભી થાય, જીવનસાથીનો સહકાર ખુબ જ સારો રહેવાનો છે. સંતાનો તરફથી લાભ, સંતાનોની પ્રગતિ જોઈને આપનું મન આનંદિત થઈ જશે. સંતાનોની સગાઈ લગ્નના પ્રસંગો યોજાય નિસંતાનને ત્યાં સંતાન સુખ પ્રાપ્ત થશે. માતા પિતાના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું જરૂરી છે. વર્ષના મધ્યમાં પરિવાર સાથે લાંબી યાત્રા પ્રવાસનો યોગ છે. વર્ષ દરમ્યાન આપની દૂરદર્શિતા અને કુનેહ આપને તથા આપના કુટુંબને ઉપયોગી થશે. અને અનેક પ્રશ્નોને દૂર રાખશે તેથી આપની સીકથ સેન્સને સંભળાવી અને નિર્ણયો પર આવવું. વર્ષ દરમ્યાન આપ મોટાભાગની જવાબદારીઓ પૂર્ણ રીતે નિભાવવામાં સફળ થશો.

નવા વર્ષ દરમ્યાન વિદેશ જવાની કે સ્થાયી થવાની ઈચ્છા ધરાવતા લોકો માટે ખુબ જ સારો સમય છે. દૂર જતા પહેલા આપને આપના કુટુંબના કુળદેવી દેવતાના દર્શન કરીને જ જવાની સલાહ છે. આપના માટે વિદેશ યાત્રા પ્રવાસ આર્થિક લાભ કરાવશે.

વ્યાપારીઓ અને નોકરીયાતોને માટેઃ વિક્રમના નવા વર્ષમાં આપની આવક તેમજ પ્રોપર્ટીમાં વૃધ્ધિ થશે. જમીન મકાનના લે- વેચમાં સારો લાભ મલશે. નવા વર્ષમાં કાપડ, રેડીમેઈડ, ગારમેન્ટસ, ફેશન, હોટેલ, રેસ્ટોરેન્ટ, ખાણી-પીણીની વસ્તુ અને જ્વેલરીના વ્યાપારીઓ માટે આ વર્ષે સોના સમાન છે. ગ્રાહકોની ભારે ભીડ રહેશે. વેપારમાં રોકડ પ્રવાહ સતત સારો રહેશે. જમીન-મકાનના લે-વેચથી પણ મોટો આર્થિક લાભ થશે. જૂના અટકેલા નાણા અચાનક પાછા ફરશે. આર્થિક સ્થિતિ મજબૂત બનશે. તેને આપ નવા વ્યાપારમાં લગાવી શકશો.

નોકરીયાતોને કાર્યસ્થળ પર સ્થિરતા અને આર્થિક વૃધ્ધિનું વર્ષ રહેશે. જો આપ ક્રિએટિવ ફિલ્ડ, ફાઈનાન્સ કે બેન્કિંગ સેક્ટરમાં છો તો પ્રગતિ ઝડપી થશે. બદલાતી દિનચર્યાને કારણે સ્વાસ્થ્ય પર થોડું ધ્યાન આપવું અનિવાર્ય છે. કેમકે તંદુરસ્ત શરીર જ સારી કામગીરીની ચાવી છે. ઉપરી અધિકારીઓનો સહકાર તેમને મુશ્કેલ સમયમાં પણ ઉતારશે. તેથી મુશ્કેલીઓ આવશે. પણ આપને તેમાંથી નિકળવાના રસ્તાઓ મલી જશે. નોકરી દરમયાન યાત્રા પ્રવાસ થઈ શકે છે. અગત્યના કાગળોની ચકાસણી જાતે કરવાની સલાહ છે. આપ ઓડિટને લગતા કાર્યોમાં હોવ તો ખાસ ધ્યાન સાવચેતીથી કાર્ય કરવું.

સ્થાવર મિલ્કત બાબતેઃ વિક્રમનું નવું વર્ષ આપને માટે મધ્યમ રહેશે. આપને બહું માથાકુટમાં ન પડવાની સલાહ છે. મિલ્કત બાબતે જો કોઈ કોર્ટ કેસ ચાલતા હોય તો તેમાં સમાધાન કરવું હિતાવહ રહેશે. નવા વાહન કે કોઈ લકઝરીયસ વસ્તુ ખરીદી શકો. જમીન-મકાનની ખરીદીમાં છેતરાવ નહિં તેનું ધ્યાન રાખવું વધુ પડતી કિંમત અપાય ન જાય તેનું ધ્યાન રાખવું વેંચાણ માટે પણ તેવી જ રીતે સારી કિંમત મેળવવા માટે સંઘર્ષ રહે.

સ્વાસ્થ્ય બાબતેઃ વિક્રમનું નવું વર્ષ સ્વાસ્થ્ય બાબતે મધ્યમ રહેશે. વર્ષ દરમ્યાન કોઈ શસ્ત્રક્રિયાને નકારી ન શકાય. આપના જન્મના ગ્રહો પ્રબળ હોવાગી અસરો ઓછી થઈ શકે છે. ડાયાબિટિશ બી.પીના દર્દીઓને રેગ્યુલર ચેકઅપની સલાહ છે. વર્ષ દરમ્યાન ધાર્મિક પ્રવૃતિ-વૃતિ વધારવાની સલાહ છે. બીજાનું દિલ દુભાય નહિ તેવા કાર્યો કરવા. માનસિક તાનવ દૂર રાખવા કોશીષ કરવી. કોઈ પણ સંજોગો ઉભા થાય છે તો તેને વહેતા પાણીની જેમ વહેવા દેવા, વધુ ભાર દિમાગને આપવો નહિં. સ્વસ્થ્યથી વધુ કંઈ જ નથી.

મહિલાઓ માટેઃ મહિલાઓ માટે આ વર્ષ સારુ રહેશે. જીવન સાથીની પ્રગતિ થશે. આપની પણ આપના કાર્યમાં પ્રગતી થશે. આપ આપના બીઝનેશ કરવા માટે લોન, સબસીડી વગેરે મેળવવામાં સફળ થશો. આપ આપની સફળતા બાદ સ્વાર્થી બનીને આપના સ્નેહીજનોને આપની સફળતામાં ફાળો ભૂલી ન જાવ તેનું ધ્યાન રાખશો. આપને વર્ષ દરમ્યાન સ્વાસ્થ્યનું ધ્યાન રાખવાની સલાહ છે. આપને આપના સંતાનોનો સહકાર સારો રહેશે. આપના ઘરના વડીલોને લઈને ટેન્શન રહેશે. આપને સંતાન યોગ માટે ઉત્તમ સમય રહેશે.

વિદ્યાર્થી મિત્રો માટેઃ વિદ્યાર્થી મિત્રોને માટે આ વર્ષ સામાન્ય જવાનું છે. આપને વર્ષની શરૂઆતમાં જ મહેનત શરૂ કરવાની છે. આપને વર્ષ દરમ્યાન ઈત્તર પ્રવૃતિ કરતા અભ્યાસમાં વધુ ધ્યાન આપવાનું છે. આપને રાત્રી ઉજાગરા અને બહારની આડી ચીજવસ્તુઓ ખાવામાં ધ્યાન રાખવું કે આપના સ્વાસ્થ્યને અરસ કરે છે. આપને કોમ્પ્યુટર લાઈનથી લાભ રહેશે. આર્ટસના વિદ્યાર્થીઓને માટે આ વર્ષ સારુ રહેશે. આપ કલા ક્ષેત્રે સારી નામના મેળવી શકશો સગાઈ લગ્ન માટે આ વર્ષ સારુ રહેશે.

★ ચાંદીનો નાનો સિક્કો અથવા સ્ટફિકનો નાનો પથ્થર સાથે રાખવો. સાચુ મોતી તો રાખી શકો. તેનાથી લાભ રહેશે.

'લેખકનો પરિચય'



ફોરમ ગાંધી - મહેતા
કન્સલ્ટીંગ વાસ્તુશાસ્ત્રી, એસ્ટ્રોલોજર
'ધોળકીયા ભૂવન' -દિવાનપરા
મેઈન રોડ, રાજકોટ ૩૬૦૦૦૧
મો.૯૪૨૯૪ ૭૨૧૬૦, મો.૯૩૭૪૮ ૧૬૯૭૭, મો.૭૮૭૮૧ ૭૮૭૮૩

ફોરમ ગાંધી મહેતા શ્રી કુમારભાઈ ગાંધીના સુપુત્રી છે. કુમારભાઈ ગાંધી પ્રખ્યાત જ્યોતિષશ્રી છે અને તેઓશ્રી અકિલાના કોલ્મીસ્ટ છે. ફોરમને જ્યોતિષનું જ્ઞાન વારસામાં મળેલ છે. તેમને જ્યોતિષમાં નવા નવા સંશોધનો કરવાનો શોખ છે. કુમારભાઈ ગાંધી અકિલા તથા અન્ય મેગેઝીન અને દૈનિકોમાં આર્ટીકલ આપે છે. સીટી ન્યુઝમાં પ્રોગ્રામ આપે છે.


ફોરમ એ સૌરાષ્ટ્ર યુનિવર્સિટિમાં કર્મકાંડનો કોર્ષ કરેલ છે. તેઓ વાસ્તુશાસ્ત્ર, ન્યુરોલોજી, ફેગશૂઈ અને ટેરોકાર્ડ યોગ તથા મેડિટેશનના જાણકાર છે. ''અકિલા'' સાંધ્ય દૈનિકમાં સપ્તાહના વ્રત તહેવાર અને અનેક લેખો પ્રસિધ્ધ થતા તથા અન્ય લેખો અવાર નવાર પ્રસિધ્ધ થાય છે. તેઓ ગુજરાતના પ્રથમ મહિલા જ્યોતિષી છે. તેઓ રેગ્યુલરલી છેલ્લા ૨૪ વર્ષથી 'અકિલા' માં રાશિવાર ભવિષ્ય લખે છે. તેમના ઈન્ટરવ્યુ ઈટીવી ગુજરાતી, ટીવી નાઈન, આકાશવાણી પર આવી ચૂકેલ છે. ૯૨.૭ બીગ એફએમ માં પણ તેમની ટીપ્સ આવતી હતી. પંચાંગમાં પણ લેખો લખે છે.

ફોરમ ખૂબ જ સારા રમતવીર પણ છે તેઓએ હૂડોમાં રાજ્યકક્ષાએ સ્થાન પ્રાપ્ત કરેલ છે. તેઓએ એલએલએમનો અભ્યાસ કરેલ છે. હિન્દી વિષયમાં રત્નની ડીગ્રી પ્રાપ્ત કરેલ છે.

રાશિ નં-૩

મિથુન રાશિ (ક.છ.ઘ)





મિથુન રાશિ રાશિ ચક્રની ત્રીજી રાશિ છે. જેની રાશ્યાકૃતિ સ્ત્રી પુરુષની જોડી છે. મૃગશિર્ષ નક્ષત્રના બે ચરણ, આદ્રા નક્ષત્રના ચાર ચરણ અને પુનર્વસુ નક્ષત્રના ત્રણ ચરણ સમાયેલા છે. રાશ્યાધિપતિ બુધ છે. પુરૂષ જાતિ, સંજ્ઞા દ્વિ સ્વભાવ છે. દિશા પશ્ચિમ છે, વાયુ તત્વ છે. આ વ્યક્તિઓ માટે ગ્રીન કલરની શેડસ લક્કી છે. વ્યક્તિતત્વ જોતા આ વ્યક્તિઓ હસમુખા, આનંદી, દરેક પ્રશ્નોનો નીકાલ કરનાર, પોતાના વિચારો મનમાં રાખનાર હોય છે. ખૂબ જ બુધ્ધીશાળી હોય છે.

વિક્રમ સંવતના પ્રારંભે આપના દેહભુવનમાં એક પણ ગ્રહ નથી. આપના બીજા સ્થાને મંગળ બીરાજેલ છે. આપના ધન સ્થાનના સ્વામી આપના પંચમ સ્થાને સૂર્ય, બુધ્ધની યુતિમાં છે. આપના ત્રીજા સ્થાને શુક્ર અને કેતુ બિરાજેલ છે. આપના ત્રીજા સ્થાનનો સ્વામી જે પંચમ સ્થાને ચંદ્ર અને બુધની યુતિમાં બીરાજેલ છે. આપના ચોથા સ્થાને શુક્ર બીરાજેલ છે. આપના ચોથા સ્થાનો સ્વામી જે આપના રાશિધિપતિ પણ છે. જે આપના પંચમ સ્થાને સૂર્ય, ચંદ્રની સાથે બીરાજેલ છે. આપના વિદ્યાભુવનમાં સૂર્ય ચંદ્ર અને બુધની યુતિ છે. આપના વિદ્યાભુવનનો સ્વામી શુક્ર જે આપના વ્યય સ્થાનનો સ્વામી છે તે આપના ચતુર્થ સ્થાને બીરાજેલ છે. આપના શત્રુસ્થાન તેમજ સાતમ સ્થાન વર્ષારંભે ખાલી છે. આપના શત્રુસ્થાનનો સ્વામી જે આપના લાભ સ્થાનનો પણ સ્વામી બને છે તે આપના બીજા સ્થાને બીરાજેલ છે. આપના સપ્તમ સ્થાન અને ભાગ્ય ભુવનનો સ્વામી જે કર્મ સ્થાને બીરાજે છે. આપના ભાગ્યભુવનમાં રાહુ મહારાજ બીરાજેલ છે. આપના કર્મ સ્થાનમાં શનિદેવ બીરાજેલ છે. આપના કર્મ સ્થાનનો સ્વામી આપના ત્રીજા સ્થાને કેતુની સાથે બીરાજેલ છે. આપના લાભ સ્ગાન અને વ્યય સ્થાનમાં કોઈ જ ગ્રહ વર્ષારંભે નથી. આપના વ્યય સ્થાનનો સ્વામી શુક્ર ચોથા સ્થાને બીરાજેલ છે. જયારે લાભ સ્થાનનો સ્વામી મંગળ ધન સ્થાને બીરાજેલ છે.

વર્ષ દરમ્યાન કાયદાકીય કાગળો, કોન્ટ્રાકટ કે મેઈલના વ્યવહારોમાં બેદરકારી ન રાખવી. સોશ્યલ મીડિયાથી સાવધાન રહેવું. ઓનલાઈન ઠગાઈ કે અજાણી યોજનાઓમાં રોકાણ કરવાથી આર્થિક નુકસાન થઈ શકે છે. આપ આપની સુઝબુઝથી બુધ્ધિ ક્ષમતાથી વિદેશ સંબંધિત કામકાજ અને નેટવર્કિંગથી બીઝનેસમાં વૃધ્ધિ કરી શકશો. કોઈપણ દસ્તાવેજો કે કરાર પર સહી કરતા પહેલાં ખાસ ચકાસી લેવા કોઈ નિષ્ણાંતની સલાહ લેવી. કોઈપ લાલચથી દૂર રહેવું અને યાદ રાખવું ''-ઉદ્યમ કિયે બીના હી, મિલૈ ન ઈચ્છા સિધ્ધિ

બીના ઉદ્યમ કે સિંહ કો, મિલે ન મૃગ કી સિધ્ધિ''. માત્ર ઈચ્છાથી શોર્ટકટ પૈસા મેળવવા માટે પ્રેરાવવું નહિં, ધીરજથી કામ લેવું.

ટેરોટ કાર્ડઃ- વર્ષ દરમિયાન આપનું ટેરોટ કાર્ડ આવે છે (ધ લવર્સ / પ્રેમીઓ)નું કાર્ડ સંબંધો અને ભાગીદારી અને જીવનમાં નિર્ણયક વળાંક દર્શાવે છે. આપ જો જીવનસાથીની શોધકમાં હશો તો આ વર્ષ ખૂબ જ અનુકૂળતા વાળા રહેશે. નવી ભાગીદારી કરવા માટે પણ આ સમય ઉતમ છે. આ વર્ષ દરમિયાન તમારે મોટા નિર્ણયો લેવા પડશે જેનું મહત્વ આપના જીવનમાં હશે. આપને આપના મનની દિલની વાત સાંભળીને જ નિર્ણયો લેવા. ઉતાવળા નિર્ણયો લાંબા સમય સુધી પસ્તાવો આપી જશે. ગુસ્સાને કાબૂમાં રાખીને કાર્ય કરવું.

આર્થિક બાબતોઃ- આર્થિક દ્રષ્ટિએ મિશ્ર પરિણામો રહેશે પણ નાણા ખર્ચ રહેશે નહિં. ધન લાભ થશે ભૌતિક સુખ સુવિધ સમૃધ્ધિ વધારવા પાછળ ધન ખર્ચ રહેશે આપ આપના સાહસથી વધુ ધન લાભ મેળવી શકશો. વધુ સાહસ વધુ લાભ પણ વધુ લાલચ ન કરવી ૧૦૦ ટકા કોન્ફીડન્સ હોય અને જેમાં રોકાણ કરો છો તેનું તમને પુરતૂ જ્ઞાન હોય તો જ રીસ્ક લેવું બીજાની સલાહ સૂચનોને ધ્યાને લેવા નહીં. ઉતરાર્ધ સમય સારો રહેશે આપની સ્થિતિ સ્ટેબલ થતી જણાશે. આરોગ્ય અને મુસાફરી પાછળ અચાનક ખર્ચ આવી શકે. છે. અજાણયા વ્યક્તિઓ અને અજાણી યોજનાઓ પર નાણા રોકાણ કરશો નહીં જે ખૂબ જ નુકસાન કર્તા સાબિત થશે. આપના ગ્રહો આપને સાહસ કરવા પ્રેરશે પણ આપને ભ્રમમાં આવવું નહીં. કોઈ નાણા ઉધાર દેતા પહેલાં પરત આવે તેવી બધી જ ખાતરીઓ કરી લેવી. નહીંતર નાણા ડૂબવાની શકયતા છે. પરિવારના સભ્યો સાથે નાણાંને લઈને મતભેદો મનદુઃખમાં પરવંતે નહીં તે કાળજી રાખશો.

કૌટુંબિક બાબતોઃ- કૌટુંબિક બાબતે વિક્રમનું નવું વર્ષ મિક્ષ રહેશે. વાણી પર સંયમ રાખવો જેથી ઘરના સભ્યોમાં ઘર્ષણ ન થાય. જીવનસાથી સાથે ગેર સમજોથી દૂર રહેવું તેમનું સહકાર સારો રહેશે. જૂની વાતોને વખોણવાથી દૂર રહેવું, જે શાંત જળમાં પથ્થર ફેંકવા સમાન થશે. સંતાનોના શિક્ષણ કે કારકિર્દી ક્ષેત્રે સફળતા મળવાથી ઘરમાં ખુશીનું વાતાવરણ રહેશે. આ વર્ષ દરમિયાન સંબંધો સાચવવા માટે મહેનત કરવી પડશે. તેથી સમાયંતરે આપના કુટુંબના પ્રિયજનોને સરપ્રાઈઝ ટ્રીપ છે કે કોઈ ગીફટ છે કે અન્ય સરપ્રાઈઝીઝ આપતા રહેવું જે આપને માનસિક શાંતિ આપશે. ધાર્મિક યાત્રા પ્રવાસ થાય. પારિવારિક મિલકતમાં વૃધ્ધિ કરી શકવાના છો. આપનું ભાગ્ય આપને સાથ આપતું નથી તેવા વિચારો આવશે પરંતુ આપને આ વર્ષ થોડી મહેનત કરાવીને ફળ આપશે, તેથી નિરાશ ન થવું.

વર્ષ દરમિયાન નોકરી કે અભ્યાસ અર્થે ઘરથી દૂર જવું પડે. ટ્રાન્સફર થાય તેવા યોગ છે. મિત્રો અથવા સહકર્મી મિત્રો સાથે વારંવાર પ્રવાસ થાય. આપને મુસાફરી દરમિયાન સામાન અને કાગળોનું ખાસ ધ્યાન રાખવું આપની બેદરકારી બીજા પરનો વિશ્વાસ આપને મુશ્કેલીમાં મૂકી શકશે.

વ્યાપારીઓ અને નોકરીયાતોને માટેઃ- વર્ષ દરમિયાન કાયદાકીય કાગળો, કોન્ટ્રાકટ કે મેઈલ દ્વારાના વ્યવહારોમાં બેદરકારી ન રાખવી સમાંતરે બધુ જ ચેક કરતાં રહવું બીજાના ભરોસે ન રહેવું. આપની બુધ્ધિ ક્ષમતા આપનું નેટવર્કિંગથી બીઝનેસમાં મોટો ઉછાળો લાવી શકોશ નોકરીમાં સારૂ સ્થાન પ્રાપ્ત કરી શકશો. વ્યાપારીઓ માટે કમ્યુનિકેશન, સ્ટેશનરી, ચોપડા, પુસ્તકો, પ્રેસ, કાગળના વ્યાપારીઓને ચમત્કારીક સફળતા મળશે.

આયાત નિકાસના વેપારીથી આંતરરાષ્ટ્રીય સ્તરે ઓળખ બનશે. ઓનલાઈન પ્લેટફોર્મ અને સોશ્યલ મીડિયાનો ઉપયોગ કરવાથી ગ્રોહકોનું વર્તુળ અનેક ગણું મોટું કરી શકશો. ભાગીદારી વ્યવસાયમાં જાળવવું નવી ભાગીદારી વિચારીને કરવી.

નોકરીયાતોને નોકરમાં આપણી તીક્ષ્ણ બુધ્ધિ, વાણી, કમ્યુનિકેશન સ્કીલના આધારે ઓફીસમાં છવાઈ જશો. નવી ટેકનોલોજી નવી સ્કીલ શીખવા માટે ઉતમ વર્ષ છે. નાની નાની વસ્તુઓ પણ કાળજીપૂર્વક કરવી, જે ભવિષ્યમાં મુશ્કેલી ઉભી કરી શકે છે. સહકર્મીઓ સાથે તાલમેલ રાખવો જરૂરી રહેશે. નોકરીમાં સહી સિક્કા કરતાં પહેલાં એકવાર કાગળો ચકાસી લેવા.

સ્થાવર મિલકત બાબતોઃ- સ્થાવર મિલકત બાબતે ગ્રહો જોતા કહી શકાય કે આપને વિલ વારસાથી લાભ છે. આપને મિલકત બાબતે કોઈ કેસ ચાલતો હશે તો તેનો ચૂકાદો આપની તરફેણમાં આવશે. આપના જન્મના ગ્રહો જો મદદ કર્તા હશે તો આપ ફોન વિલરની ખરીદી કરી શકશો. વર્ષ દરમિયાન મિલકત બાબતે કોઈને ભરોસો કરવો નહીં. કાગળો જાતે જ ચકાસીને સહી સિક્કા કરવા ખાસ કરીને ટ્રાન્સફરના ડોકયુમેન્ટસ આપ આપના નામે મિલકતની ખરીદી કરો ત વધુ લાભદાયક રહેશે.

સ્વાસ્થ્ય બાબતેઃ- સ્વાસ્થ્ય બાબતે નવું વર્ષ એકંદરે સારૂં રહેશે તેમ છતાં બેદરકારી રાખવી નહીં. વર્ષની શરૂઆત થોડી નરમગરમ રહેશે. કોઈ જૂની બિમારી હોય તો તે માટેની પરેજીઓ ધ્યાન રાખીને પાળવી, નહીંતર ફરીને બિમારી ઉથલો મારે. આપના જીભના સ્વાદના અવનવા ચટકારા આપને પીત કરાવ. ધ્યાન રાખવાથી સ્વાસ્થ્યમાં સુધારો થશે અને જૂની બિમારીમાં રાહત મળશે. વર્ષ દરમિયાન સ્નાયુને લગતી તકલીફ પરેશાન કરે તેથી ભારે વજન ઉંચકવામાં ધ્યાન રાખવું. અંધશ્રધ્ધાથી દૂર રહેવું, મન પ્રફૂલ્લિત રાખવું.

મહિલાઓ માટેઃ- મહિલાઓને આ વર્ષ મિશ્ર રહેવાનું છે. આપને નવા વર્ષમાં લગ્નજીવનમાં સુમેળ રાખવો. વર્ષ દરમિયાન દલીલબાજી ટાળવી. સંતાનોની પ્રગતિ થવાની છે. આપના બુધ્ધિચાતુર્ય આપ કોઈ નવી કળામાં પારંગત થઈ શકશો. આપની વિદેશ જવાની મહત્વાકાંક્ષા પૂર્ણ થશે. ભાઈ બહેનો સાથેની ગેરસમજો ટાળવી. સ્વાસ્થ્યમાં સુધારો જણાય. તેમ છતાં વિચાર વાયુથી દૂર રહેવું. મિત્રો સાથે મતભેદો થાય. નોકરીમાં આપના ગમતા સ્થળે બદલી પ્રમોશનના યોગ છે. ખોટા ખર્ચાઓથી દૂર રહેવું બહારની અજાણી વ્યક્તિઓ પર વિશ્વાસ રાખવો નહીં. મુસાફરી વખતે જાળવવું. આપ આપના વ્યવસાયને નવી ટોચ પર લઈ જશો. આપને બહારની ખાણીપીણમાં પરેજી રાખવાની સલાહ છે. આપને વર્ષ દરમિયાન વિલ વારસો પ્રાપ્ત થવાની શકયતા છે.

વિદ્યાર્થી મિત્રો માટેઃ- વિદ્યાર્થી મિત્રો માટે આ વર્ષ સારૂ રહેશે. ભાઈબહેનો મિત્રો સાથેના મતભેદો ન મન પર ન લેતાં અભ્યાસ પર ધ્યાન કેળવવું. આપની મહેનત આ વર્ષ રંગ લાવશે. ધાર્યા પરિણામ અપાવશે. આસપાસના વાતાવરણના તાબે ન થવું. કોઈ સારી નોકરીના ચાન્સીસ પણ છે. કુટુંબની પરિસ્થિતિની ચિંતાઓથી દૂર રહેવાની કોશિષ કરવી.

★લીલા રંગનો રૂમાલ કે પેન અથવા કાંસાની કોઇ નાની વસ્તુ સાથે રાખવાથી લાભ.

સંવત ૨૦૮૩-૮૪ના ધનાર્ક-મીનાર્ક તેમજ ગુરૂ-શુક્રના લોપ-દર્શન

ધનાર્કઃ (૧) બુધવાર તા. ૧૯-૧૨-૨૦૨૬ સ્ટા.ટા. ૧૦-૨૫થી ગુરૂવાર તા. ૧૪-૦૧-૨૦૨૭ સ્ય.ટય. ૨૧-૧૧ સુધી (૩) ગુરૂવાર તા. ૧૯-૧૨-૨૦૨૭ સ્ટા. ટા. ૧૯-૩૯ થી શુક્રવાર તા. ૧૪-૦૧-૨૦૨૮ સ્ટા. ટા. ૨૭-૨૪ સુધી.

હોળાષ્ટઃ (૧) સોમવાર તા. ૧૫-૦૩-૨૦૨૭સ્ટા. ય. ૧૦-૫૨ થી સોમવાર તા. ૨૨-૦૩-૨૦૨૭ સ્ય.ટય. ૧૯-૧૫ સુધી (૨) શુક્રવાર તા.૦૩-૦૩-૨૦૨૮ સ્ટા.ટા. ૨૯-૪૪ થી શુક્રવાર તા. ૧૦-૦૩-૨૦૨૮ સ્ય.ટા.૩૦-૩૭ સુધી.

મીનાર્ક : (૧) સોમવાર તા. ૧૫-૦૩-૨૦૨૭ સ્ટા, ટા. ૦૭-૦૧ થી બુધવાર તા. ૧૪-૦૪-૨૦૨૭સ્ટા.ટા. ૧૫-૨૯ સુધી (૨) મંગળવાર તા. ૧૪-૦૩-૨૦૨૮ સ્ટા.ટા. ૧૩-૧૬ થી વર્ષાન્ત સુધી.

ગુરૂ લોપ : (૧) મંગળવાર તા. ૧૭-૦૮-૨૦૨૭ થી શનિવાર તા. ૧૧-૦૯-૨૦૨૭ સુધી

શુક્ર લોપ : (૧) બુધવાર તા. ૨૧-૦૭-૨૦૨૭ થી સોમવાર તા.૦૯-૦૯-૨૦૨૭ સુધી

ગુરૂ સિંહમાંઃ (૧) શનિવાર તા.૩૧-૧૦-૨૦૨૬ સ્ટા.થ. ૧૨-૦૨ થી રવિવાર તા. ૨૪-૦૧-૨૦૨૭ સ્ટા. ય. ૨૫-૩૩ સુધી

વક્રી ગુરૂ કર્કમાંઃ (૧) રવિવાર તા. ૨૪-૦૧-૨૦૨૭સ્ટા.ટા. ૨૫-૩૩ થી શુક્રવાર તા. ૨૫-૦૬-૨૦૨૭ સ્ટા. ય. ૨૯-૨૧ સુધી


ગુરૂ સિહમાં : શુક્રવાર તા.૨૫-૦૯-૨૦૨૭સ્ય. ય.૨૯-૨૧થી શુક્રવાર તા. ૨૯-૧૧-૨૦૨૭ સ્ટા. ય.૧૮-૪૪ સુધી

ગુરુ કન્યામાંઃ શુક્રવાર તા. ૨૯-૧૧-૨૦૨૭ સ્ટા. ટા.૧૮-૪૪ થી સોમવાર તા.૨૮-૦૨-૨૦૨૮ સ્ટા. ટા. ૧૯-૨૮ સુધી.

વિક્રમ સંવત ૨૦૮૩ 'કાલયુક્ત સંવત્સર' રાશિવાર વાર્ષિક ભવિષ્ય

રાશિ નં-૪

કર્ક રાશિ (ડ.હ)





કર્ક રાશિ રાશિચક્રની ચોથી રાશિ છે. જેની રાશ્યાકૃતિ કરચલો છે. કર્ક રાશિના રાશ્યાધિપતિ ચંદ્ર છે. કર્ક રાશિમાં પુનર્વસુ નક્ષત્રનું છેલ્લું ચરણ, પુષ્ય નક્ષત્રના ચાર ચરણ અને આશ્લેષાના ચાર ચરણ આવેલ છે. જાતિ સ્ત્રી છે, સંજ્ઞા ચર છે. તત્વ જળ તત્વ છે. કર્ક રાશિના વ્યક્તિન. વ્હાઈટ, સીલ્વર, આસમાની, લાઈટ પીંક કલર છે. કર્ક રાશિના વ્યક્તિઓને તરત ગુસ્સો બહુ જ આવે છે. પ્રેમાળ હોય છે. ઈમોશનલ વ્યક્તિ હોય છે. મુસાફરી પ્રિય હોય છે.

વિક્રમ સંવતના પ્રારંભે પ્રથમ સ્થાને મંગળ મહારાજ જેને સેનાપતિની ઉપમા આપવામાં આવે છે તે મંગળ મહારાજ પ્રથમ સ્થાને બીરાજેલ છે. આપના પ્રથમ સ્થાનનો સ્વામી આપના રાશ્યાધિપતિ ચોથા સ્થાને સૂર્ય બુધની યુતિમાં બીરાજેલ છે. આપના ધનસ્થાનમાં ગુરૂ અને કેતુની યુતિ છે. જ્યારે આપના ધન સ્થાનનો સ્વામી બ્રહ્માંડાધિપતિ સૂર્ય દેવ ચંદ્ર અને બુધ્ધની યુતિમાં છે. બુધ જે આપના ત્રીજા અને બારમાં સ્થાનનો સ્વામી છે. જ્યાં શુક્રદેવ બીરાજેલ છે. આપના ચોથા સ્થાના સ્વામી શુક્ર છે વે ત્રીજા સ્થાને છે. ચોથા સ્થાને સૂર્ય-ચંદ્ર બુધની યુતિ છે. જે લાભ સંસ્થાનો સ્વામી પણ બને છે. આપના પંચમ સ્થાને કોઈ જ ગ્રહ નથી. પંચમ સ્થાનનો સ્વામી પ્થમ સ્થાને બીરાજેલ છે. જે કર્મસ્થાનના સ્વામી પણ છે. આપના શત્રુ સ્થાને કોઈ જ ગ્રહ નથી. શત્રુસ્થાનનો સ્વામી આપના ભાગ્યભુવનના સ્વામી પણ છે. આપના ભાગીદારી સ્થાને કોઈ જ ગ્રહ નથી. ભાગીદારી સ્થાનના સ્વામી જે આયુષ્ય સ્થાનના સ્વામી પણ છે. જ્યાં રાહુ મહારાજ બીરાજેલ છે. આપના ભાગ્ય ભુવનમાં શનિ બિરાજેલ છે. જે આપના ભાગીદારી અને આયુષ્યસ્થાનના સ્વામી છે. આપના કર્મસ્થાને કોઈ જ ગ્રહ નથી. કર્મ સ્થાનનો સ્વામી પ્રથમ સ્થાને બીરાજેલ છે. આપના ભાગ્ય ભુવનમાં શનિ બિરાજેલ છે. જે આપના ભાગીદારી અને આયુષ્યસ્થાનના સ્વામી છે. આપના કર્મસ્થાને કોઈ જ ગ્રહ નથી. કર્મ સ્થાનનો સ્વામી પ્રથમ સ્થાને બીરાજેલ છે. આપના લાભસ્થાન સ્થાન પણ કોઈ જ ગ્રહ નથી. લાભ સ્થાનનો સ્વામી ને આપના ત્રીજા સ્થાને બીરાજેલ છે. જે આપના ચોથા સ્થાનના સ્વામી પણ છે. આપના વ્યય સ્થાનમાં કોઈ જ ગ્રહ નથી આપના વ્યય સ્થાનનો સ્વામી આપના ચોથા સ્થાને સૂર્ય-ચંદ્રની યુતિમાં બીરાજમાન છે.

વર્ષ દરમ્યાન ધ્યાન રાખવા જેવી બાબત એ છે કે આપે આપના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું 'પહેલા સુખ નિરોગી કાયા, દુજા સુખ ઘર મે હો માયા, તીજા સુખ કુલવંતી નારી, ચૌથા સુખ હો આજ્ઞાકારી''

શરીર નિરોગી ન હોય તો અબજો રૂપિયા પણ નકામા બની જાય છે. ધન કમાવવાની ઘેલછામાં વ્યક્તિ પોતાની જાત ઘસી નાખે છે. જે સાચુ ધન તેમને ઈશ્વર કૃપાથી મળ્યું છે. જે કરોડો આપવા છતાં પાછુ નહિ મલે. માનસિક તનાવ અને થાક અનુભવિક શકો છો તો જેમ બને તેમ પ્રસન્ન રહેવાની કોશીષ કરવી પૈસા પાછળ ભાગવું નહિ. આત્મવિશ્વાસમાં આવીને મોટા જોખમો કરવા નહિં. ગ્રહોના શ્રેષ્ઠ પ્રભાવથી વર્ષ દરમ્યાન લગ્ન યોગ, સંતાન પ્રાપ્તિ, માન પ્રતિષ્ઠામાં વૃધ્ધિ થશે.

ટેરોટ કાર્ડઃ આ વર્ષનું ટેરોટ કાર્ડ છે 'ધ સ્ટાર' એ આશા હિલિંગ ઈશ્વરીય કૃપાનું સૌથી સુંદર કાર્ડ છે. ગત વર્ષે કોઈ માનસિક તનાવ, સ્વાસ્થ્ય સંબંધી સમસ્યા કે અન્ય કોઈ હોય, તો આ વર્ષે તે તમામ ઘા ધીરે ધીરે રૂઝાતા જશે અને જીવનમાં નવો સૂર્યોદય થશે. અનેક આશાઓ સાથે આ સમયને ખૂબ જ આનંદપૂર્વક પોઝીટીવ રીતે પસાર કરવો. અતીતની નકારાત્મક યાદોને પકડી રાખવી નહિં, તેના બદલે વર્તમાનને સુંદર કરવા પ્રયત્નો કરવા. વધુ પડતી અપેક્ષાઓ રાખીને નિરાશ ન થવું. સર્જનાત્મક કાર્યક્ષેત્ર સાથે જોડાયેલા લોકોને કલા, સંગીત, લેખન, મીડિયા કે રચનાત્મક કક્ષાના ક્ષેત્ર સાથે જોડાયેલ લોકોના સપના પુરા થશે.

આર્થિક બાબતેઃ આર્થિક બાબતે આપનું આ વર્ષ ગુરૂ મહારાજની કૃપાની મજબૂત બનેલું છે. આપને નાણા પાછળ ન ભાગવાની ખાસ સલાહ છે. આપ તેને કુદરતને સોંપી દો તે તમને તમારા વિશ્વાસ મૂજબ આપી દેશે. આ વર્ષ આર્થિક બોજો હળવો થશે. આપના સંતાનો કે નાના ભાઈ બહેનો આર્થિક રીતે સ્વતંત્ર થઈ જશે. દેવાની ચુકવણી થઈ શકશે. આપ વર્ષ દરમ્યાન લોન પૂરી કરી શકશો. આપનું સમજદારી પૂર્વક કરેલું જૂનુ રોકાણ કે લાંબા સમયનું હતું તે આ વર્ષે લાભ અપાવશે. આવકની સરખામણીએ બચત વધુ કરી શકવાના છો. સોના-ચાંદી અથવા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ લાભ અપાવશે. આ બધુ વર્ષ દરમ્યાન ધીરજ રાખવાથી અને ફળના વિચાર કર્યા વગર સમજદારી પૂર્વક યોગ્ય કર્મ કરવાથી મળશે. પૈસા પાછળની ઘેલછાથી દૂર રહેવું.

કૌટુંબિક બાબતેઃ કૌટુંબિક બાબતે આ વર્ષ સારુ રહેશે. પરિવારમાં એકતા અને સંપ સૌહાર્દ જળવાઈ રહેશે. વડિલોના આશિર્વાદથી અને સહયોગથી આપના અટકેલા કાર્યો પૂરા થશે. દંપતિઓ વચ્ચે ગાઢ પ્રેમ રહેશે. ઘરમાં લગ્ન પ્રસંગ સંતાન પ્રાપ્તિ, સંતાનોના લગ્ન જેવા મોટા શુભ અને માંગલિક પ્રસંગોના યોગ બને છે. નાના નાના વિવાદોને હસ્તા હસ્તા આગળ વધતા રોકવા. પરિવારના સભ્યોને વિદેશ યાત્રા લાભ વાની શક્યતા છે. જીવન સાથીનો સહકાર સારો રહેશે. તેમની કુનેહ કુશળતા આપને મદદરૂપ સાબિત થશે. વડિલોની સલાહ અટકતા કાર્યોને આગળ વધવા નવી દિશા દેખાડશે. તેથી કાંઈ કૌટુંબિક નિર્ણયો લેતા પહેલા તેમની સાથે વિચાર વિમર્શ કરવો વડિલોની સલાહ લેવી જે મદદરૂપ થશે.

વર્ષ દરમયાન આપને ત્યાં મોટા અનુષ્ઠાનો તીર્થ યાત્રા, ધજા ચડાવવા જેવા શુભ કાર્યો થશે જેના માટે યાત્રા મુસાફરી થાય. તેનાથી આર્થિક તેમજ માનસિક શાંતિની અનુભૂતિ થશે. આ સમય આપની કારકિર્દી માટે મહત્વનો રહેશે. આપના જન્મના ગ્રહો પણ બળવાન હશે તો વિદેશ યાત્રા કે સારી નોકરી-પ્રમોશન મલશે.

વ્યાપારીઓ અને નોકરીયાતો માટેઃ નવા વર્ષ દરમ્યાન વધારે પડતા આત્મવિશ્વાસમાં આવીને ક્ષમતા કરવા વધારે જોલમ ન લેવું વધુ કાર્યભાર વધુ આત્મવિશ્વાસ નુકશાનકર્તા રહેશે. માનસિક તણાવ અને થાક આપના કાર્ય પર અસર કરશે. અને નફા કરતા નુકશાન કરશે. તેથી ઈશ્વર પર શ્રધ્ધા રાખીને યોગ્ય રીતે થાય તેટલી મહેનત કરીને વડીલોની સલાહથી કાર્ય કરવાથી વ્યાપાર નોકરીમાં લાભ રહેશે. પ્રવાહી પદાર્થો દૂધ, ઘી, ખાદ્ય તેલ, અનાજ ફાર્માસ્યુટિકલ (દવાઓ) અથવા હોટલ ઉદ્યોગ સાથે જોડાયેલા વેપારીઓને નફો બહુ ઉંચા સ્તરે જોવા મલશે. બજારમાં અટકેલા નાણા છુટા થશે. ધંધાનું વિસ્તરણ કરવા માટે આ વર્ષ ઉત્તમ છે. આપ આપના વ્યાપારમાં નવીનીકરણ કરવામાં સફળ થશો. આપના જન્મના ગ્રહો જો પ્રબળ હશે તો આપ આપના વ્યાપારની બીજી બ્રાંચો ખોલી શકશો, આવકમાં વૃધ્ધિ કરી શકશો.

નોકરીયાતોને ઈચ્છિત પદોન્નતિ, સન્માન અનુકુળ કાર્ય વાતાવરણની પ્રાપ્તિ થશે. અટકેલા મહત્વના પ્રજેક્ટસનો આપ આગળ વધારી શકશો. વિનમ્રતા જરૂરી રહેશે. લાલચમાં આવીને લાંચ રૂશ્વત જેવી થી દુર રહેવું. નોકરીને સાથે આપ સાઈડ બિઝનેશ કરવામાં સફળ થશો. અને આવક વૃધ્ધિ કરી શકશો નવા બિઝનેશમાં પ્રવાહ ખાદ્ય વસ્તુના વ્યાપારમાં લાભ રહેશે.

સ્થાવર મિલ્કત બાબતેઃ મિલ્કત બાબતે વિક્રમનું નવું વર્ષ સારુ રહેશે. આપને જમીન મકાનની ખરીદી કે વેચાણ માટે ઉત્તમ સમય છે. વિલવારસાગત મિલ્કતથી મોટો લાભ આ વર્ષ દેખાતો નથી. આપ આપના જીવન સાથીના નામ પર કોઈ મોટી મિલ્કત કે વાહનની ખરીદી કરી શકશોફ આપ તેમના નામેથી બિઝનેશ કરશો તો પણ લાભ મલશે. આપ આપના ઘરમાં રિનોવેશન કરાવી શકશો. ભાડુતી મકાનમાં રહેતા હશો તો ઘરના કમાન લેવાના યોગ છે.

સ્વાસ્થ્ય બાબતેઃ સ્વાસ્થ્ય બાબતે આપને કફ, શરદી પરેશાન કરે તેથી ઈન્ફેક્શન ન લાગે, ધૂળની એલર્જી ન થાય તેનું ધ્યાન રાખવું માસ્કનો ઉપયોગ કરવો. પાણીને લગતી બીમારી થાય તેથી બહારજું પાણી પીવાનું ટાળવું હંમેશા ફિલ્ટર વોટર કે ઉકાળેલું પાણી પીવું, ભાવનાત્મક રીતે વધુ વિચારોથી તનાવ રહે. કોઈની વાત મન પર ન લેવાની સલાહ છે. મનને એવી પ્રવૃતિઓ સાથે જોડાયેલ રાખો જેમાં આનંદનો અનુભવ થાય જેમ કે મ્યુઝીક, પેન્ટીંગ, ડાન્સ કે રીડીંગ જેવી કોઈ પણ પ્રવૃતિ જેમાં આપનું મન આનંદીત રહે. તેનાથી આપનું સ્વાસ્થ્ય સારુ રહેશે.


મહિલાઓને માટેઃ મહિલાઓને માટે આ વર્ષ મધ્યમ રહેશે. આપને જો ધૂળ ધુમાડાની એલર્જી હશે તો આપને પરેશાની વધશે આપને આપના ઘરમાં ફૂલછોડ વધારવાથી લાભ રહેશે. આપને મનમાં એવું થયા કરશે કે કોઈ સમજતુ નથી કે તમારી વાત ને કોઈ સમજી શકતું નથી. પરંતુ તે વાતને ધ્યાને ન લેતા મહત્વ આપતા આપને આપના કાર્ય પર ફોકસ કરવાની સલાહ છે. આપને સ્ટેશનરી કે ડ્રેસ મટીરીયલ્સના વ્યાપારથી નાણાકીય લાભ થશે. રાતના ઉજાગરાથી દૂર રહેવું આ સાથે આપને પોતાની સાજ સજાવટ શૃંગાર પર ધ્યાન આપવાથી માતા લક્ષ્મી ઘર પર પ્રસન્ન રહેશે. આપ વર્ષ દરમ્યાન નોકરી કે વ્યવસાયમાં સફળ થશો. ભાઈ બહેન મિત્રોનો સહકાર સારો રહેવાનો છે. આપને જીવનસાથીનો સહકાર સારો રહેશે. ભલે તે કદાચ શબ્દોથી વ્યક્ત ન કરે પણ તેમનો સાથ મળતો રહેશે.

વિદ્યાર્થી મિત્રોને માટેઃ વિદ્યાર્થી મિત્રોને માટે આ વર્ષ સારુ રહેશે. તો આપની પ્રગતિ ખુબ જ સારી થવાની છે આપ જો રમતવીર હશો તો આપને તેમાં આગળ વધવાની તકો મલશે. આપને મેડલો મલશે. આપને નામના મલશે. સારા પરિણામ ત્યારે જ મળે છે જ્યારે મહેનત થાય છે. ગ્રહો સારા છે ચિંતિંત થઈને બેસવાથી પરિણામ મળશે નહિ. આપ માતા પિતાને આર્થિક મદદ કરી શકશો. ઉચ્ચ અભ્યાસ માટે ગમતી શાળા કોલેજમાં પ્રવેશ મેળવી શકશો.

★ચાંદીની ડબ્બીમાં ચોખ્ખુ પાણી અથવા સાચા મોતીની અંગૂઠી કે મોતી સાથે રાખવું.

રાશિ નં-૫

સિંહ રાશિ (મ.ટ)





સિંહ રાશિ રાશિ ચક્રની પાંચમી રાશિ છે. જેની રાશ્યાકૃતિ સિંહ છે. રાશ્યાધિપતિ સૂર્ય છે. મઘા નક્ષત્રના ચાર ચરણ, પૂર્વાફાલ્ગુનીના ચાર ચરણ, ઉતરા ફાલ્ગુની નક્ષત્રનું એક ચરણ સમાયેલ છે. તત્વ અગ્નિ છે. દિશા પૂર્વ છે. સ્થિર સંજ્ઞાના વ્યકિત અને પુરૂષ જાતિની હોય છે. આ રાશિના વ્યકિતઓ બાહોસ, પરાક્રમી નેતૃત્વ શકિત ધરાવનારા, સાહસી, મક્કમ વિચારોવાળા હોય છે. ક્રોધ આવતા વાર નથી લાગતી જે નેગેટીવ પોઈન્ટ છે. તેમના માટે યલો કલર, ગોલ્ડન કલર શુભ રહેશે.

વિક્રમ સંવતના પ્રારંભે આપના પ્રથમ સ્થાને કેતુ અને ગુરૂ બિરાજે છે. આપના પ્રથમ સ્થાનનો સ્વામી જે આપના ત્રીજા સ્થાને ચંદ્ર-બુધની સાથે યુતિ છે. આપના બીજા સ્થાને શુક્રની હાજરી છે. આપના બીજા સ્થાનનો સ્વામી જે આપના પરાક્રમ સ્થાને સૂર્ય ચંદ્રની યુતિમાં બિરાજે છે. આપના પરાક્રમ સ્થાનનો સ્વામી શુક્ર જે આપના ધન સ્થાનનો સ્વામી બુધ છે ત્યાં બીરાજેલ છે. આપના સુખ સ્થાને વર્ષારંભે કોઈ જ ગ્રહ નથી. વિદ્યાભુવનમાં પણ વર્ષારંભે કોઈ ગ્રહ નથી. આપના શત્રુ સ્થાને પણ કોઈ જ ગ્રહ નથી. જયારે આપના સાતમ સ્થાને રાહુ મહારાજ બીરાજે છે. આપના સુખ સ્થાનો સ્વામી મંગળ આપના વ્યય સ્થાનને શોભાવે છે. આપના વિદ્યાભુવનો સ્વામી કેતુ સાથે પ્રથમ સ્થાને બીરાજે છે. જે આયુષ્ય સ્થાનનો સ્વામી પણ છે. આપના શત્રુ સ્થાનનો સ્વામી જે સાતમ સ્થાનો સ્વામી પણ છે તે આયુષ્ય સ્થાને બીરાજેલ છે. આપના આયુષ્ય સ્થાનનો સ્વામી ગુરૂ પહેલા સ્થાને બીરાજમાન છે. આપના ભાગ્ય ભુવનમાં વર્ષારંભે કોઈજ ગ્રહ નથી. આપના ભાગ્ય ભુવનનો સ્વામી મંગળ બારમા સ્થાને ચોથા સ્થાનના સ્વામી પણ બને છે. આપના કર્મસ્થાનમાં વર્ષારંભે કોઈ જ ગ્રહ નથી. તેમજ લાભસ્થાન પણ વર્ષારંભે કોઈ ગ્રહ નથી. આપના કર્મસ્થાનનો સ્વામી ધન સ્થાને બીરાજે છે. જે ત્રીજા સ્થાનનો પણ સ્વામી છે. લાભ સ્થાનો સ્વામી જે આપના બીજા સ્થાનનો પણ સ્વામી છે. તે પરાક્રમ સ્થાને ચંદ્ર-સૂર્યની યુતિમાં છે. આપના વ્યયસ્થાનમાં મંગળ મહારાજ બીરાજેલ છે. આપના વ્યય સ્થાનનો સ્વામી ત્રીજા સ્થાને બીરાજેલ છે. જેમાં સૂર્ય ચદ્ર સાથે યુતિ છે.

વર્ષ દરમ્યાન આપને અહંકારથી દૂર રહેવાની ખાસ સલાહ છે. દરેક વ્યકિત હોદામાં નાની હોય કે મોટી સમાન વ્યવહાર કરવો. ''રહિમન દેખી બડેન કો, લઘુ ન દીજીયે ડારી, જહાં કામ સુઇ કરે, તરવારિ કરે ન કારિ'' એટલે તલવારનું જેટલું મહત્વ છે તેટલું જ સોંઈનું મહત્વ છે. કોઈપણ વ્યકિતને તુચ્છ ન સમજવી. આપને ઘર, ઓફિસ, વ્યવસાય દરેક સ્થળે મહત્વનો મુદો છે. કૌટુંબિક બાબતોમાં આપનું કઠોર વલણ આપના નજીકના સબંધોમાં અંતર લાવી શકે છે. સરકારી ક્ષેત્રે સફળતા, બિઝનેશ અને લીડરશીપ ક્ષેત્રે નામના મેળવશો. આગવું સ્થાન પ્રાપ્ત કરી શકશો. દરેક વ્યકિતને સાથે લઈને આગળ ચાલવું.

ટેરોટ કાર્ડ - આ વર્ષનું આપનું ટેરોટ કાર્ડ છે - ''ધ સ્ટ્રેન્થ'' આંતરિક શક્તિઓનું કાર્ડ છે. આપના બધાજ કાર્યોની સૂઝબૂઝથી સફળતા તરફ આપને દોરી જશે. તમારી વાસ્તવિક તાકાત શારિરીક બળમાં નહિં પરંતુ તમારા આંતરિક મનોબળ અને ધીરજમાં છે. આ વર્ષે તમારા જીવનમાં મુશ્કેલ પરિસ્થિતિઓ વિરોધીઓ આવશે પરંતુ આપની બુદ્ધિ ચાતુર્ય, કોમળતા અને સંયમથી કઠિન પરિસ્થિતિઓને તમારા પક્ષમાં ફેરવી દેશો. નોકરી વ્યવસાયમાં આપની પ્રગતિ થવાની છે. નોકરી પ્રશંસા સાથે પ્રમોશન મળી શકે છે. ખાસ સાવચેતી ક્રોધ, અહંકાર અને ગુસ્સા પર કાબુ રાખવો ખૂબ જ જરુરી છે. બનેલી બાજી બગડવા ન દેશો.

આર્થિક બાબતે - આર્થિક બાબતે વિક્રમનું નવું વર્ષ ખૂબ જ સારું રહેશે. આપે ન ધારેલ સુખ સંપતિઓનો ભોગવટો આવશે. નોકરી વ્યવસાયમાં આવકમાં પગારમાં વૃદ્ધિ થશે. ઘરમાં માંગલિક પ્રસંગો અને રિનોવેશન માટે ધન ખર્ચ થાય. પ્રોપર્ટીમાં રોકાણ માટે આ વર્ષ ઉત્તમ છે. વર્ષ દરમ્યાન માનસિક તાણથી દૂર રહેવું. જેના લીધે આપનું મન બેચેન ન રહે અને નિર્ણયો ખોટા ન લેવાય તેનું ધ્યાન રાખવું. આપની લાઈફસ્ટાઈલમાં ફેરફારો થશે અને સાથે સાથે લકઝરીયસ ચીજ વસ્તુની ખરીદી શકય બનશે. આ સાથે બચત કરવાની ખાસ સલાહ છે. ભાગ્યોદયની તક પ્રાપ્ત થશે, સાથે મહેનત પણ વધુ રહેશે. લાલચમાં આવીને અંધવિશ્વાસ તરફ દોરાશો નહીં. વિલવારસાથી લાભ રેહશે. કોઈ સબંધીનો વારસો અચાનક મળે તેવી શકયતા છે. ઉધારી લેતીદેતીમાં ધ્યાન રાખવું.

કૌટુંબિક બાબતે - કૌટુંબિક બાબતે ઘરમાં ઉત્સાહ અને આનંદનું વાતાવરણ રહેશે. કૌટુંબિક જવાબદારીઓ વધી શકવાની છે. જીવનસાથીની લાગણીઓનું સન્માન કરવું. ભાઈ બહેનો સાથે ગાઢ સબંધો રહેશે. નવા વાહન કે મકાન દુકાન કોઈ પ્રોપર્ટીની ખરીદીથી પરિવારમાં ખુશાલી વધશે. આપના કુટુંબમાં વૃદ્ધિ થવાની છે. માનમોભા, પ્રતિષ્ઠત મિત્રો જે જુના મિત્રો છે અને ઘણા સમયથી મળ્યા નથી, તેની મુલાકાત થશે. કોઈ જુનું મોટું ટેન્શન આ વર્ષ દરમ્યાન દૂર થશે. વડિલોનો સહકાર સારો રહેશે. સંતાનો અંગેની ચિંતાથી દૂર રહેવાની ખાસ સલાહ છે. સંતાનો અભ્યાસ કે લગ્ન બાબતે આપનાથી ઘરથી દૂર થાય તેવી શકયતા છે.

વર્ષ દરમ્યાન આપને હળવી મુસાફરી કરવાની સલાહ છે. લાંબી મુસાફરીના સાધનો ટાળવા હિતાવહ રહેશે. દૂર સ્થળોએ ઓછા સમયમાં પહોંચી શકો તેવા સાધનોનો ઉપયોગ કરવો. અથવા તો ટુંકા-ટુંકા કટકે-કટકે રોકાઈને આગળ વધો. પ્રવાસ દરમ્યાન સ્વાસ્થ્ય જાળવવું. ખર્ચ પર કાબુ રાખવો. વિદેશ વેપાર કે પીઆર માટે અરજી કરવાથી લાભ.

વ્યાપારી અને નોકરીયાતોને માટે - વર્ષ દરમ્યાન આપને અહંકારથી દૂર રહેવું. ઘરમાં ઓફિસમાં વડિલો અને બોસ સાથે ઈગો, કલેસ ન થાય તેનું ધ્યાન રાખવું. સરકારી કાર્યોમાં સફળતા, નવા બિઝનેશ કે પ્રોડકટ લોન્ચીંગ, લીડરશીપ માટે ઉત્તમ સમય છે. વ્યાપારીઓ માટે સરકારી કોન્ટ્રાકટસ, સાના, ચાંદીના ઝવેરાત, સોલાર પેનલ/પાવર અને પ્રીમિયમ બ્રાન્ડેડ પ્રોડકટસનો વેપાર કરનારાઓને અકલ્પનીય સફળતા મળશે. બજારમાં તમારી શાખ અને પ્રતિષ્ઠા શિખર સર કરશે. તમારા નિર્ણયો દ્રઢ બનશે. પ્રતિસ્પર્ધીઓથી આગળ વધશો. આપનું માર્કેટીંગ પાછળ કરેલ ખર્ચ આપને વર્ષ દરમ્યાન સારો લાભ અપાવશે.

નોકરીયાત વર્ગને માટે આ વર્ષ સરકારી નોકરી, ઉચ્ચ પદ હાંસલ કરવા માટે ઉત્તમ છે. આપને સર્વોચ્ચ પદ, માન-પ્રતિષ્ઠા મેળવવા માટેની આપની મહેનત રંગ લાવશે. આપનું વર્તન આપનું વર્ષ અને આપની કારકિર્દી માટે કેવું રહેશે તે નક્કી કરશે. વધુ સેલેરીની લાલચમાં આવીને નોકરીમાં ફેરફારો કરવા નહીં, નોકરી મુકી દેવાની ઈચ્છા થઈ શકે છે પણ મુશ્કેલીઓથી હારવું નહીં. સફળતા તમારી નજીક જ છે. નમ્રતા અને મધુર વાણી આપની મોટી તાકાત બનશે. આપની લીડરશીપની સરાહના થશે.

સ્થાવર મિલ્કત બાબતે - સ્થાવર મિલ્કત બાબતે વિક્રમનું નવુ વર્ષ સારું રહેવાનું છે. સ્થાવર મિલ્કતથી લાભ થશે. વિલવારસાની મિલ્કત મેળવવામાં સફળતા મળશે. કોર્ટ કેસ ચાલતા હશે તો તેમાં પણ સફળ થશો. આપ આપની જન્મભૂમિ તરફ સારો એવો લાભ થશે. આપને ત્યાંનું ખેંચાણ વધશે. આપને લેખીત દસ્તાવેજો અને જામીનગીરીથી દૂર રહેવાનું છે. ભાગીદારી ધંધા માટે સ્થાવર મિલ્કતના રોકાણથી લાભ થશે.

સ્વાસ્થ્ય બાબતે - સ્વાસ્થ્ય બાબતે વર્ષ દરમ્યાન વ્યાયામ અને યોગા એકસસાઈઝ પર ધ્યાન આપવું. પીઠનો દુઃખાવો, પિત્તપ્રકોપ, એસીડીટી પરેશાન કરે. સૂર્યોદય સમયે સૂર્ય નમસ્કાર કરવા. સૂર્યનો પ્રકાશ આપના માટે ઉત્તમ ઔષધી છે. જે આપને જીવન ઉર્જાથી પૂરી પાડશે. ગુસ્સાથી દૂર રહેવું જે આપને મુશ્કેલીમાં મૂકી શકે છે. બ્લડ પ્રેશરના દર્દીએ સાવધ રહેવું. વધુ પડતો ભાર ઉચકવાથી દૂર રહેવું. વેઈટલોસ માટેનો આપનો ગોલ આપ વર્ષ દરમ્યાન પૂર્ણ કરી શકશો.

મહિલાઓ માટે - વિક્રમનું નવું વર્ષ મહિલાઓને માટ સારું રહેશે. સ્વાસ્થ્યને લઈને બેદરકારી બિલકુલ રાખવી નહિં. માનસિક તનાવ, વિચાર વાયુ રહે, જેની અસર આપના સ્વાસ્થ્ય પર પડે. યોગા મેડિટેશન અને આપને ગમતી કોઈ હોબી નિયમિતપણે કરવાથી ડિપ્રેશનથી દૂર રહી શકશો. આપનું મન આધ્યાત્મ તરફ વધુ થઈ શકે છે. આપ વર્ષ દરમ્યાન આપની મનગમતી જવેલરી કે કોઈ ચીજવસ્તુ ખરીદી શકો છો. આપને આપનું મિત્ર વર્તુળ વધારવાની સલાહ છે. આપને આપનો શંકાશિલ સ્વભાવને દૂર રાખવો. ઘરમાં માંગલિક, ધાર્મિક પ્રસંગો યોજાય. આપને આપના માવતરના ગામ શહેર અને તેના લોકોથી ભાઈ બહેનો માતા પિતાથી કોઈ ખાસ લાભ રહેશે. નોકરીમાં માન અને હોદો વધશે. સંતાનોને અભ્યાસમાં સફળતા, આપ અભ્યાસ કરતા હશો તો આપને સફળતા મળશે.

વિદ્યાર્થી મિત્રોને માટે - વિદ્યાર્થી મિત્રોને આ વર્ષ સારુ રહેશે. આપને આ વર્ષ મનને એક જ લક્ષ્ય તરફ લઈ જવાનું છે અને એકલવ્યની જેમ બનવાનું છે, તો જ સફળ થશો. વ્યસની મિત્રોથી દૂર રહેવું, લગ્ન યોગ ઉભા થઈ શકે છે. ઈન્જીનીયરીંગ કે સાયન્સની લાઈન સાથે જોડાયેલા મિત્રોને સારુ પરિણામ મળશે. કોમ્પ્યુટર લાઈનથી વિશેષ લાભ રહેશે.

★ તાંબાનો સિક્કો ઘઉંના કે મસૂરની દાળના દાણા કપડાંમાં બાંધીને રાખવા. કેસરનું તીલક કરવાથી લાભ.

શનિ મીન રાશિમાં

વિ.સં. ૨૦૮૧ ફાગણ વદ-૩૦ શનિવાર તા. ૨૯-૦૩- ૨૫ના રાત્રે ૨૧ ક. ૪૦ મિ. એટલે કે રાત્રે ૦૯ ક. ૪૦ મિ. શનિ મીન રાશિમાં પ્રવેશ કરે છે. તે સમયે ચંદ્ર મીનનો છે જેથી નાની મોટી પનોતી નીચે મુજબ છે.

સિંહ રાશિ(મ,ટ):- અઢી વર્ષની નાની પનોતી લોઢાના પાયે શરૂ થશે. જે કષ્ટદાયી ગણાય. વધુ પરિશ્રમ કરાવે. આંતરિક-આર્થિક-શારીરિક તકલીફો લાવે.

ધન રાશિ (ભ,ધ,ફ,ઢ):- અઢી વર્ષની નાની પનોતી લોઢાના પાયે શરૂ થશે જે કષ્ટદાયી પસાર થાય. આર્થિક- આંતરિક-શારીરિક તકલીફો લાવે પરિશ્રમદાયક હોય, મહેનતનું ફળ ઓછું મળે.


કુંભ રાશિ (ગ,સ,શ,ષ):- સાડાસાતી પનોતીનો ત્રીજો અને છેલ્લો તબક્કો રૂપાના પાયે પગ પરથી પસાર થાય. જે આંતરિક-માનસિક-શારીરિક તકલીફો રાખે. આર્થિક લાભ થાય.

મીન રાશિ (દ,ચ,ઝ,થ):- સાડાસાતી પનોતીનો બીજો તબક્કો સોનાના પાયે છાતી પરથી પસાર થાય. જે આંતરિક-માનસિક ચિંતા ઉપજાવે. માનસિક અશાંતિ વધુ રહે. કૌટુંબિક, મનદુઃખ થાય. કષ્ટદાયક સમય પસાર થાય.

મેષ રાશિ (અ,લ,ઈ) :- સાડાસાતી પનોતીનો પ્રથમ તબક્કો લોઢાના પાયે માથા પરથી પસાર થાય. જે આંતરિક-માનસિક-શારીરિક તેમજ આર્થિક તકલીફો લાવે. શારીરિક કષ્ટ વધુ થાય.

શનિદેવની કૃપા મેળવવા રોજ હનુમાનજીના દર્શન કરવા, પક્ષીને રોજ ચણ નાખવું જરૂરીયાત વાળી વ્યકિતઓને મદદ કરવી.


પનોતીમાં સારૂ ફળ પણ મળી શકે છે.



કુમારભાઇ ગાંધી
મોબાઈલ
૭૮૭૮૧ ૭૮૭૮૩

રાશિ નં-૬

કન્યા રાશિ (પ.ઠ.ણ)





કન્યા રાશિ રાશિચક્રની છઠ્ઠી રાશિ છે. જેની રાશ્યાકૃતિ એક કન્યા છે. જેના રાશ્યાધિપતિ બુધ છે. કન્યા રાશિ પૃથ્વી તત્વ અને દ્વિવિભાવ વાળી રાશિ છે. સ્ત્રી જાતિ છે. ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રના ત્રણ ચરણ, હસ્તના ચાર અને ચિત્રાના બે ચરણ સમાયેલ છે. આ રાશિના વ્યક્તિઓ કલાપ્રેમી, આત્મવિશ્વાસી ભરપુર નવા વાતાવરણ અને વિચારોને અપનાવી લે છે. પરિવર્તનશિલ હોય છે. વધુ સંવેદનશીલ, કાળજી રાખનાર, વ્યવસ્થિત અને બુધ્ધિશાળી હોય છે. તેઓનું દરેક કાર્ય ધીરજ અને ચોક્કસાઈ વાળુ હોય છે. ગ્રીનના તમામ શેડસ તેમના લક્કી છે.

વિક્રમસંવતના પ્રારંભે દેશ ભુવનમાં ધન સ્થાનના સ્વામી શુક્ર બિરાજેલ છે. આપના દેહ ભુવનનો સ્વામી બુધ જે આપના કર્મ સ્થાનનો સ્વામી છે તે સૂર્ય ચંદ્રની યુતિમાં ધન સ્થાનમાં બીરાજે સ્થાનનો સ્વામી છે તે સૂર્ય ચંદ્રની યુતિમાં ધન સ્થાનમાં બિરાજે છે. આપના પરાક્રમસ્થાનમાં કોઈ જ ગ્રહ વર્ષારંભે નથી. પરાક્રમસ્થાનના સ્વામી લાભ સ્થાને બીરાજેલ છે. આપના સુખસ્થાન માં કોઈ જ ગૃહ વર્ષારંભે નથી. સુખસ્થાનનો સ્વામી વ્યયસ્થાને કેતુની યુતિમાં છે. સુખસ્થાનનો સ્વામી ભાગીદારી સ્થાનનો સ્વામી પણ છે. આપના પંચમ સ્થાનમાં કોઈ જ ગ્રહ નથી આપના પંચમ સ્થાનનો સ્વામી જે શત્રુસ્થાનનો પણ સ્વામી બને છે, તે શનિદેવ જેને સૂર્ય પુત્ર કહેવાય છે. તેવા ન્યાયધિશ શનિદેવ ભાગીદારી સ્થાને બીરાજેલ છે. આપના ભાગીદારી સ્થાનનો સ્વામી ગુરૂ જે આપના વ્યય સ્થાનને શોભાવે છે સાથે કેતુ પણ બિરાજેલ છે. આપના આયુષ્ય સ્થાનમાં કોઈ જ ગ્રહ નથી. તેવી જ રીતે ભાગ્યભુવનમાં પણ વર્ષારંભે કોઈ જ ગ્રહ નથી તેમજ કર્મસ્થાને પણ કોઈ જ ગ્રહ નથી. આપના આયુષ્યસ્થાનના સ્વામી લાભ સ્થાનને શોભાવે છે. આપના ભાગ્યભુવનનો સ્વામી દેહભુવનમાં બીરાજેલ છે જ્યારે આપના કર્મસ્થાનનો સ્વામી જે આપના રાશિયાધિપતિ પણ છે તે આપના ધન સ્થાને સૂર્ય-ચંદ્રની યુતિમાં બીરાજેલ છે જે આપના લાભસ્થાનનો અને આપના વ્યય સ્થાનના સ્વામી છે. આપના લાભસ્થાને મંગળ છે. જ્યારે વ્યય સ્થાને ગુરૂ કેતુ બીરાજેલ છે. આપના લાભ સ્થાનનો સ્વામી ચંદ્ર અને વ્યયસ્થાનનો સ્વામી સૂર્ય જે આપના ધન સ્થાને બીરાજેલ છે. જેની સાથે આપની રાશિના સ્વામી પણ શોભા વધારે છે.

વર્ષ દરમ્યાન સટ્ટાકીય પ્રવૃતિઓથી સાવધાન રહીને કાર્ય કરવું આપના લાંબાગાળાના નુકશાનમાં મુશ્કેલીમાં મૂકી શકે છે. સમયને ખૂબ જ મહત્વ આપવું. સમયસર કરેલું આપનું કાર્ય આપની નામના વધારે છે કલાયન્ટને ભરોસો અપાવે છે. જેનાથી આપ મહત્વના પ્રોજેક્ટ હાંસલ કરી શકશોફ વિદેશ પ્રવાસ, ઉચ્ચ અભ્યાસ અને જૂના કર્જમાં ઉધારમાં મુક્તિ મેળવશો. આ બધુ જ સુખ મેળવવા માટે યાદ રાખો 'કલ કરે સો આજ કર, આજ કરે સો અબ પલમે પરલય હોગી, બહુરી કરેગા કબ' જેથી અગત્યના કાર્યો ટાળવા નહિંફ જીવન શ્રૃણભંગી છે. ક્યારે શું થશે તેનો ખ્યાલ નથી. આળસ છોડી કાર્યોને સમય આપીને સફળતા પ્રાપ્ત કરવી.

ટેરોટ કાર્ડઃ આ વર્ષનું ટેરોટ કાર્ડ આપના માટે છે ધ હર્મિટઈ અંતમુખ યોગી). આ સમય આપના આત્મ નિરીક્ષણ અને જ્ઞાન માટે મહત્વનો છે. બાહ્ય દુનિયાની દોડધામ છોડીને પોતાના અંતરાત્માની અંદર ડોકિયુ કરવાનો સમય છે. તમે જીવનના ઉંડા રહસ્યો આભ્યત્મિકતા અને સાચા જ્ઞાનની શોધમાં આગળ વધશો. આપ કોઈપણ કાર્ય પ્લાનિંગ અને રિસર્ચની સ્ટ્રેટેજીથી વધારશો. વિદેશ અભ્યાસ કરવા જવા માટે ઉત્તમ સમય છે. પરિવારથી દૂર જઈને કોઈ કાર્ય કરશો. બહુ જ વધુ પડતા એકાંતપ્રેમી થવાથી દૂર રહેશો. મન ને હંમેશા પ્રફુલ્લિત રાખવું

આર્થિક બાબતેઃ આર્થિક બાબતે આપનું આ વર્ષ લાભદાયક રહેશે. વિદેશ સંબંધિત કામકાજ કે વ્યાપારથી મોટો આર્થિક લાભ થવાની શક્યતા છે. આપ વ્યાપાર અર્થે વિદેશ જઈ શકો. આપનું સમજદારી પૂર્વક કરેલ રોકાણ કાર્યો ઓપન લાભ અપાવશે. જમીન-મકાનના વેંચાણથી આર્થિક લાભ રહેશે. આપના મોજ શોખમાં વધારો થશે. આપનું બુધ્ધિપૂર્વકનું પ્લાનિંગ આપને લાભ અપાવે. આપનું કરેલું યોગ્ય પ્લાનિંગ સફળતાની ચાવી છે. પરફેક્ટ પ્લાનિંગ ખુબ જ સફળતા અપાવશે. ભાઈ બહેનો સાથેના નાણા વ્યવહાર લાભ અપાવશે. આપની ઘણા સમયની મહેનત આપને આ વર્ષે ખુબ સારો નાણા લાભ અપાવશે.

કૌટુંબિક બાબતેઃ કૌટુંબિક દ્રષ્ટિએ વર્ષ સામાન્ય રહેશે. કેટલીક વાર નાની નાની બાબતોમાં મનભેદ થઈ શકે છે. સંતાનોની ચિંતા દૂર થશે. જીવન સાથી સાથે કોઈ વાત પર મતભેદ થાય તો શાંતિ થી ઉકેલ લાવવો. ધાર્મિક યાત્રા તિર્થસ્થળની મુલાકાત માટે પરિવાર સાથે જવાનો પ્લાન બનશે. સંબંભીઓ અને સ્નેહી મિત્રોનો સાથ સહકાર સારો રહેવાનો છે. સંતાનો અંગેના પ્રશ્નો સોલ્વ થશે. ભાઈ બહેનો સાથેના મતભેદો દૂર થશે. વિલવારસાના પ્રશ્નોમાં યોગ્ય નિર્ણય આવે, તેમ છતા જૂની વાતો ઉખેડવી નહિ જેના લીધે મતભેદ ઉભા ન થાય તે વાતનું ખાસ ધ્યાન રાખવું. વર્ષ દરમ્યાન આપને કોઈ અજાણી વ્યક્તિથી અચાનક મુલાકાત અને અચાનક લાભ થશે.

નવા વર્ષ દરમ્યાન ગોચર ગ્રહો આપને વિદેશયોગ અત્યંત પ્રબળ બનાવે છે. વિઝા સંબંધિત અડચણો દૂર થશે. એકાંત યાત્રા વિદેશ પ્રવાસ આત્મશાંતિ માટેના પ્રવાસ કરવાથી લાભ. આપના જન્મના ગ્રહો પ્રબળ હશે તો અચૂક વિદેશયાત્રા થશે.

વ્યાપારી અને નોકરીયાતોને માટેઃ વર્ષ દરમ્યાન ટૂંકા રસ્તે પૈસા કમાવવાની ઈચ્છા લાલચથી દુર રહેવું. સમયને ખુબ જ માન આપવું. સમયસર કામ પુરુ ન કરવાથી હાથમાંથી મહત્વના પ્રોજેક્ટ કે ક્લાયન્ટ નીકળી શકે છે. તે વાત ધ્યાને રાખવી. જૂના કર્જ કે ઉધારમાંથી મુક્તિ મેળવશો અને નવો વ્યાપાર શરૂ કરી શકવાના છો. આપની ઝીણવટ ભરેલી ગણતરીઓ કરવાની કલા આપને ઉપયોગી થશે.

કરિયાણાના જથ્થાબંધના વ્યાપાર, અનાજ કઠોળ, કેમિકલ્સ, ડાઈસ કલરના વ્યાપારીઓને આ વર્ષ ખુબ જ સારો લાભ થશે. વિદેશ કંપનીઓ સાથેના સોદાથી મોટો આર્થિક ફાયદો થશે. વ્યાપારમાં વૃધ્ધિને લઈને આપની આર્થિક સ્થિતિ મજબૂત થશે. વ્યાપારના નવા સ્ત્રોત ઉભા કરી શકશો. વ્યાપાર સાથે આપની નોકરીની ઈચ્છા ફળશે. આપના સંતાનો આપના વ્યાપારમાં જોડાશે. જેનાથી વ્યાપારમાં વધુ હેલ્થ મલશે. અને તેનાથી પરિવારમાં સુમેળ વધશે.

નોકરીયાતોને વિદેશ જવાની, વિદેશના પ્રોજેક્ટસ પર કામો કરવાની કે વિદેશી કંપનીમાં નોકરી મળવાની ઉત્તમ તક સર્જાશે. જો તમે તમારા કામનું નિયમિત આત્મનિરીક્ષણ કરશો તો ભૂલો થવાની સંભાવના નહિવત થઈ જશે. સીએ, ઓડિટર્સ અને કન્સલટન્ટસ માટે આ વર્ષ સોના સમાન સાબિત થશે. આપ અનેક ગુથ્થીઓને સૂલઝાવી શકશો. આપને કોઈપણ વાત કરવામાં નિર્ણય પર આવવામાં ઉતાવળ ન કરવી.

સ્થાવર મિલ્કત બાબતેઃ સ્થાવર મિલ્કત બાબતે નવું વર્ષ સામાન્ય રહેશે. વર્ષ દરમ્યાન મલતા લાભ કોઈ કારણોસર ઢીલમાં જતાં લાગશે. વાણીમાં માધુર્ય અને ગુસ્સા પર કાબુ રાખવાની સલાહ છે. વર્ષના અંતે આપની મિલ્કતના ભાવ વધશે અને તેની સારી કિંમત આવશે. જૂના ફ્લેટ, ઓફિસ, મકાનમાં રિનોવેશન નવીનીકરણ કરાવી શકશો. આ ખર્ચ થી આપને ઘણો ફાયદો થશે.

સ્વાસ્થ્ય બાબતેઃ સ્વાસ્થ્ય બાબતે આપનું આ વર્ષ સારુ રહેશે. પરંતુ નાની નાની ચિંતાઓને મોટુ સ્વરૂપ ન આપવું અને માનસિક તાણથી દુર રહેવું જે અનિદ્રાનું કારણ બને છે. અને આપના પાંચનને પણ અસર કરે છે. આંતરડા, વાયુ અને ગેસની તકલીફ રહે. નાની નાની વાતમાં ડરવાથી બચવું ખોરાક સમય સર લેવો. સાત્વિક, આરોગ્ય વર્ધક અને ફાઈબર યુક્ત ખોરાક લેવા શરીરને ઉર્જાવાન રાખશો. આંખને લગતી તકલીફ રહે. વર્ષના અંતે સ્વાસ્થ્યને લગતી કોઈ મુશ્કેલીઓ હશે તો તે દૂર થશે.

મહિલાઓ માટેઃ વિક્રમનું નવું વર્ષ સામાન્ય રહેશે. આપ આપના સંતાનોના આચાર વિચારથી થોડા પરેશાન રહો. આપ નવા વર્ષ દરમ્યાન નવો બીઝનેશ ચાલુ કરી શકશો. એકંદરે વર્ષ હર્ષોલ્લાસ વાળુ રહેશે. આપની કૌટુંબિક જવાદારીઓ વધવાની છે જેને આપ સારી રીતે નિભાવી શકશો. પરંતુ આપને ઘર ઓફિસ કે વ્યાપારના કાર્યોમાં બેલેન્સ રાખવા માટે સંઘર્ષ રહેશે. પરંતુ સફળતા ચોક્કસ પણે મલશે. સ્વાસ્થ્ય નરમ ગરમ રહેશે. પરંતુ સફળતા ચોક્કસ પણ મલશે. જીવનસાથીનો સહકાર સારો રહેશે. જીવનના કાર્યો સાથે આરામને પણ એટલું જ મહત્વ આપવું. આપને મનગમતા સ્થળે ફરવા જવાની ઈચ્છા આ વર્ષ દરમ્યાન પૂર્ણ થશે કે કોઈ ધાર્મિક સ્થળની યાત્રાની ઈચ્છા પૂર્ણ થશે. વાહન ચલાવવામાં ઉતાવળ કરવી નહિં. નાની નાની ઈજાઓ કે દાઝવાની શક્યતા છે. આપને આપના કુટુંબનો સાથ સહકાર ખૂબ જ સારો રહેશે. તેના થકી આપની માન પ્રતિષ્ઠા વધશે. આપના સંતાનોની પ્રગતિ થશે. અભ્યાસ નોકરી લગ્ન સંતાનો જેવા કાર્યોમાં સફળતા મલશે.

વિદ્યાર્થી મિત્રોને માટેઃ વિદ્યાર્થી મિત્રોને માટે વિક્રમનું નવું વર્ષ ખુબ જ સારુ જવાનું છે. આપને યાદ રાખવું કે '' ફોલો નો વન બટ બર્ન ફ્રોમ એવરીવન'' વિચારોને બહોળા બનાવો ક્યાંથી જ્ઞાન મલી શકે છે ત્યાંથી જ્ઞાન મેળવી લ્યો. પરિક્ષાના ફોર્મ ફી વગેરેની તારીખોનું ખાસ ધ્યાન રાખવું. વર્ષ દરમ્યાન પ્લાનિંગ પૂર્વક કાર્યો કરવાથી લાભ રહેશે.

★ લીલા મગ કપડામાં બાંધીને રાખવા લીલા કલરનું વોલેટ વાપરવું તેનાથી લાભ.

સંવત ૨૦૮૩ ગ્રહણો



(૧) પાડા કૃષ્ણ-૩૦, શનિવાર, તા.૦૬-૦૨-૨૦૨૭, ભારતીય દિનાંક : ૧૭ માઘ-૧૯૪૮. આ દિવસે મકર રાશિમાં થનાર કંકણાકૃતિ સૂર્યગ્રહણ ભારતમાં નહીં દેખાય.

૨) માઘ શુક્લ-૧૫, શનિવાર, તા. ૨૦-૦૨-૨૭ભારતીય દિનાંક : ૧ ફાલ્ગુન-૧૯૪૮. આ દિવસે સિંહ રાશિમાં થનાર માંઘ ચંદ્રગ્રહણ ભારતમાં દેખાશે.

૩) આષાઢ શુક્લ-૧૫, રવિવાર, તા. ૧૮-૦૭-૨૦૨૭, ભારતીય દિનાંક : ૨૭ આષાઢ-૧૯૪૯. આ દિવસે મકર રાશિમાં થનાર માંઘ ચંદ્રગ્રહણ ભારતમાં દેખાશે.

૬) આષાઢ કૃષ્ણ-૩૦, સોમવાર, તા.૦૨-૦૮-૨૦૨૭, ભારતીય દિનાંક : ૧૧ શ્રાવણ-૧૯૪૯. આ દિવસે કર્ક રાશિમાં થનાર ખગ્રાસ સૂર્યગ્રહણ ભારતમાં દેખાશે.

૪) શ્રાવણ શુક્લ-૧૫ મંગળવાર, તા. ૧૭-૦૮-૨૦૨૭, ભારતીય દિનાંક : ૨૬ શ્રાવણ-૧૯૪૯. આ દિવસે મકર/કુંભ રાશિમાં થનાર માંઘ ચંદ્રગ્રહણ ભારતમાં દેખાશે નહીં.

નોંધ : જે ગ્રહણ દેખાવાનું ન હોય તેમજ માંઘ ચંદ્રગ્રહણના વેધાદિ નિયમો પાળવાના નથી.

(૧) કંકણાકૃતિ સૂર્યગ્રહણ : પોષ કૃષ્ણ-૩૦, શનિવાર, તા.૦૬-૦૨-૨૦૨૭, ભારતીય દિનાંક : ૧૭ માઘ-૧૯૪૮. આ દિવસે મકર રાશિમાં થનાર આ કંકણાકૃતિ સૂર્યગ્રહણ ભારતમાં દેખાશે નહીં. તેનો દોષ લાગશે નહીં અને તેના વેધાદિ નિયમો મળવાના નથી.

ભૂમંડલે ખગોલિક ચમત્કૃતિ તા.૦૬-૦૨-૨૦૨૭
ખગોલિક ચમત્કૃતિ - ભારતીય સ્ટાં.ટા. ક.-મિ.-સે.
ભૂમંડલે ગ્રહણ સ્પર્શ - ૧૮ - ૨૭ - ૩૬
ભૂમંડલે ગ્રહણ સંમીલન - ૧૯ - ૩૩ - ૫૮
ભૂમંડલે ગ્રહણ મધ્ય - ૨૧ - ૩૦ - ૧૧
ભૂમંડલે ગ્રહણ ઉન્મીલન - ૨૩-૨૫-૨૬
ભૂમંડલે ગ્રહણ મોક્ષ - ૨૪ - ૩૧ - ૩૯
પરમ ગ્રાસ = ૦.૯૨૮

શનિ મેષમાં



વિ.સં.૨૦૮૩વૈશાખ વદ-૧૨ બુધવાર તા.૦૨-૦૬-૨૭ ના રાત્રે ૨૯ક. ૨૨મિ. એટલે કે તા.૦૩-૦૬-૨૭ના વહેલી સવારે ૦૫ક. ૧૧મિ. શનિ મેષ રાશિમાં પ્રવેશ કરે છે તે સમયે ચંદ્ર પણ મેષનો છે. જેથી નાની-મોટી પનોતી નીચે મુજબ છે.

નાની પનોતી

કન્યા (પ,ઠ,ણ):- અઢી વર્ષની નાની પનોતી લોઢાના પાયે શરૂ થશે. જે વધુ કષ્ટદાયક ગણાય. મહેનવ-પરિશ્રમ વધુ કરાવે. આર્થિક તેમજ આંતરિક-માનસિક તકલીફો રાખે.

મકર (ખ,જ):- અઢી વર્ષની નાની પનોતી લોઢાના પાયે શરૂ થશે. જે આંતરિક-માનસિક તેમજ આર્થિક તકલીફો વધુ રાખે. પરિશ્રમ કરવા છતાં યોગ્ય ફળ ન આપે.

મોટી પનોતી

મીન (દ,ચ,ઝ,થ):-સાડાસાથી પનોતીનો ત્રીજો અને છેલ્લે તબક્કો રૂપાના પાયે પગ પરથી પસાર થશે જે આર્થિક લાભદાયી નિવડે. આંતરિક-માનસિક તેમજ શારીરિક્ત તકલીફોથી સંભાળવું

મેષ (અ,લ,ઈ):- સાડાસાતી પનોતીનો બીજો તબક્કો સોનાના પાયે છાતી પરથી પસાર થશે જે આર્થિક શારીરિક તકલીફો લાવશે. આંતરિક-માનસિક ચિંતા ઉપજાવશે. શારીરિક કષ્ટદાયી બને.

વૃષભ (બ,વ,ઉ):- સાડાસાતી પનોતીનો પ્રથમ તબક્કો લોઢાના પાયે માથા પરથી પ્રસાર થાય. જે આંતરિક-માનસિક તેમજ શારીરિક કષ્ટોદાયી નિવડે.

વક્રી શનિ મીનમાં

વિ.સં.૨૦૮૩ અશ્વિન વદ-૫ બુધવાર તા.૨૦/૧૦/૨૭ના સવારે ૦૭ક. ૩૦મિ. વક્રી શનિ મીનમાં આવે છે. તે સમયે ચંદ્ર વૃષભનો છે જેથી નાની-મોટી પનોતી નીચે મુજબ છે.

નાની પનોતી

સિંહ (મ,ટ):- અઢી વર્ષની નાની પનોતી તાંબાના પાયે શરૂ થશે. જે મિશ્ર ફળદાયી ગણાય. આંતરિક-શારીરિક તકલીફો રાખે.

ધન (ભ,ધ,ફ,ઢ):- અઢી વર્ષની નાની પનોતી સોનાના પાયે શરૂ થશે. જે આર્થિક તેમજ આંતરિક તબલીફો રાખે. માનસિક ટેન્શનો રહે.

મોટી પનોતી

કુંભ (ગ,સ,શ,ષ):- સાડાસાતી પનોતીનો ત્રીજો તબક્કો લોઢાના પાયે પગ પરથી પસાર થાય. જે આંતરિક-માનસિક તેમજ શારીરિક તકલીફો રાખે.


મીન (દ,ચ,ઝ,થ):- સાડાસાતી પનોતીનો બીજો તબક્કો લોઢાના પાયે પગ પરથી પસાર થાય. જે આંતરિક-માનસિક તેમજ શારીરિક તકલીફો રાખે.


મેષ (અ,લ,ઈ):- સાડાસાતી પનોીનો પ્રથમ તબક્કો રૂપાના પાયે માથા પરથી પસાર થાય. જે આંતરિક-માનસિક અશાંતિ રાખે. આર્થિક લાભદાયી નિવડે.

વિક્રમ સંવત ૨૦૮૩ 'કાલયુકત સંવત્સર' રાશિવાર વાર્ષિક ભવિષ્ય

રાશિ નં-૭

તુલા રાશિ (ર.ત)





તુલા રાશિ રાશિચક્રની સાતમી રાશિ છે. તુલા રાશિની રાશ્યાકૃતિ ત્રાજવું છે અને રાશ્યાધિપતિ શુક્ર છે. તુલા રાશિમાં ચિત્રા નક્ષત્રના બે ચરણ, સ્વાતિના ચાર અને વિશાખાના ત્રણ ચરણનો સમાવેશ થાય છે. તુલા રાશિની સંજ્ઞાચર છે. દિશા પશ્ચિમ છે. વાયુતત્વવાળી રાશિ છે. તુલા રાશિના વ્યક્તિઓ તેમની રાશ્યાકૃતિ મુજબ હંમેશા બેલેન્સથી ચાલે છે. સૌદર્ય કલા પ્રત્યે લગાવ હોય છે. પીંક કલર અને વ્હાઈટ કલર તેમને બહુ જ લાભ દાયક છે.

વિક્રમ સંવતના પ્રારંભે આપના દેહભુવનમાં સૂર્યદેવ, ચંદ્ર અને બુધ્ધની હાજરી છે. આપના દેહભુવનનલ સ્વામી જે આપનો રાશ્યાધિપતિ છે તે આપના વ્યય સ્થાને બિરાજે છે જે આપના અષ્ટમ સ્થાનનો પણ સ્વામી છે. આપના ધનસ્થાનમાં કોઈ જ ગ્રહ નથી આપના ધન સ્થાનનો સ્વામી આપના કર્મ સ્થાને બિરાજેલ છે જે ચંદ્રની રાશિ છે. આપના ધન સ્થાનનો સ્વામી આપનો સપ્તમભાવનો સ્વામી છે. આપના ત્રીજા સ્થાને વર્ષારંભે કોઈ જ ગ્રહ નથી. આપના ત્રીજા સ્થાનનો સ્વામી ગુરૂ જે આપના લાભ સ્થાને કેતુની સાથે યુતિમાં છે. આપના સુખ સ્થાનમાં પણ વર્ષારંભે કોઈ જ ગ્રહ નથી જ્યારે આપના પંચમ સ્થાને રાહુ બિરાજેલ છે. જે આપના સુખસ્થાન અને વિદ્યાભવનનો સ્વામી એક જ છે. જે આપના શત્રુસ્થાને બિરાજે છે. આપના શત્રુસ્થાને શનિ દેવ બિરાજેલ છે. જે ગુરૂની રાશિનું ગ્રહ છે. આપના ભાગીદારી સ્ગાનમાં વર્ષારંભે કોઈ જ ગ્રહ નથી આપના ભાગીદારી સ્થાનનો સ્વામી મંગળ જે આપના કર્મસ્થાને બીરાજેલ છે. જે આપના ધનસ્થાનનો સ્વામી પણ છે. આપના આયુષ્યસ્થાને વર્ષારંભે કોઈ જ ગ્રહ નથી, જ્યારે ભાગ્યભુવનનો સ્વામી દેહભુવનમાં સૂર્ય ચંદ્રની યુતિમાં બીરાજેલ છે. આપના કર્મસ્થાને મંગળ મહારાજ બીરાજેલ છે. જ્યાં તે લક્ષ્મી યોગનું ફળ આપે છે. જેના સ્વામી દેહભુવનમાં સૂર્ય-બુધની યુતિમાં છે તેવી જ રીતે વ્યય સ્થાને શુક્ર બિરાજેલ છે. આપના વ્યયસ્થાનનો સ્વામી બુધ જે સુર્ય-ચંદ્રની સાથે પ્રથમ સ્થાને બીરાજેલ છે.

વર્ષ દરમ્યાન કેશો ફ્લો જાળવી રાખવો. બિનજરૂરી મોજશોખ પાછળ ધન ખર્ચ ન કરવો. ક્યા કેટલા ખર્ચ કરવાની જરૂર છે ક્યાં નાણા ખર્ચની જરૂર નથી કે ચાલે એવું છે તો એ બાબતનું ધ્યાન ખાસ રાખવું. બચત જીવનની સાચી મૂળી છે. ધન ખર્ચનું જેટલું મહત્વ છે તેટલું જ ધન કમાવવું પણ અગત્યનું છે. શોર્ટકટ અને ભાગીદારીમાં ખાસ ધ્યાન રાખવું આપને ક્રિએટીવ ફિલ્ડ, આર્ટ, ફશન અને સોશિયલ મિડીયા ક્ષેત્રે કાર્યરત લોકોને વર્ષ દરમયાન મોટી સફળતા મલશે. જેજી ઈચ્છા આપ વર્ષોથી કરતા હતા અને તેના માટે કાર્યરત હતા. આપે વર્ષ દરમ્યાન લાલચથી દૂર રહીને યાદ રાખવું.

'સાઈ ઈતના દીજિયે, જો મે કુટુંબ સમાય,
મે ભી ભૂખા ન રહુ, સાધુના ભુખા જાય'

ટોરેટ કાર્ડઃ આ વર્ષનું આપનું ટોરેટ કાર્ય છે. વ્હીલ ઓફ ફોરચ્યુન/ ભાગ્ય ચક્રમાં આ કાર્ડ આપને અચાનક જ પરિવર્તન અને નસીબ પલટાનું પ્રતિક છે. આ વર્ષ તમાના જીવનમાં ભાગ્યનું ચક્ર ફેરવનાર સાબિત થશે. અટકેલા કાર્યો ઝડપથી આગળ વધશે. અને અચાનક જ આર્થિક લાભ દર્શાવે છે. આ ચક્ર એમ પણ દર્શાવે છે કે ભાગ્યનું ચક્ર હંમેશા એક સરખું નથી રહેતુ. તેથી સારા સમય પર ઘમંડ ન કરવો અને ખરાબ સમયમાં હિંમત ન હારવી નહિ. સમય ખરાબ છે તો સારો આવશે અને સારો છે તો સંઘર્ષ રહેશે. આપના કર્મનો હિસાબ થશે. જે કર્મ કર્યા હશે તે ફરી ફરીને આપની પાસે આવશે. વિચારોને પોઝીટીવ રાખીને આગળ વધતા રહેવું. બીજાને હેલ્પ થાય તેટલી કરવી.

આર્થિક બાબતેઃ વિક્રમ સંવતનું નવું વર્ષ આપના માટે સૂવર્ણકાળ સમાજ છે. લાંબાસાયથી બજારમાં અટકી ગયેલા નાણા અચાનક જ પાછા ફરવાથી મનમાં પ્રફુલ્લિતતા રહેશે. આપને વર્ષ દરમ્યાન આપના ઉદાર સ્વાભાવના કારણે મોટી રકમ લઈને કોઈને ઉધાર આપવી નહિં. નહિતર નાણા પરત આવવામાં મુશ્કેલી પડશે. કાગળ વગર મૌખીક વ્યવહારો કરવા નહિં. આપને બચતના નાણા યોગ્ય અને સારી જગ્યાએ રોકવાની સલાહ છે. બેન્કમાં એફ.ડી , ગોલ્ડ અથવા પોસ્ટમાં મૂકવાથી લાભ કોઈની વાતના ભરોસે આર્થિક વ્યવહારો ન કરવા. જમીન મકાનના વ્યવહારોથી લાભ રહેશે. આપના સાહસો આપને સારો એજો ધન લાભ કરાવશે. જૂના મિત્રોની મદદથી તેમની ઓળખાણથી યેનકેન પ્રકારે આર્થિક લાભ થશે. ભૂતકાળમાં કરેલ જૂના રોકાણ જે નાના નાના હશે પણ અત્યારે સારુ એવું વળતર લાભ કરાવશે.

કૌટુંબિક બાબતેઃ કૌટુંબિક દ્રષ્ટિએ વિક્રમનું નવું વર્ષ આપને માટે સારુ રહેવાનું છે. આપની રાશિને દરેક બાબતમાં બેલેન્સ કરવા સારુ આવડે છે. તેથી તકલીફ ઓછી જ થઈ જાય છે. જીવનમાં તકલીફતો રહેવાની જ છે 'પ્રોબ્લેમ્સ આર ધ સાઈન ઓફ લાઈફ' પણ બધુ યોગ્ય સમયે ઠાણે પડી જ જાય છે. વર્ષ દરમ્યાન જીવન સાથીનો સહકાર સારો રહે.શે. મતભેદો રહ્યા કરે. વર્ષ દરમ્યાન કુટુંબ સાથે કોઈ ખુબ જ સરસ ટ્રીપ, વિદેશ ટ્રીપ કે ધાર્મિક યાત્રા પ્રવાસ કરી શકવાના છે. જેનાથી કુટુંબમાં પ્રેમ વધે. ભાઈ બહેનોનો સહકાર સારો રહેશે. આપને ત્યાં કોઈ મોટો હવન, યજ્ઞ, જાપ કે ધાર્મિક કાર્ય, માંગલિક કાર્યનું આયોજન થશે. ઉતાવળામાં અને ઈમોશનલ બનીને કોઈને પ્રોમિસ આપી ન બેસો કે કોઈ નિર્ણય પર આવી ન જાવ તેનું ધ્યાન રાખશો. સંતાનો અંગે કોઈ ચિંતા સતાવતી રહેશે. સંતાનોના ગ્રહો જો બળવાન હશે તો પ્રશ્નો ઓછા થશે. વડિલો કે વડિલ મિત્રોનો સહકાર અને સલાહ ખુબ જ ઉપયોગ થશે.

વ્યાપારીઓ અને નોકરીયાતોને માટેઃ વિક્રમનું નવું વર્ષ વ્યાપારીઓને માટે સારુ રહેશે. રેડિમેઈડ ગારમેન્ટસ, ફેશન ડિઝાઈનર, ડ્રેસીસ, બુટીક, અતર, જ્વેલરી, લક્ઝરી આઈટમ્સના વેપારસાથે સંકળાયેલા વ્યક્તિઓને ખુબ જ સારી સફળતા અને લાભ મળશે.

લગ્નસરાની સિઝનમાં રેકોર્ડ બ્રેક વેચાણ ગશે. ધ્યેય નક્કી કરીને આગળ વધવું ઈમ્પોર્ટ એક્સપોર્ટના બિઝનેસ થી લાભ રહેશે.

રાજકીય વ્યક્તિના સહકારથી બિઝનેશમાં લાભ રહે. આકસ્મીક ધન લાભ થશે. વિદેશમાં નવા બિઝનેશના શ્રી ગણેશ કરી શકશો. ભાઈ બહેનોનો સહકાર સારો રહેશે. સોના ચાંદીની ખરીદીથી લાભ. ભાગીદારી બિઝનેશથી લાભ રહેશે. જીવનસાથીનો સહકાર આપના વ્યવસાયને આગળ વધારવા મદદ કરતા રહે. સંતાનો કોઈ નવો જ બિઝનેશ શરૂ કરે તેવા યોગ બને છે.

નોકરીયાતો ને માટે નવા વર્ષનો સમય મધ્યમ રહેશે. આપની બદલી પ્રમોશનના યોગ ઉભા થાય છે. જે આપને થોડા નર્વસ કરશે અને નવી જગ્યામાં સેટ થતા વાર લાગશે. નોકરીમાં બદલાવ કરવા નહિં. વ્યર્થ વિચારવાયુ રહ્યા કરે. શરૂઆતના સમયમાં થોડું સમાધાન કરી વલણ રાખવું. સાઈડ બીઝનેશ થી લાભ રહેશે. નોકરીમાં પ્રમોશનમાં આવાના અવરોધો દૂર થશે. સેલ્સ અને માર્કેટીંગમાં આ વર્ષે સફળતાના શિખરો સર કરી શકો. અચાનક પગાર વધારો બોનસ મળવાના યોગ પ્રબળ છે.

સ્થાવર મિલ્કત બાબતેઃ વિક્રમનું નવું વર્ષ સારુ રહેવાનું છે. આપ આપની ઓફિસ કે ઘરને આપ સુંદર રાચચ્ચીલી ચીજ વસ્તુઓથી સજાવી શકશો. વર્ષ દરમ્યાન આપને વારસાગત મિલ્કતથી લાભ મલે તેવી શક્યતાઓ નકારી ન શકાય. આપને જૂની મિલ્કત વેચવી હશે તો તેમાં પણ આપને સફળતા મળશે. અને ગમતી કિંમત મેળવી શકશો. આપ આપની ફેકટરી કે દુકાન માટે કોઈ ઈલેકટ્રોનિક સાધનો વસાવી શકશો. આપ આપના જન્મના ગ્રહો પ્રબળ હશે તો ફોર વિલરની ઈચ્છા પૂર્ણ થશે. ખેતી વાડી સાથે જોડાયેલ વ્યક્તિઓને ટેમ્પો, ટ્રેકટર વગેરે સાધનોની ખરીદી શક્ય બનશે.


સ્વાસ્થ્ય બાબતેઃ વિક્રમના નવા વર્ષ દરમ્યાન આપનું સ્વાસ્થ્ય સારુ રહેશે. જૂની બિમારીમાં રાહત રહેતી લાગશે. પડવા વાગવા થી ધ્યાન રાખવું તકેદારી રાખવી. ભોજનમાં ગરમ તીખા પદાર્થોનું સેવન મર્યાદિત પ્રમાણમાં કરવું. પારિવારીક સભ્યોજી તંદુરસ્તી અર્થે ધન ખર્ચ રહે. આપ આપની ઈમ્યુનિટી વધારવા તરફ ધ્યાન રાખવું. જૂના વ્યસનોને ત્યજી દેવા. પોઝીટીવીટીને અપનાવવાની સલાહ છે. વધુ પડતી દોડધામથી દુર રહેવું કાલ્પનિક ભય ઘર ન કરે તેનું ધ્યાન રાખવું. દરેક બાબતોમાં દખલગીરી કરવાથી દુર રહેવું. મનને બાળકની જેમ સ્વચ્છ રાખો કોઈ નેગેટીવ વિચારો નહિં.


મહિલાઓ માટેઃ મહિલાઓને માટે વિક્રમનું નવુ વર્ષ નબળુ રહેશે. દામપત્ય જીવનમાં મનભેદો રહ્યા કરે. આપને સમાધાનકારી વલણ રાખવું. ધાર્મિક વૃતિ પ્રબળ થવાની છે. દરેક વ્યક્તિની સાચી ઓળખ કરી શકશો. વર્ષ દરમ્યાન આપ આપની સ્કીલસ્સને વધારી શકો છો. અને તેને વ્યાપારનું રૂપ આપી શકશો. આ વર્ષ આપની સહનશિલતા અને ધીરજની કસોટી કરશો. ધાર્મિક યાત્રા પ્રવાસ લાભદાયક રહેશે. સંતાનોની પ્રગતિ થવાની છે. આપ આપનો સ્વતંત્ર વ્યવસાય કરી શકશો અને પગભર થવાની આપની ઈચ્છા પૂરી થશે.

વિદ્યાર્થી મિત્રોને માટેઃ આ વર્ષ સામાન્ય રહેશે. આપને વધુ પડતા આત્મવિશ્વાસના કારણે અભ્યાસમાં

રાશિ નં-૮

વૃશ્ચિક રાશિ (ન.ય)





વૃશ્ચિક રાશિ રાશિચક્રની આઠમી રાશિ છે. વૃષ્ચિક રાશિ જેની રાશ્યાકૃતિ વિંછી છે. રાશ્યાધિપતિ મંગળ છે. વિશાખા નક્ષત્રના એક ચરણ અનુરાધાના ચાર અને જયેષ્ઠાના ચાર ચરણ છે. દિશા ઉત્તર, જલતત્વવાળી રાશિ છે. સંજ્ઞા સ્થિર છે. સ્વભાવે જિદ્દી ડીસીપ્લીન વાળા હોય છે. રેડ, પીંક, બ્રાઉન કલરના શેડ્સ લક્કી હોય છે.

વિક્રમ સંવતના પ્રારંભે આપના દેહભુવનમાં કોઈ જ ગ્રહ નથી. આપના દેહભુવનનો સ્વામી જે શત્રુસ્થાનનો સ્વામી પણ છે. તે ભાગ્યભુવનમાં બીરાજેલ છે. આપના ધન સ્થાને પણ કોઈ ગ્રહ નથી. આપના ધન સ્થાનનો સ્વામી ગુરૂ જે આપના વિદ્યાભવનનો પણ સ્વામી છે તે આપના કર્મસ્થાને કેતુની સાથે યુતિમાં બીરાજેલ છે. આપના ત્રીજા સ્થાને વર્ષારંભે કોઈ જ ગ્રહ નથી. આપના ત્રીજા સ્થાનનો સ્વામી છે. જે આપના ચોથા સ્થાનનો પણ સ્વામી છે તે આપના પંચમ સ્થાને બીરાજેલ છે. આપના સુખ સ્થાને રાહુ મહારાજ ની ઉપસ્થિતિ છે. આપના વિદ્યાભવનના શનિદેવ બિરાજેલ છે. આપના વિદ્યાભવનનું સ્વામી આપના કર્મસ્થાને કેતુની સાથે બીરાજેલ છે. આપના શત્રુ સ્થાનમાં વર્ષારંભે કોઈ જ ગ્રહ નથી. તેવી જ રીતે ભાગીદારી સ્થાને તેમજ આયુષ્ય સ્થાનમાં પણ કોઈ જ ગ્રહ નથી. શત્રુ સ્થાનનો સ્વામી આપના રાશ્યાધિપતિ છે જે ભાગ્ય ભુવનમાં બીરાજેલ છે. ભાગીદારી સ્થાનનો સ્વામી લાભ સ્થાને શોભે છે જે બારમા સ્થાનના સ્વામી પણ છે. આયુષ્ય સ્થાનના સ્વામી વ્યય સ્થાને બિરાજેલ છે. જે આપના અગિયારમાં સ્થાનના સ્વામી પણ બને છે. આપના ભાગ્યભુવનમાં સેનાપતિ શ્રી મંગળ બિરાજે છે. આપના ભાગ્યભુવનનો સ્વામી ચંદ્ર બારમાં સ્થાને સૂર્ય-બુધની યુતિમાં બિરાજે છે. આપના કર્મસ્થાને ગુરૂ અને કેતુ બિરાજેલ છે. આપના કર્મસ્થાનના સ્વામી સૂર્યદેવ છે. આપના વ્યય સ્થાને બિરાજેલ છે જ્યાં લાભ સ્થાનના સ્વામી બુધ પણ બિરાજેલ છે. આપના લાભ સ્થાને શુક્ર બિરાજેલ છે. આપના વ્યય સ્થાને સૂર્ય, ચંદ્ર, બુધ ની યુતિ છે. આપના વ્યય સ્થાનનો સ્વામી શુક્ર આપના લાભ સ્થાને બિરાજેલ છે.

વર્ષ દરમ્યાન આપના માટે મુશ્કેલ સમયમાં આપના સંસ્કારો, જ્ઞાન, વિનમ્રતા, સતકાર્યો, સાચું બોલવાનું અને ઈશ્વર પરનો આપનો ભરોસો જ સાચા મિત્રો છે.

'' તુલસી સાચી વિપતિ કે, વિદ્યા વિનયંવિવેક,
સાહસ સકૃતિ, સુસત્ય વ્રત, રામ ભરોસે એક''

જીવનનો મુશ્કેલ સમય આપની પરિક્ષાસમાન હોય છે જે આપના વિનય વિવેકની પણ પરિક્ષા લે છે. વર્ષ દરમ્યાન ગુપ્ત ક્ષત્રુઓથી સાવધાન રહેવું. ઈર્ષાળુ લોકોથી સાવધાન રહેવું.

આકસ્મિક ધન લાભ, અને કૌટુંબિક મિલ્કતના પ્રશ્નોનો ઉકેલ આવશે.

ટેરોટ કાર્ડઃ વિક્રમના નવા વર્ષનું આપનું કાર્ડ છે (ધ ડેથ) એટલે કે પરિવર્તનનું કાર્ડ નામ સાંભળીને ગભરાવું નહિં. આ મૃત્યુ નહિં પરંતુ પરિવર્તનનું કાર્ડ છે. મૃત્યુ પણ ખરા અર્થ માૅ પરિવર્તન જ છે. આત્મા નું એક શરીર થી બીજુ શરીર તેવી જ રીતે આ કાર્ડ જૂનાનો અંત અને નવા ની શરૂઆત કરવી, જૂના દુઃખ, ટેવ છે તે ભૂલી ને આગળ વધવાનું છે કોઈ વ્યક્તિ આપનાથી દૂર થઈ છે તો હવે તેને ભૂલીને આગળ વધવા માટે નો શ્રેષ્ઠ સમય છે. જૂના વિચારો, જૂની રહેણીકહેણી રૂઢિઓને નવુ રૂપ આપવું જે પોઝીટીવ પરિવર્તન રહેશે. જીવનમાં આવતા મોટા પરિવર્તનોથી ડરવું નહિં તે તમારા ભલા માટેના જ છે. નુકસાનકારક સબંધ આપનાથી દૂર થશે અને જીવનમાં એક સકારાત્મક અધ્યાય શરૂ થશે. તેથી આ વર્ષે નવીન વસ્તુ વિચારોને ખુલ્લા મને આવકારો.

આર્થિક બાબતેઃ આર્થિક રીતે આ વર્ષ સારુ રહેશે. સોના-ચાંદી કે સ્થાવર મિલ્કતમાં લાંબા ગાળાનું રોકાણ કરવાથી ઉત્તમ વળતર મળશે. મોજ શોખ, લકઝરી પાછળ બિનજરૂરી ખર્ચ કરવો નહિં. સૌદર્ય પ્રધાનનો અને હોસ્પિટાલિટી ક્ષેત્ર સાથે જોડાયેલ વ્યાપારીઓની તિજોરી છલકાઈ જશે. કુટુંબમાં માંગલિક પ્રસંગ પાછળ ધન ખર્ચ થશે. ભાગીદારી વ્યાપારમાં હિસાબ-કિતાબ રાખવો જરૂરી રહેશે. જમીન-મકાનના સોદા કરતા પહેલા વિચારવું તેમાં નુકશાન થાય છે કે મલવા જેટલો લાભ ન મલે. લાંબા ગાળાની ખરીદીથી લાભ રહેશે. વિલવારસામાં કોઈના લાભો ન મલે. થોડું જતું કરવું પડે. આપના સંતાનોની આવકમાં વૃધ્ધિ થશે. સૌદર્યપ્રધાન, હોસ્પિટાલિટી આર્ટને લગતા વ્યાપારમાં નાણા રોકવાથી લાભ તેના શેર્સ લેવાથી લાભ મળશે.

કૌટુંબિક બાબતઃ કૌટુંબિક બાબતે વિક્રમનું નવું વર્ષ સામાન્ય રહેશે. કોઈ મોટા ચડાવ ઉતાર ગોચરના ગ્રહો મુજબ નથી. નાની મોટી સમસ્યાનો મતભેદો રહે. વડિલો અંગે આપ ચિંતિત રહો. કુટુંબના સભ્યોને સાથે લાવવામાં આપને મહેનત રહે અને આપ મહત્વનો ભાગ ભજવી શકો. આપને કુનેહપૂર્વકનું વર્તન સુમેળભર્યુ વાતાવરણ રાખવું. ભોળાભાવે કોઈને સીક્રેટ કહી ન બેસો તેનું ધ્યાન રાખવું અને જતુ કરવાની ભાવના રાખવી. આપના જીવન સાથીનો સહકાર સારો મલશે. ભાઈ બહેનો સાથે સુમેળ રહેશે. સંતાનોની પ્રગતિ થશે, કોઈ ચિંતા હશે તો` હલ થવાની છે. દલિલબાજીથી સાહસવૃતિથી ધ્યાન રાખવું. અપરણિતોને સગાઈ લગ્નના પ્રબળ યોગ છે. રોમાન્સમાં સફળતા મેળવશો મનગમતી વ્યક્તિ સાથે સગાઈ લગ્ન થશે. મોસા પક્ષેથી કોઈ સારો લાભ, સહકાર મેળવશો જે આપના ભાગ્યોદય માટે શુભકર્તા રહેશે. વિદેશ ન જતા અહિથી પોતાનું કાર્ય કરવું. વિદેશ જવાનો કોઈ યોગ ગોચર ગ્રહો મુજબ મજબૂત નથી.

વ્યાપારીઓ અને નોકરીયાતો માટેઃ વિક્રમનું નવુ વર્ષ વ્યાપારી અને નોકરીયાતો માટે આ વર્ષે સારુ રહેવાનું છે. કેમિકલ્સ, ફાર્માસ્યુટીકલ લેબોરેટરી, પેટ્રોલિયમ ઓઈલ સ્કેપ લોખંડના વ્યાપારીઓ માટે અણધાર્યો લાભ નફો મલે તેવા યોગ છે. કોઈ મોટો સોદો કે કરાર કરતા પહેલા દસ્તાવેજો ચકાસી લેવા, બરાબર વાંચી લેવા, જે ભવિષ્ય માટે હિતાવહ છે. આ વર્ષે આપની મહેનતનું ફળ મળતું જણાશે. નવી એજન્સીની ઓફરો આવી શકે છે. વ્યવસાયમાં તમારી પક્કડ વધવાની છે. હરિફો ફાવે નહિ ચાલુ ભાગીદારી વ્યવસાયમાં પણ આપનું વર્ચસ્વ વધવાનું છે. કુટુંબના સંયુક્ત વ્યવસાયથી લાભ રહેશે. આપ સાથે સાથે સ્વતંત્ર વ્યવસાય કરશો તો પણ લાભ રહેશે.

નોકરીયાતોને નોકરીમાં ખૂબ જ સારો સમય છે. ગુપ્ત શત્રુઓ અને ઈર્ષ્યાળુ વ્યક્તિઓથી સવાધ રહેવું. સહકર્મીઓથી સાવધાન રહેવું. વાદ વિવાદોથી દૂર રહીને માત્ર કાર્ય પર ધ્યાન રાખવું કપરો સમય પણ પદોન્નતિ કરાવશે. નોકરીયાતોને સિધ્ધિ હાંસલ કરવાનું વર્ષ છે. કોઈની વાતમાં ન આવતા મનની વાત ધ્યાનમાં લઈને આગળ વધવું. સંતાનોની પણ સારી નોકરીના યોગ છે. વિદેશી કંપનીની નોકરીમાં આપને લાભ રહેશે.

સ્થાવર મિલ્કત બાબતેઃ સ્થાવર મિલ્કત બાબતે મધ્યમ વર્ષ રહેશે. નવા મકાનના બાંધકામ માટે મન લલચાશે પરંતુ ખરીદી કે નવા પાયાથી બાંધકામ માટે આ વર્ષ અનુકુળ નથી. પાયાથી બનાવવા માટે આપના જન્મના ગ્રહો જોવા ખૂબ જ જરૂરી છે. આપ આપની દુકાન, ઓફિસ કે મકાનમાં રીનોવેશન કરાવી શકો. ખરીદ વેચાણમાં ઉતાવળ કરવી નહિં. વીલવારસા ધન લાભ રહેશે. જૂની મિલકત સારો નફો કરાવશે. પરંતુ ઢીલ થી કાર્યો આગળ વધે વર્ષ દરમ્યાન દરેક કાર્યો પ્લાનિંગ અને ગણતરી પૂર્વક કરવા નવા મકાનના ચણતરનું કાર્ય શરૂ ન કરવું. જે પસ્તાવામાં પરિવર્તિત થઈ શકે છે.

સ્વાસ્થ્ય બાબતેઃ સ્વાસ્થ્ય બાબતે નવું વર્ષ સારુ રહેવાનું છે. મનપરનો કોઈ બોજો હળવો થવાનો છે. યાત્રા પ્રવાસમાં અપરિચિત જગ્યાએ જતા ધ્યાન રાખવું. પેટને લગતા રોગોમાં રાહત મલશે. સ્વાસ્થ્યમાં સુધારો જણાય આપની ચાલુ દવાઓ અસરકર્તા સાબિત થશે. મગજ ને મેન્ટલ એક્સાઈઝ કરાવવી અને પૂરતો આરામ કરવાથી માનસિક તાણ હળવું ગશે મ્યુઝીક સાંભળવાથી લાભ રહે. યોગ્ય કસરત કરવાથી લાભ રહેશે. રેગ્યુલર ચેકઅપ કરાવતા રહેવું ખાસ કરીને બીપી, ડાયાબિટિશના દર્દીઓએ અને હૃદય રોગના દર્દીઓએ બેદરકાર ન રહેવું. આંખને લગતી પરેશાની રહે. આપ આ વર્ષે જેટલા હેલ્થ કોન્સીયસ રહેશો તેટલુ આપ માટે સારુ છે.

મહિલઓ માટેઃ આ વર્ષ સારુ રહેવાનું છે. નોકરી કરતી મહિલાઓને મનપસંદ જગ્યાએ કાર્ય કરવાની ઈચ્છા પૂર્ણ થશે. બદલી સાથે પ્રમોશન થશે. સંતાનયોગ માટે ઉત્તમ સમય છે. જીવનસાથીનો સહકાર સારો રહેશે. આપ અપરણિત હશો તો લગ્નયોગ સારા છે. વડિલોના માર્ગદર્શનથી આગળ વધવું ભાગીદારી વ્યવસાય કરવાની ઈચ્છા સફળ થવાની છે. આપની કલા જ આપના માટે નાણા ઉપાર્જનનું સાધન બનશે. સંતાનોની પ્રગતિથી મન પ્રસન્ન થશે. સ્વાસ્થ્યમાં સુધારો થશે. ધાર્મિક યાત્રપ્રવાસ લાંબીયાત્રા પણ સફળ બનશે.

વિદ્યાર્થી મિત્રો માટેઃ વિદ્યાર્થી મિત્રોને માટે આ વર્ષ ખુબ જ સારુ રહેવાનું છે. આ વર્ષે ઓછી મહેનત વધુ ફળ આપનાર સાબિત થશે. આપ આપના મનગમતા સ્કુલ કોલેજમાં એડમિશન મેળવશો. અભ્યાસની સાથે સાથે આપ કોઈ સામાજીક કાર્યો સાથે જોડાવ તેવી શક્યતા છે. ઉચ્ચ અભ્યાસ અર્થે પરિવાર અને ઘરથી દૂર રહેવું પડે. વર્ષ દરમ્યાન દલીલબાજીથી દૂર રહેવું મોટા ભાઈ બહેનોનો સહકાર સારો રહેશે.

મોદી PM બનશે તેવી આગાહી કુમાર ગાંધીએ ૨૦૦૨માં કરેલી



જો કોઈ તમને એમ કહે કે ડિસેમ્બર ૨૦૦૨ થી આજથી ૧૨ વર્ષ પહેલા જ ખબર હતી કે નરેન્દ્ર મોદી વિજયકળશ સુધી દેશભરમાં પહોંચીને પી.એમ. બની જશે તો ત્યારે એ વાત મોદી ખુદ પણ માની ના શકે એ સમયે મોદી માટે સી. એમ. તરીકે કપરા ચડાણ હતા. ત્રાસવાદી હુમલાઓ ??? હતા. ગોધરાકાંડનું ભૂત ધુંણતુ હતું. કુદરતી આફતો ૧૧ ઉપરાછાપરી ફટકા ગુજરાતને લાગ્યા હતા અને પક્ષ ભાજપના જ ધુરંધરો અસંતુષ્ટ બની ટાંટીયાખેંચમાં પ્રવૃત્ત હતા રાષ્ટ્રીય સ્તરે ત્યારે એટલ અડવાણી - મહાજનને કોઈ રીપ્લેસ કરી જાય એવું સંઘ પરીવાર પણ વિચારતો નહોતો સમીકરણો વિધાતાએ ગોઠવેલી શતરંજની બાજીની જેમ કેમ ફરતા ગયા એ નજર સામે છે. અટલ હારીને બિમાર પડયા. મહાજનની હત્યા અડવાણી પાકિસ્તાન પ્રવાસ બાદ અળખામણા થઈ ગયા ગુજરાતમાં સ્ટ્રોંગ ગુણાતા કેશુભાઈ- કાશીરામ સાઈડલાઈન થયા સતત સારા ચોમાસા આવ્યા. ઈન્ટરનેટ - ટીવીનો વ્યાપ બેહદ વધ્યો. રાહુલ નબળા ઉત્તરાધિકારી અને મનમોહન નબળા વકતા નીકળ્યા. યાદી લાંબી છે અને જુદા રસપ્રદ લેખનો


વિષય છે, જે હું ભવિષ્યમાં લખીશ. પણ વાત વિધાતા અને ભવિષ્યની નીકળે એટલે જયોતિષ યાદ આવેલ, એ ય એક જુદા લેખનો વિષય છે ને થોડું મેં એના પર લખ્યુ પણ છે. મોટેભાગે જયોતિષીઓ અને જયોતિષ આપણને ફન પૂરૂ પાડતા હોય છે, અને ખાસ તો સંજોગોથી ઘેરાઈને નબળો પડેલો માનવી એના શરણે જતો હોય છે. જયોતિષ વિશે હું ખાસ જાણતો નથી પણ મારો એક સમયનો એ બાબતે હાડોહાડ રેશનલ ઈનકાર આશ્ચર્યજનક અનુભવો પછી ફર્યો છે જરૂર. જયોતિષ કોઈ પડકારોથી સાબિત થઈ શકે એવા નક્કર ગણિત-વિજ્ઞાન કરતા મને કળા વધુ લાગી છે. જેમાં અમુક સમયે બેસ્ટ પર્ફોમન્સ થાય, અને અમુક સમયે ક્ષમતા હોવા છતાં ના પણ થાય, જો કે આ અનિશ્ચિતતાને લીધે સ્તો જગતભરના લોકોને ભાવિના ભેદ જાણવામાં રસ પડે છે!

વેલ, મોદી અને જયોતિષ ક્યાં કનેકટ થાય એવો સવાલ થતો હોય તો સ્વ. સુરેશ દલાલે પ્રકાશિત કરેલી જન્માક્ષર વિધાતાના હસ્તાક્ષર પુસ્તકના વિમોચન વખતનું એમનું વ્યાખ્યાન સાંભળવુ જેમાં એમણે પોતાનામાં રહેલી આ વિદ્યા અંગે અંગુલિનિર્દેશ કરેલો છે. કોઈના જીવનમાં કયારે શું બનશે એ પોતે કહી શકતા, અને એમ થતું એ બાબતે પણ અહીં વાત એથી યે અલગ છે મોટે ભાગે પ્રોફેશનલ જયોતિષીઓ આમ પણ થાય ને તેમ પણ થાય જેવી અનેકાર્થી ગોળ ગોળ વાતો કરી, પરિણામ પછી એનો મનગમતો અર્થ તારવી દાવો ઠોકી દેતા વાહવાહી લૂંટી લેતા હોય છે, જેમ કે મોદી વડાપ્રધાન અને એના ઉજળા સંજોગો છે. એવું છેલ્લા છ મહિનામાં કોઈ ૧ જયોતિષી કહે તો ધાડ મારી ના કહેવાય એ તો સારા તટસ્થ ૧૧ રાજકીય સમીક્ષકને પણ દેખાય.)

પણ હજુ એક વરસ પહેલા તો મોદી માટે ભાજપમાં લોકસભાની ચૂંટણીના સર્વસંમત સેનાપતિ બનવુ પણ કઠીને લાગતુ હતું ત્યારે ઉપર લખ્યું એમ કોઈએ ૨૦૦૨માં જ એ વડાપ્રધાન બની શકે એમ છે. એવુ કુંડળીનાં આધારે ભાખ્યુ હોય એનો પુરાવો હોય તો? તો જયોતિષમાં ના માનતા હો ત્યારે પણ એનો ન્યુઝ વેલ્યુ તો બને જ ! આવા એક જૂના મિત્ર છે અમારા રાજકોટના કુમારભાઈ ગાંધી રાજકોટનું પત્રકાર જગત એનાથી અજાણ નથી. મને તો એમના જડબેસલાક અંગત અનુભવો પણ છે. પણ એ બાજુએ રાખીએ પણ ૬ જાન્યુ., ૨૦૦૩નાં ચિત્રલેખામાં કુમારભાઈ ગાંધીએ મિત્ર અને હવે ફુલછાબતંત્રી કૌશિક મહેતાને સ્પષ્ટ કહેલુ કે મોદી જો આગામી બે-ચાર વર્ષ ટકી જાય, (જે સાચે જ મુશ્કેલ હતા એમના માટે ત્યારે !) તો એ સી. એમ. માંથી પી. એમ. બની શકે એમ છે. એટલું જ નહી મોદી હરીફોને પછાડતા જશે અને કોમ્પ્યુટર ક્ષેત્રે પ્રગતિ કરશે એવુ પણ કુમારભાઈએ ત્યારે કહેલું છે, જયારે ફેસબુક, ટ્વીટર, વોટ્સઅપ- હેન્ગઆઉટ, પોડકાસ્ટ થ્રીડી જેવી બાબતોનો જન્મ જ નહોતો થયો ! ટેકનો સાવી મોદીની બ્રાન્ડ બિલ્ડીંગમાં આ ઈન્ફોટેકનો સિંહફાળો આજે સ્વયંમ સ્પષ્ટ છે, ઉપરાંત કુમારભાઈએ સ્પષ્ટ લખેલુ કે વિદેશમાં વસતા ગુજરાતીઓ મોદી ગુજરાત તરફ આકર્ષણ અનુભવશે (ત્યારે એન. આર. આઈ. માં મોદીને પોપ્યુલર બનાવવાવાળો અમેરીકાનાં વિઝાવાળો ઈસ્યુ હતો નહીં!) અને મોદી ઉદ્યોગ બાબતે સફળતા મેળવશે (મોદીના ઉદ્યોગપ્રેમ બાબતે તો એમના ટીકાકારો સૌથી વધુ સહમત છે !))

મેગેઝીન છપાયેલી તારીખથી એક સપ્તાહ પહેલા માર્કેટમાં આવે ને એના એક સપ્તાહ પહેલા તૈયાર થવા લાગે, એટલે સત્તાવાર રીતે કુમાર ગાંધીની આ સ્યોરશોટ નિવડેલી આગાહીઓ એમણે ફક્ત કુંડળી પરથી ડિસે., ૨૦૦૨માં કરી હતી. ખાતરી ના થતી હોય તો તત્કાલીન ચિત્રલેખાનો આ લેખ જ અહી કિલક કરી, ઝૂમ કરી જાતે જ વાંચી લો ને ! બોલો, પાંચ વરસ પૂરા કરવાના જયાં સવાલ હોય ત્યાં


કોમ્પ્યુટર - ઉદ્યોગ ક્ષેત્રે પ્રગતિથી / એન. આર. આઈ. માં લોકપ્રિયતા અને સી. એમ. થી પી. એમ. ની ખુરશી સુધી એમને પહોંચતા કોઈ અટકાવી શકશે નહીં, એ ફાડીતોડીને ૧૨ વરસ પહેલા કહી દેવું કોઈ જેવી તેવી વાત નથી. (ધારો કે રીઝલ્ટ પછી કોઈ કારણથી મૌદી પી.એમ. ના બને તોય ઓલમોસ્ટ ત્યાં પહોંચી જ ગયા અત્યારથી -જયોતિષ કે ભવિષ્યકથનનું કોઈ શાસ્ત્ર આવુ એકઝેટ તો ભાગ્યે જ કહી શકે, પણ દિશાસૂચન કરી શકે અને એ રીતે મોદી પી.એમ.બનવાની ધારે પહોંચી ગયા. એમાં કુમારભાઈનું ફળકથન સાચુ પડી ગયેલું જ ગણાય મારા મતે!) માત્ર કુંડળીના નિષ્ણાંત કુમાર ગાંધી વળી ટીપીકલ જયોતિષની વાતો કરનારા પણ નથી. એ કદી કોઈને નંગ પહેરવાનું કહેતા નથી. ભગવાન સિવાય ભાગ્ય દોરાધાગા કે વીંટી - રત્નોથી ના ફરે એવું અફર રીતે (પોતાની આવક ગુમાવીને પણ ! માને છે !) ચોક્કસ, હું આ ક્ષેત્રનો અધિકારી નથી, કુમારભાઈના ફળકથનના મને સચોટ અનુભવો છે, કોઈ એમાં ઝૂકાવવા માંગતા હોય એમણે પોતાની રીતે એનો નિર્ણય લેવો. પણ આ વાત જરૂર રોમાંચક છે. એટલે તો શેર કરી ! જગતમાં ઘણુય આપણે માની ના શકીએ કે સમજી ના શકીએ એવું છે. તો મલેશીયાના પેલા વિમાને પણ આપણને વધુ એક વખત દેખાડી દીધું. મને આવા અમુક અનુભવો પણ છે. આ બાબતે કોઈને કુતુહલ હોય તો ટુંકો પડુ અને આમેય આવું વાંચીને કુમારભાઈનો કોન્ટેકટ મેળવવા લોકો મારલી પાછળ પડે એ તો માનવસ્વભાવ છે. એટલે એમનો નંબર જ મૂકી દઉં છું. અહીં એમની અનુમતિ લઈને માણસ સરળ સ્વભાવનો અને સ્પષ્ટવકતા છે. અને હા, કુમારભાઈ કહે છે કે કુંડળી જોતા મોદીને આગામી સમયમા શારીરીક રીતે ત્રાસવાદી હુમલાનો ખતરોખરો! (શ્રી જય વસાવડાનો અહેવાલ સાભાર .(૯.૧૯)




કુમાર ગાંધી
૦૨૮૧-૨૨૩૦૩૨૭
૯૩૭૪૮ ૧૬૯૭૭

રાશિ નં-૯

ધન રાશિ (ભ.ફ.ધ.ઢ)





ધન રાશિ રાશિચક્રની નવમી રાશિ છે. જેની રાશ્યાકૃતિ લક્ષ્ય સાંધતો શિકારી છે. તેમના રાશ્યાધિપતિ ગુરૂદેવ છે. ધન રાશિમાં મૂળ નક્ષત્રના ચાર ચરણ પૂર્વાષાઠાના ચાર અને ઉતરાષાઠા નક્ષત્રનું એક ચરણ સમાયેલ છે. ધન રાશિની સંજ્ઞા દ્વિવસ્વભાવ છે. દિશાપૂર્વ છે. અગ્નિ તત્વ વાળી રાશિ છે. સ્વભાવે દયાળુ અને સંવેદનશિલ આકર્ષક વ્યક્તિત્વ હોય છે. યેલો કલરના શેડ્સ લક્કી કલર છે.

વિક્રમસંવતના પ્રારંભે આપના દેહભુવનમાં કોઈ જ ગ્રહ નથી. આપના દેહભુવનનો સ્વામી આપના ભાગ્યભુવનમાં કેતુ સાથે બીરાજે છે. જે આપના સુખ સ્થાનનો સ્વામી પણ છે. આપના ધન સ્થાનમાં વર્ષારંભે કોઈ જ ગ્રહ નથી આપના ધન સ્થાનનો સ્વામી જે ત્રીજા સ્થાનનો સ્વામી પણ બને છે તે આપના સુખ સ્થાને બીરાજેલ છે. જે આપના સુખ સ્થાનનો સ્વામી પણ છે. આપના ધન સ્થાનમાં વર્ષારંભે કોઈ જ ગ્રહ નથી આપના ધન સ્થાનનો સ્વામી જે ત્રીજા સ્થાનનો સ્વામી પણ બને છે તે આપના સુખ સ્થાને બીરાજેલ છે. આપના પરાક્રમ સ્થાને રાહુ મહારાજ બીરાજેલ છે. આપના સુખ સ્થાનનો સ્વામી આપના રાશ્યાધિપતિ ગુરૂ મહારાજ છે. આપના વિદ્યમભુવનમાં વર્ષારંભે કોઈ જ ગ્રહ નથી. આપના વિદ્યાભુવનનો સ્વામી આપના આયુષ્ય સ્થાને બીરાજેલ છે. જે આપના વ્યય સ્થાનના સ્વામી પણ છે. આપના શત્રુસ્થાનનો સ્વામી શુક્ર છે જે આપના કર્મસ્થાનને શોભાવે છે. આપના શત્રુ સ્થાને વર્ષારંભે કોઈ જ ગ્રહ નથી. આપના ભાગીદારી સ્થાનમાં વર્ષારંભે કોઈ જ ગ્રહ નથી. આપના ભાગીદારી સ્થાનનો સ્વામી બુધ જેં આપના કર્મસ્થાનનો સ્વામી પણ છે તે આપના લાભ સ્થાનમાં સૂર્ય ચંદ્રની યુતિમાં છે. આપના આયુષ્ય સ્થાનના સ્વામી ચંદ્ર દેવ આપના લાભસ્થાનમાં સૂર્ય-બુધ ની યુતિમાં બિરાજમાન છે. આપના ભાગ્યભુવનમાં ગુરૂ અને કેતુ બિરાજેલ છે. આપના ભાગ્યભુવનનલો સ્વામી આપના લાભ સ્થાનમાં ચંદ્ર-બુધની યુતિમાં છે. આપના કર્મ સ્થાને શુક્ર બિરાજેલ છે. આપના ભાગ્યભુવનનો સ્વામી પણ છે. તે આપના લાભ સ્થાનમાં સૂર્ય-ચંદ્રની યુતિમાં છે. આપના લાભ સ્થાનનો સ્વામી શુક્ર જે કર્મ સ્થાનમાં બીરાજે છે જે ત્યાં પરિવર્તન યોગ બનાવે છે. આપના વ્યયસ્થાનમા૦ વર્ષાના પ્રારંભે કોઈ જ ગ્રહ નથી વ્યય સ્થાનનો સ્વામી મંગળ છે. જે અષ્ટમ ભાવમાં બિરાજે છે.

વર્ષ દરમ્યાન યાત્રા પ્રવાસ થાય આપને આ વર્ષ દરમ્યાન આપના કિમતી સામાન અને આપના કિમતી સ્વાસ્થ્યનું ધ્યાન રાખવાની ખાસ સલાહ છે. આપે વર્ષ દરમ્યાન કોઈ ને પ્રોમિસ આપવાથી દૂર રહેવું વધુ પડતા વચનો અને વાયદાઓ આપને અને આપનછ શાખ માટે નુકશાનકર્તા છે. નવી નોકરી સ્થાનફેર ભાગ્યોદયની તક પ્રાપ્ત થશે કોઈ ધાર્મિક કાર્ય સફળતા પૂર્વક પૂર્ણ થશે. દરેક કાર્યને સમય આપો જે યોગ્ય સમય આવ્યે પૂર્ણ ગશે.

'ધીરે ધીરે રે મના, ધીરે સબ કુછ હોફ,
માલી સીંચે સૌ ઘડા, ઋતુ આયે ફલ હોય''

મનમાં શાંતિ રાખવી બધુ જ કાર્ય ધીમે ધીમે તેના યોગ્ય સમયે જ થાય છે. ઝાડને ગમે તેટલુ પાણી આપો પણ ઋતુ આવ્યે જ ફળ મલે છે. પરિણામ મેળવવા ધૈર્ય ખુબ જ જરૂરી રહેશે.

ટેરોટ કાર્ડઃ આ વર્ષનું આપનું કાર્ડ છે. (એસ ઓફ વોન્ડસ) જે નવી શરૂઆતનું પ્રતિક છે. નવી ઉર્જા, નવો ઉત્સાહ અને નવી તકોથી ભરેલુ છે. આ વર્ષ જો તકે કોઈ નવો બીઝનેશ કરવા કે નોકરી કે પ્રોજેકટની શરૂઆત કરવા માંગો છો તો આનાથી સારો સમય બીજો કોઈ નહિ હોઈ શકે. ભાગ્ય તમારો પૂર્ણ સાથ આપશે. તેમાં પણ જન્મના ગ્રહો પણ જો પ્રબળ હશે તો સોનામાં સુગંધ ભળી જશે. વર્ષ દરમયાન ઉતાવળા નિર્ણયો વગર વિચાર્યો કે પ્લાનિંગ વગર કોઈ શરૂઆત કરવી નહિ આગળ જે થશે તે જોયુ જશે તે વિચાર કરવો નહિં. આયોજન પાકુ રાખવુ અને કાર્ય કરવું લગ્નયોગ ઉભા થશે જે જીવનની નવી શરૂઆત છે, તો આ વર્ષ સારુ રહેશે.

આર્થિક બાબતેઃ આર્થિક બાબતે આપનું આ વર્ષ સારુ રહેશે. આવકમાં વૃધ્ધિ થશે જાવક પણ સામે રહેશે. જે સુખદાયક જાવક હશે. મોજ શોખ પ્રોપર્ટી, જ્વેલરી, મુસાફરી, ખાણી-પીણી, મકાનમાં લકઝરી વધારવા માટે ખર્ચ રહે. નાણાનું રોકાણ એક જ જગ્યાએ અને એક જ સમયે ન કરવું. નાણા રોકાણ સમયે સલામતછન. પ્રાયોરીટી આપવી વળતર ભલે થોડુ ઓછુ મલે. ગર્વમેન્ટ સ્કીમ એલ.આઈ.સી કોઈ સારા મ્યુચ્યુઅલ ફંડ, સોના ચાંદી બીલવાળા યોગ્ય વ્યક્ચિ પાસેથી લેવા વર્ષ દરમ્યાન રોકાણ કરવા સમયે છેતરાવ નહિ તેનું ધ્યાન રાખવું. વિદેશી નાણાનો સ્ત્રોત ઉભો કરી શકો. ઓનલાઈન બીઝનેશ થી ધન લાભ. અણધારી જગ્યાએથી ધન લાભ થઈ શકે છે. આપની બુધ્ધિમતા કમ્યુનિકેશન પાવર જે દરકે મિથુન રાશીના વ્યક્તિઓને બાય બોર્ન મલેલ ગીફટ છે તેનો ઉપયોગ પૂરેપુરો કરવો.

કૌટુંબિક બાબતેઃ કૌટુંબિક બાબતે વિક્રમનું નવું વર્ષ મિશ્ર ફળ આપનારુ રહેશે. આપને આપના પિતાશ્રીનો સહકાર સારો રહેવાનો છે. પેઢીદર વ્યવસાયથી લાભ રહેશ. જીવનસાથી સાથે સુમેળભર્યુ વલણ રાખવું સંતાનોના પ્રશ્નો બાબતે આપ ચિંતિત રહેવાના છો. આપને વર્ષ દરમ્યાન કોર્ટ કચેરીથી દૂર રહેવાની સલાહ છે. વિદેશ જવાની ઈચ્છા ફળવાની છે. આપ આપની જવાબદારીઓ વર્ષ દરમયાન ખૂબ જ સારી રીતે પૂર્ણ કરી શકશો. સમય સારો હોવા છતા પણ આપની ધીરજ અને સહનશિલતાની કસોટી થશે. તેમ કેટલી ધીરજ કેળવી શકો. પરિવારજનો સાથે સુમેળ વધવાનો છે. વડિલોના આશિર્વાદ તેમજ માર્ગદર્શનથી ઘણી મુશ્કેલીઓ દૂર થઈ જશે. વાણીમાં સૌમ્યતા લાવવી જેથી નાની મોટી ગેરસમજણો વધે નહિ. ઘરમાં માગલિક પ્રસંગોનું આયોજન થશે. આપ આપના કુટુંબ માટે સગવડતામાં વધારો કરી શકશો જેનાથી આનંદ ઉત્સાહ વધશે.

વ્યાપારીઓ અને નોકરીયાતો માટેઃ વ્યાપારીઓ માટે આ વર્ષ ખૂબ જ પ્રભાવશાળી રહેશે. ટ્રાવેલ, હોટલ, શૈક્ષણિક સામગ્રી, બુક પબ્લીશિંગ એજન્સી, આર્યુવેદ ઔષધીના વ્યાપારથી અઢળક લાભ રહેશે. ધંધાના વિસ્તણ માટે નવી જગ્યાએ શાખા ખોલવા માટેનો શ્રેષ્ઠ સમય છે, જેના માટે બીઝનેશ ટ્રીપ થશે. આપને વ્યાપારમાં ભાઈ-બહેનો અને મિત્રોનો સહકાર રહે. આપની બુધ્ધિ પ્રતિભા આપને આગળ વધવામાં મદદ કરશે. આપનો સ્વભાવ પણ તેટલો જ મહત્વનો ભાગ ભજવે છે. લાંબા અંતરની ટ્રીપથી બીઝનસમાં મોટો આર્થિક લાભ થતો સોદો ફાઈનલ થશે. આપના સાહસો આપણને સફળ અને સમૃધ્ધ બનાવે.

નોકરીયાતોને નોકરીમાં વધુ મહેતન સફળતા અપાવે તેવું છે. આપને નવી નોકરીની ઓફરો આવે પરંતુ ફેરફાર કરતા પહેલા લાંબાગાળાનો વિચાર એકવાર નહિ પરંતુ સાતવાર કરીને જ ફેરફારો કરવા. નોકરીની સાથે આપને ઘર કુટુંબનું ટેન્શન રહ્યા કરે. વિદેશી કંપનીની નોકરીયાતોને નોકરીમાં લાભ થશે અને ખુબ જ સારો લાભ મલે. નોકરીમાં પદોન્નતિ થશે. સહકર્મીઓ તેમજ હેડનો સાથ સહકાર સારો રહેશે. જેનાથી આપને હળવાશની અનુભુતિ રહેશે. નોકરીમાં વર્ષના અંતે ખુબ જ સારા સંતોષકારક પરિણામો મળશે. જેનાથી આપની પ્રશંસામાં વધારો થશે અને મોટો પ્રોજેકટ આપને પૂર્ણ કરવા મલશે.

સ્થાવર મિલ્કત બાબતેઃ વિક્રમનું નવું વર્ષ આપને માટે લાભદાયક રહેશે. સંતાનોનો સહકાર સારો રહેવાનો છે. આપને જમીન મકાનની ખરીદી શક્ય બને. વારસાગત મિલ્કતનો લાભ ધર્યા કરતા થોડો મોડો મલે. આપને ઓફિસ દુકાનને મોડર્નાઈઝ કરવાની ઈચ્છા ફળશે. કોમ્પ્યુટર વગેરેની ખરીદી શક્ય બને. કોર્ટકેીનો ચુકાદો આપની તરફેણમાં આવે. મિલ્કતની ખરીદી કરતા પહેલા કાગળો ચોક્કસ પણે ચકાસવા. મિલ્કતની ખરીદી માટે નવું વર્ષ ઉત્તમ રહેશે. ઉતાવળમાં અને ઉત્સાહમાં આવીને ડીલ કરવાથી ચેતવું ખેતીવાડીમાં આપ આપના ખેતર માટે નવી જગ્યાની ખરીદી કરી શકશો. આપને નવી ઓફિસ કે દુકાનની ખરીદીમાં સફળતા મલશે.

સ્વાસ્થ્ય બાબતેઃ વિક્રમનું નવું વર્ષ સ્વાસ્થ્ય બાબતે મધ્યમ રહેશે. આપને આપના ખાવા પિવાના શોખને કાબુમાં રાખવું આપને દરેક ચિંતાઓ છોડીને મનને આનંદમાં રાખવાની સલાહ છે. તેનાથી નાની નાની બિમારીઓ છૂમંતર થઈ જશે. વર્ષ દરમ્યાન આપની વાણીની કડવાશને દૂર રાખવાની કોશીષ કરવી. વાહન ચલાવવામાં તકેદારી રાખવી. નાની તકલીફોને સત્વરે ઈલાજ કરાવી લેવો. બેદરકારી ટાળવી. કોઈ મોટી બિમારી નો સ્કોપ નથી. માનસિક વિચાર વાયુ અને નાની નાની રોજની તકલીફો માથાનો દુઃખાવો, પેટ, આંખમાં બળતર માટે સારુ ભોજન અને આરામ લેવાથી લાભ મળશે.

મહિલાઓને માટેઃ વિક્રમનું નવું વર્ષ મહિલાઓને માટે સામાન્ય રહેશે. વર્ષ દરમ્યાન આપને ત્યાં હોમ, હવન, જાપ વગેરે ધાર્મિક કાર્યો ખુબ જ સફળતા પૂર્વક થશે. જીવન સાથીની પ્રગતિ થવાની છે જેનાથી આપનું મન પ્રફુલ્લિત રહેશે. સાથે સાથે આપને તેમની સાથે મતભેદો રહ્યા કરે જે મન દુઃખમાં પરિવર્તિત ન થાય તે જોવું. કોઈ વ્યવસાય કરવાની ઈચ્છા ફળશે. ખાણી-પીણીના વ્યવસાયથી લાભ. ટ્યુશન કે કોઈ કલાના ક્લાસીસ જેમ કે ડાન્સ, ડ્રોઈંગ જેવા આપ શરૂ કરી શકશો. તેમાં સફળતા રહેશે. આપના પ્લાનિંગ કોઈને અગાવથી કહેવા નહિ. હિતશત્રુઓ અડચણો ઉભી કરી શકે છે.

વિદ્યાર્થી મિત્રો ને માટેઃ વિદ્યાર્થી મિત્રો આ વર્ષ સારુ રહેશે. મહેનતનું પુરેપુરુ ફળ મળશે. વડિલોનો સહકાર ખુબ જ સારો રહેવાનો છે. વિદેશ જવાની ઈચ્છા ફળવાની છે. આપ જો રમત ક્ષેત્રે આગળ વધવા માંગતા હશો તો આ વર્ષ ઉત્તમ રહેશે. મેડલ ઈનામ સર્ટીફિકેટ મેળવવા માટે સમયને વેડફવો નહિં. આ સમય અભ્યાસ માટે છે. તેનો ઉપયોગ પુરેપુરો કરવો. યોગ્ય મિત્રો અભ્યાસમાં ઉપયોગી થશે.

★ હળદરની ગાંઠ સાથે રાખવી લાભ અપાવશે.

''લગ્ન મેળાપમાં નાડી મેળવવી બીલકુલ જરૂર નથી''



હાલમાં લોકો જન્માક્ષર મેળવવામાં વધુ માનતા થયા છે. બધુ જ બરાબર હોય, ફેમિલીની રીતે પણ એક બીજાને અનુકુળ હોય, રહેણી કહેણી બંને ફેમીલીની એકબીજાને ગમતી હોય, છોકરાછોકરી પણ એક બીજાને બહુ જ પસંદ હોય પણ જો જન્માક્ષર ન મળતા હોય તો વાત અટકી જાય છે જો જન્માક્ષર મળતા હોય અને નાડી દોષ છે તેવું કહેવામાં આવે ત્યારે પસંદગી પામેલી વ્યકિતને કારણ વગર ત્યજી દેવામાં આવે છે. વાતને બ્રેક લાગી જાય છે.

આ બાબતે મારૂ (કુમાર ગાંધીનું) માનવું છે કે વાચકોએ -જયોતિષિઓએ આ બાબત મંથક કરીને કોઇ નિચોડ કાઢીને લોકોને ઉપયોગી થઇ શકાય તેવુંફળકથન કરવું જોઇએ.

ઘણી વખત નાડી દોષ ન હોવા છતાં સંતાન થતા નથી અને લગ્ન જીવનમાં મુશ્કેલી ઉભી થાય છે. બધુ મેળવેલું હોય છતાં લગ્ન જીવનમાં અસંતોષ રહે છે. ત્યારે શું સમજવું અને નાડી દોષ હોવા છતાં લગ્ન કર્યા હોય અને લગ્ન જીવન સુખી હોય અને સંતાનો પણ તંદુરસ્ત હોય ત્યારે શું સમજવું ?

મારી દ્રષ્ટિએ ફકત નાડીદોષ કે ગુણાંક બીજા ઘણા બધા પાસાઓ લગ્ન જીવનને સ્પર્શે છે જેની નોંધ લેવી જોઇએ.

ફકત મેળાપ જ નહીં પણ બધા પાસાઓને ધ્યાનમાં લેવા જોઇએ. યુગ પરિવર્તન પ્રમાણે ફળાદેશ કરવું જોઇએ.





કુમાર ગાંધી
૦૨૮૧-૨૨૩૦૩૨૭
૯૩૭૪૮ ૧૬૯૭૭

વિક્રમ સંવત ૨૦૮૩ 'કાલયુકત સંવત્સર' રાશિવાર વાર્ષિક ભવિષ્ય

રાશિ નં-૧૦

મકર રાશિ (ખ.જ)





મકર રાશિ - રાશિ ચક્રની દસમી રાશિ છે. જેની રાશ્યાકૃતિ મગર છે. મકર રાશિમાં ઉતરાષાઢાના ત્રણ ચરણ, શ્રવણના ચાર અને ઘનિષ્ઠા નક્ષત્રના બે ચરણ સમાવેશ થાય છે. મકર રાશિના રાશ્યાધિપતિ શનિદેવ છે. પૃથ્વી તત્વવાળી રાશિ છે. સંજ્ઞાચર છે, દિશા દક્ષિણ છે, વ્યકિત સ્વભાવે રહસ્યમય, ગંભીર અને અંદરથી ભોળા બીજાનો વિચાર પહેલા કરનાર હોય છે. ડાર્ક ગ્રે અને ડાર્ક બ્લુના તમામ શેડસ, બ્લેક પણ લક્કી કલર છે.

વિક્રમ સંવતના પ્રારંભે આપના દેહ ભુવનમાં કોઈ જ ગ્રહ નથી. આપના દેહભુવનનો સ્વામી જે આપના ધન સ્થાનનો સ્વામી પણ છે. તે આપના પરાક્રમ સ્થાને બીરાજેલ છે. આપના ધન સ્થાનમાં રાહુ બીરાજમાન છે. આપના પરાક્રમ સ્થાનનો સ્વામી આપના વ્યય સ્થાનનો સ્વામી પણ છે. તે આપના અષ્ટમ સ્થાનમાં કેતુ સાથે બિરાજેલ છે. આપના ચોથા સ્થાનમાં વર્ષ આરંભે કોઈ જ ગ્રહ નથી. ચોથા સ્થાનનો સ્વામી જે આપના ભાગીદારી સ્થાને બીરાજેલ છે તે આપના લાભ સ્થાનના સ્વામી પણ છે. આપના પંચમ સ્થાને પણ વર્ષારંભે કોઈ જ ગ્રહ નથી. આપના પંચમ સ્થાનનો સ્વામી જે આપના કર્મ સ્થાનનો પણ સ્વામી છે તે આપના ભાગ્ય ભુવનમાં બીરાજેલ છે. આપના શત્રુ સ્થાને પણ કોઈ જ ગ્રહ નથી. શત્રુ સ્થાનનો સવામી જે નવમા સ્થાનનો સ્વામી પણ છે. તે આપના કર્મસ્થાને સૂર્ય-ચંદ્રની સાથે બિરાજેલ છે. અહિં આપના પરિવર્તન યોગનો લાભ મળશે. આપના ભાગીદારી સ્થાનમાં સેનાપતિ મંગળ બીરાજેલ છે. આપના ભાગીદારી સ્થાના સ્વામી ચંદ્ર આપના કર્મ સ્થાને સૂર્ય-બુધની યુતિં છે જે સૂર્યદેવ આયુષ્ય સ્થાનના સ્વામી છે અને બુધ ભાગ્ય ભુવનનો સ્વામી છે. આયુષ્ય સ્થાને ગુરૂ, કેતુ અને ભાગ્ય ભુવનમાં શુક્ર બીરાજેલ છે. જે આપના કર્મ સ્થાનનો સ્વામી છે. કર્મ સ્થાને સૂર્ય ચંદ્ર બુધની યુતિ છે. લાભ સ્થાન તથા વ્યય સ્થાનમાં વર્ષ પ્રારંભે કોઈ જ ગ્રહ નથી. લાભ સ્થાનનો સ્વામી મંગળ સાતમા સ્થાને અને વ્યય સ્થાનનો સ્વામી આઠમા સ્થાને કેતુ સાથે બીરાજે છે.

વર્ષ દરમ્યાન નોકરીમાં થોડી મુશ્કેલીઓ રહે. ઉપરી અધિકારીઓ સાથે દલીલો ટાળવી. વચ્ચે વચ્ચે લાભો પણ મળતા રહેશે. જે આપને રાહત અપાવશે. લાંબા ગાળાના રોકાણ, ટેકિનકલ બાંધકામ ક્ષેત્રે સ્થિરતા અને વાહન કે મિલ્કતની ખરીદી કાર્યોમાં વિલંબ આવતા જણાય. નજીવી બાબતે કે યેનકેન પ્રકારે કામમાં વિલંબો આવે, જે ધાર્યો નફો મોડો અપાવે અને માનસિક તનાવ વધારે. વર્ષ દરમ્યાન યાદ રાખો - ''સમય બડા બલવાન હૈ, આદમ કો દે માત, રાજા કો રંક કરે, રંક કો રાજા સાથ''. એટલે સમય સારો છે તો તે અને ખરાબ છે તો તેને પણ માન આપવું અને ખોટા લોકો સાથે દલીલમાં ન ઉતરવું, સમય જ બધાને યોગ્ય જવાબ આપશે.

ટેરોટ કાર્ડ - વિક્રમ સંવતના નવા વર્ષનું ટેરોટ કાર્ડ છે - ''ધ વર્લ્ડ'' આ કાર્ડનું નામ જ વિશ્વ છે. જે આપને પૂર્ણતા સફળતા અધૂરા કાર્યોને આગળ વધારવાનો સંકેત આપે છે. આ વર્ષે આપની ઈચ્છાઓ, સપનાઓ પૂર્ણ થશે. આપને આપના કુટુંબ એક રહીને સફળતા મેળવી શકશો. કુટુંબીજનોનો પ્રેમ રહેશે. વિદેશ જવાની કે વિદેશમાં સેટલ થવાની આપની ઈચ્છા પૂર્ણ થશે. આપ આ વર્ષે આપની મહેનત રંગ લાવતી જોઈ શકશો. એકંદરે કહીએ તો આ કાર્ડ આપને આ વર્ષે ઘણું બધુ અપાવી જશે. તે મનપસંદ જીવનસાથી હોય, પૈસા, સંતાન, સફળતા પણ હોઈ શકે છે.

આર્થિક બાબતે - વિક્રમ સંવતનું નવું વર્ષ ખૂબ જ સારું રહેશે. જે સ્થાયી લક્ષ્મી અપાવશે સાથે મહેનત પણ કરાવશે. પરંતુ આપની મહેનતના ફળની લક્ષ્મી પ્રાપ્ત કરીને આપને એક અલૌકિ આનંદની પ્રાપ્તિ થશે અને સંતોષની અનુભૂતિ થશે. વર્ષ દરમ્યાન અહંકાર અને દેખાડો કરવા પાછળ ધન ખર્ચ ન કરવાની ખાસ સલાહ છે. લોન લઈને લકઝરીઓ લેવી જેમકે ગાડી વગેરે લેવી જરૂરીયાત ન હોવા છતા આવા ખર્ચ કરવા નહિં. આયોજન અને દીર્ઘ દ્રષ્ટિ રાખીને કરેલા રોકાણથી વધુ લાભ રેહશે. સમૃદ્ધિ આવશે. આ વર્ષ આપને નાણાકીય સ્થિતિ મજબૂત કરશે અને સમાજમાં આપનો પ્રભાવ વધારશે. રોકાણ કરવામાં જયાં અટકો ત્યાં ફાઈનાન્સીયલ એડવાઈઝરની સલાહ લઈને આગળ વધવું. જયારે તેમાં કન્ફયુઝન થાય ત્યારે યોગ્ય સલાહ લેવી. આપના વડિલોની સલાહ પણ લઈ શકો. સોના ચાંદી, ઝવેરાત અને ઉર્જા ક્ષેત્રથી સારો એવો ધનલાભ થશે.

કૌટુંબિક દ્રષ્ટિએ - વિક્રમનું નવું વર્ષ સારું રહેશે. આપને આપના કુટુંબનો સાથ સહકાર, સ્નેહ સારો મળશે. સંતાનોની સગાઈ, લગ્નના પ્રશ્નોમાં સફળતા મળે. માંગલિક પ્રસંગનું આયોજન થાય. નાની નાની વાતોમાં ઉગ્રતા ન કરવી હિતાવહ રહેશે. વડિલો તેમજ જીવનસાથીના સ્વાસ્થ્ય અંગે ચિંતા રહેશે અને ખર્ચ રહેશે. આપ કુટુંબની આવક વૃદ્ધિમાં આપનો ફાળો આપી શકશો. નવું કાર્ય શરૂ કરી શકશો. વર્ષની શરૂઆતના સમયમાં પરિવારના સભ્યો સાથે વૈચારિક અસમાનતા જોવા મળી શકે છે. કુટુંબના સભ્યોમાં વૃદ્ધિ થશે. આપને નવી જવાબદારીઓ મળશે. આપને ત્યાં નાના બાળકની પધરામણી થશે. કુટુંબના વ્યવસાયને આપ આગળ વધારી શકશો. જેમાં નવીનીકરણથી આવકમાં વૃદ્ધિ થવાની છે. કઈ કિંમતી વસ્તુ આડે હાથ મુકાઈ જાય અને યાદ ન આવે. સંતાનોના પ્રગતિ પત્રકમાં સારૂં પરિણામ જોઈને આનંદ ઉત્સાહ થશે.

વ્યાપારીઓ તથા નોકરીયાતોને માટે - વ્યાપારી મિત્રોને માટે આ વર્ષ મધ્યમ રહેશે. આ વર્ષ દોડધામભર્યુ રહેશે. આપને બે નંબરી વ્યાપારથી લાભ રેહશે. ઉધારી વ્યાપારમાં ધ્યાન રાખવું. વર્ષ દરમ્યાન આપની ઓળખાણો અને પોઝીટીવ એટીટયુડ બહુ જ મહત્વના રહેશે. આપના આગળના અનુભવોથી આપને લાભ મળશે. ભાઈ બહેનોનોસહકાર સારો રહેશે. નવા સાહસ કરતા પહેલા વિચારીનેકાર્ય કરવું. વિખવાદોથી દૂર રહેવું. જૂના કોર્ટ કેસ તકલીફ ઉભી કરે. આપને ભાગીદારી યોજનાથી લાભ રહે. પરંતુ નાણાની બચત ખુબજ જરૂરી બનશે. આ વર્ષે નાણા વેડફાય નહિં તેનું ધ્યાન રાખવું. વ્યાપારમાં નુકશાનના યોગ પણ બતાવે છે. તો ચેતીને કાર્યો કરવા, ઉધારી આપવામાં ધ્યાન રાખવું. લાલચથી દૂર રહેવું હિતાવહ છે. ઈલેકટ્રોનિક ચીજ વસ્તુ, ફાસ્ટફુડ, લોખંડના વ્યાપારમાં લાભ રહેશે. ઈમ્પોર્ટ એકસપોર્ટનો બિઝનેશ શરૂ કરી શકવાના છો.

નોકરીયાતોને નોકરીમાં મધ્યમ વર્ષ રહે. બચત કરવાની ખાસ સલાહ છે, આપનો વધુ પડતો આત્મ વિશ્વાસ આપને મુશ્કેલીમાં મૂકી શકે છે. કાન ખુલ્લા રાખીને કાર્ય કરવું. ઉપરી વર્ગ સાથે વિવાદથી દૂર રહેવું. આપ આપની ઈન્ટેલીજન્સી અને ટેલેન્ટથી નવી નોકરીની ઓફરો આવશે. જે લાભદાયક રહેશે. લગ્ન પ્રસંગ વગેરે માંગલિક કાર્યો ઘરમાં યોજાય, જીવનસાથીનો સહકાર સારો રહેશે. તબિયત નરમ ગરમ રહેતી જણાય. કલા તેમજ રમત ગમત પ્રત્યેનો આપનો લગાવ વધશે. તેમાં પણ આપ કંઈક નવું ઉત્તમ કરી શકશો. જે આપના માટે સંતોષકારક રહેશે.

સ્થાવર મિલ્કત બાબતે - વિક્રમનું નવું વર્ષ સામાન્ય રહેશે. આપના હાથમાંથી અનેક મિલ્કત જાય અને આપને તેનો અણસાર પણ ન આવે તેવી શકયતાઓ છે. આપને વર્ષ દરમ્યાન આપના દલાલ સાથે લાયેઝનમાં રહેવાની સલાહ છે. અજાણી વ્યકિત પાસેથી મિલ્કત અંગે વિશ્વાસ ન કરવો. જાતે જોઈને ચકાસણી કરીને સોદો કરવો, સુતી આપવી. આપ આપની મિલ્કતનો અંશ ધાર્મિક કાર્યો માટે આપો તેવી શકયતા છે. અથવા તો કોઈ વારસાગત મિલ્કત પર ધાર્મિક સ્થળ હોઈ શકે છે. સંયુકત મિલ્કતમાં આપને સમાધાન કરવું પડે. મિલ્કતની ખરીદી માટે ઉત્તમ સમય છે.

સ્વાસ્થ્ય બાબતે - વિક્રમનું નવું વર્ષ સ્વાસ્થ્ય બાબતે સારું રહેશે. શરદી, ઉધરસ, માથાનો દુઃખાવો પરેશાન કરે, જે સામાન્ય રૂપે હશે. જન્મના ગ્રહો જો પ્રબળ હશે તો વર્ષ દરમ્યાન કોઈ ગંભીર બીમારીથી છુટકારો મેળવી શકશો. લાંબા રૂટ પર ફોરવિલર જાતે ન ચલાવવાની સલાહ છે. પરિવારના સભ્યો સાથે સુમેળ રાખવો, ગુસ્સાને કાબુમાં રાખવો. જે આપના સ્વાસ્થ્યને અસર કરે છે. માતાપિતાના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. વ્યર્થ ભ્રામક વિચારોથી દુર રહેવું. જે મેન્ટલ બેલેન્સ બગાડશે. એકંદરે કોઈ મોટી બિમારી નથી.


મહિલાઓને માટે - મહિલાઓને માટે આ વર્ષ સારું રહેવાનું છે. આપને આપના કુટુંબીજનો અને જીવનસાથીનો સાથ રહેશે અને આપના જીવનમાં આનંદ ઉલ્લાસ રહેશે. આપ કોઈ અવનવા રચનાત્મક કાર્યોની શરૂઆત કરી શકશો. ઘરેથી કોઈ નાનો બિઝનેશ સ્ટાર્ટ કરશો. પરિવારના અન્ય સભ્યો સાથે મતભેદો રહેશે. આપના નામ પર પ્રોપર્ટીની ખરીદી શકય બનશે. સ્વાસ્થ્ય બાબતે બેદરકાર રહેવું નહીં. રાત્રી ઉજાગરા ટાળવા, સમયસર ભોજન લેવું. મિત્રો સહેલીયો સાથેની મુલાકાતથી કાંઈક નવું જાણી શકશો અને તેનો લાભ લઈ શકશો.


વિદ્યાર્થી મિત્રો - વિદ્યાર્થી મિત્રોને માટે આ વર્ષ સારું રહેશે. તમને દરેક ક્ષેત્રે સફળતા મળશે. એક વાત યાદ રાખવી ''સકસેસ ઈઝ એ જરની, નોટ અ ડસ્ટીનેશન''. મહેનતના ફળ મીઠા છે સફળતા જોઈને રોકાવું નહીં, વધુને વધુ મહેનત કર્યા કરવું. આપ અભ્યાસની સાથે આર્થિકમ ઉપાર્જન પણ કરી શકશો. જે આપના માતાપિતા માટે ગર્વની અનુભૂતિ કરાવશે. સ્વાસ્થ્ય બાબતે બેદરકાર બનવું નહિં. ગુસ્સા પર કાબુ રાખવો ખૂબ જ જરૂરી છે.

★ લોખંડની વીટી, કોલસાનો નાનો ટુકડો કે કાળો દોરો સાથે રાખવાથી લાભ.

રાશિ નં-૧૧

કુંભ રાશિ (ગ.શ.સ)





કુંભ રાશિ રાશિચક્રની અગિયારમી રાશી છે. કુંભ રાશીની રાશ્યાકૃતિ ઘડો છે. શનિ મહારાજ આપના રાશિયાધિપતિ છે. સંજ્ઞા સ્થિર, પુરૂષ જાતિ, વાયુતત્વ વાળી રાશિ છે અને દિશા પશ્ચિમ છે. કુંભ રાશિમાં ધનિષ્ટાના બે ચરણ, શતભિષાના ચાર ચરણ અને પૂર્વ ભાદ્રપદના ત્રણ ચરણ આવેલ છે. આ વ્યકિતઓ સ્વભાવે આનંદી, ધીમા, નિષ્ફીક્ર શાંત હોય છે. બ્લેક અને ગ્રે કલરના તમામ શેડ્સ લક્કી કલર છે.

વિક્રમ સંવતના પ્રારંભે આપના દેહભુવનમાં રાહુ બીરાજેલ છે. આપના દેહભુવનનો સ્વામી જે આપના વ્યયસ્થાનનો સ્વામી પણ છે તે આપના ધન સ્થાને બીરાજે છે. આપના ધન સ્થાનનો સ્વામી જે આપના લાભ સ્થાનનો સ્વામી પણ છે તે આપના સપ્તમ સ્ગાને કેતુની સાથે બીરાજે છે. આપના ત્રીજા સ્થાનમાં વર્ષાના પ્રારંભે કોઈ જ ગ્રહ નથી તેવી જ રીતે ચોથા તથા પંચમ સ્થાને પણ કોઈ જ ગ્રહ નથી. તેવી જ રીતે આપના કર્મ સ્થાન, લાભ સ્થાને તેમજ વ્યય સ્થાન વર્ષના પ્રારંભે કોઈ જ ગ્રહ નથી. આપના ત્રીજા સ્થાનનો સ્વામી જે કર્મ સ્થાનનો સ્વામી પણ છે તે આપના શત્રુસ્થાનનમાં મંગળ મહારાજ બીરાજે છે. આપના સુખનો સ્વામી જે આપના ભાગ્યભુવનનો સ્વામી પણ બને છીંફ. જે આપણા અષ્ટમા સ્થાને બીરાજે છે. આપના પંચમ સ્થાનનો સ્વામી જે આયુષ્ય સ્થાનનો સ્વામી પણ બને છે. તે આપના ભાગ્યભુવનમાં રહેલ સૂર્ય - ચંદ્રની યુતિમાં છે. આપના ભાગ્યભુવનમાં રહેલ સૂર્ય ચંદ્ર દેવ આપના ભાગીદારી સ્થાનના સ્વામી છે. આપના ભાગીદારી સ્થાનમાં ગુરૂ-કેતુ બીરાજે છે. આપના શત્રુ સ્થાનમાં મંગળ બીરાજે છે. આપના શત્રુસ્થાનનો સ્વામી ચંદ્ર જે આપના ભાગ્યભુવમાં બીરાજે છે. આપના આયુષ્ય સ્થાને શુક્ર બીરાજે છે. આપના આયુષ્ય સ્થાનનો સ્વામી બુધ અને ભાગ્યભુવનનો સ્વામી આયુષ્ય સ્થાને બીરાજે છે અને પરિવર્તન યોગ રચે છે. આપના કર્મ સ્ગાનનો સ્વામી શત્રુ સ્થાને છે. આપના લાભ સ્થાનનો સ્વામી સપ્તમ સ્થાને કેતુ સાથે છે જ્યારે વ્યય સ્થાનનો સ્વામી બીજા સ્થાને બીરાજે છે.

વર્ષ દરમિયાન અજાણ્યા લોકોથી સાવધાન અને મીટા બોલા લોકોથી પણ ચેતતા રહેવું. આપનો દરેક વ્યક્તિ પર મૂકેલ ઝડપથી વિશ્વાસ અને ઉતાવળીયા સાહસ આપને નુકસાનીમાં મુશ્કેલીમાં મૂકી શકશે. આઈ.ટી., ડીજીટલ માર્કેટિંગ, મીડિયા, નવી ટેકનોલોજી અને નવીન યોજનાઓથી અણધાર્યા લાભ અપાવશે અને તેવા સમયે લાભ અપાવશે જે આપે વિચાર્ય પણ નહીં હોય કોઈ પણ વ્યક્તિને જજ ન કરવા તેના માટે મનમાં ગ્રંથી બાંધી ન લેવી, કોઈ ખરાબ જ છે તેવું ન વિચારવું બને કે તેનો સમય ખરાબ હોય તેના આધારે તેનો વ્યવહાર હોય, તેથી યાદ રાખો - ''બુરા જો દેખન મૈ ચલા, બુરા ન મિલિયા કોય,

જો દિલ ખોજા અપના, મુજસે બુરા ન કોય''

દરેક વ્યક્તિને જતી કરીને સ્વયં ના વ્યવહાર પર ફોકસ કરવું જેનાથી આત્મવિશ્લેષણ કરીને સુખ અને શાંતિ અનુભવાય.

ટેરોટ કાર્ડઃ- આ વર્ષનું આપનું કાર્ડ છે - ધ મેજીશીયન-જાદુગર- જે આપના માટે પરફેકટ કાર્ડ છે આપની રાશિની ગૂઢતાને સંબોધે છે. આપની બુધ્ધિમતા, કૌશલ્ય અને ટેકનોલોજીના ઉપયોગથી આપ ચમત્કારીક પરિણામો લાવી શકવાના છો. આપનામાં અદ્ભૂત આત્મવિશ્વાસ રહેશે. આપના બીઝનેશન આપના પ્રોગ્રેસને આગળવધારવા માટે સુવર્ણ સમય છે. કોઈએ વિચાર્યુ ન હોય તેવી સફળતા આપ આપના કાર્યોથી મેળવી શકશો. આપને આપની સતા અને ક્ષમતાનો દુરૂપયોગ ન કરવાની સલાહ છે. શોર્ટકટથી દૂર રહેવું. ન ધારેલી સફળતા અને સિધ્ધિ આપની રાહ જોઈ રહી છે. નવા વર્ષને ખૂબ જ અદ્ભૂત રીતે આવકારીને સફળતા મેળવો તેવી શુભેચ્છા. નકારાત્મ વિચારો અને વ્યક્તિઓથી દૂર રહેવું.

આર્થિક બાબતેઃ- આર્થિક બાબતે વિક્રમનું નવું વર્ષ મધ્યમ રહેશે. આપને વર્ષ દરમિયાન બચત તરફ વધુ ધ્યાન દેવાની સલાહ છે. નવા રોકડના ઈનફલો માટે ઉતાવળ કરવી નહીં છેતરામણી કે ભ્રમણાત્મકતાથી દૂર રહેવું. તમારી મહેનત જ તમને આર્થિક લાભો કરાવશે. સરકારી કાર્યો સમયસર કિલયર રાખવા. ઈમ્પોર્ટ એકસપોર્ટના વ્યાપારથી આર્થિક લાભ થશે. અનાજ, મસાલા, કેમિકલ્સ કાગળના વેપારીઓને સારો ધન લાભ થશે. ઘરમાં એવી પ્રોપર્ટી ખરીદીની ઈચ્છા પાછળ ધન ખર્ચ રહે.

કૌટુંબિક બાબતેઃ- કૌટુંબિક રીતે જોતા કહી શકાય કે આ વર્ષ મિત્ર ફળ વાળું રહેશે. આપના માનસિક વિચાર વાયુ રહ્યા કરે તબીયત નરમ ગરમ રહે મન કોઈ વસ્તુમાં લાગે નહીં જેથી આપ કોઈ સાથે સભાનતાથી વર્તી ન શકો. દરેક વસ્તુને મન પર લેવી નહીં. ધાર્મિક યાત્રા પ્રવાસ કરવાથી મનમાં હળવાશ અનુભવી શકો. સંતાનોની પ્રગતિ થશે અને સગાઈ લગ્નના કાર્યમાં સફળતા રેશે. આપને જીનવસાથી સાથે મતભેદો રહે જે મનભેદમાં પરવર્તે નહીં તેનું ધ્યાન રાખવું તેના સ્વાસ્થ્ય અંગે ચિંતા રહે. મનમાં એકલતા અશાંતિ અનુભવાય, પરિવાર સાથે ચર્ચા કરવાથી પ્રશ્નોનો ઉકેલ મળી જશે. વર્ષ દરમિયાન વડીલોની સલાહ સૂચનો ઉપયોગી થશે. કોઈપણ વ્યકિતના દીલના દૂભાવી ન દો તેનું ધ્યાન રાખવું નાની વાતો પણ ઘણું મહત્વ ધરાવે છે. બીજાની ઈચ્છા અને માન સમ્માનનું ધ્યાન રાખવું. કુટુંબના સભ્યો તરફથી આપને સારો સહકાર મળશે. ભાઈ બહેનો સાથે સુમેળ વધશે. કુટુંબ સાથે પીકનીક પ્રવાસનું આયોજન થાય.

વ્યાપારીઓ અને નોકરીયાતો ને માટેઃ- વ્યાપારીઓને નવું વર્ષ મધ્યમ રહેશે. હરિફ વર્ગનો સામનો રહેશે. તૈયાર વસ્ત્રો તેમજ મોજશોખની ચીઝ વસ્તુઓનો વ્યાપારમાં વધુ મહેનત રહેશે. આપના ઈનોવેટીવ આઈડીયાથી આપ વર્ષ દરમિયાન વ્યવસાયમાં પ્રગતિ કરશો. આપની કળા આ વર્ષે આપના આર્થિક ઉપાર્જનમાં ઉપયોગી સાબીત થશે. આપ નોકરી છોડીને વ્યફાપારમાં ઝંપલાવો તેવી શકયતા છે. આપ ભાઈ બહેનો સાથે સંયુકત વ્યવસાયમાં જોડાશો તો પણ લાભ રહેશે. જયાં સુધી બીઝનેસ પૂરપાટ નોકરીથી વધુ કમાણી ન કરે ત્યાં સુધી નોકરી પણ સાથે સાથે ચાલુ રાખવી. ટ્રાન્સપોર્ટ અને લોકિસ્ટિકસના વેપારીઓને પણ પ્રગતિકારક સમય છે. ઈલેકટ્રોનિક, ગેજેટસ, મોબાઈલ શોપ, સોફ્ટવેર ડેવલપમેન્ટના સંપૂર્ણ વિચારોથી કોઈ ચમત્કારિક લાભ મેળવશો.

નોકરીયાતોને નોકરીમાં સારો સમય છે. આપને વર્ષ દરમિયાન ગ્રાહકો કલાઈન્ટસો સાથે મનમેળ રહે અને આનંદથ આપ કાર્ય પૂર્ણ કરવાના છો આપ આપના નોકરીના ગોલ પૂર્ણ કરવામાં સફળ થશો. બીઝનેસ કરવાની આપની ઈચ્છાપૂર્ણ થશે પરંતુ જન્મના ગ્રહો જોઈને જ ફેરફાર કરવા. શરૂઆતનો સમય થોડો કપરો રહે. અટપટો કહી શકાય. નોકરીમાં આપને આપના કુટુંબના સભ્યોની ઓળખ કામ લાગે. કાર્ય સ્થળ પર થોડો ચેતીને કાર્ય કરવાની સલાહ છે. વિદેશ જવાની ઓફર આવે જે ખરેખર ભાગ્ય બદલાવનારી રહેશે. આપના માટે ટાઈમ ચેન્જર બનશે.

સ્થાવર મિલકત બાબતેઃ- સ્થાવર મિલકત બાબેત વિક્રમનું નવું વર્ષ સારૂ રહેવાનું છે. આપને વર્ષ દરમિયાન કોઈ મોટા લાભ મળશે. આપની સંયુકત મિલકતમાં ભાગલા પડે તેવા યોગ છે. આપની આપના મકાન કે ઓફિસમાં કોઈ નવા ફેરફારો કરવાની ઈચ્છા ફળશે. જમીન મકાનનની લે વેચમાં ઉતાવળ કરશો નહીં. આપ આપના ઘર માટે સુંદર રાચરચીલું ઉપયોગી સુંદર વસ્તુઓની ખરીદી કરવાના છો. આપ કોઈ એન્ટીક વસ્તુ ખરીદવા સમર્થ બનશો. આપની ઈચ્છા પ્રમાણે આપ મનગમતી મિલકતની ખરીદી કરી શકવાના છો. તેના માટે આપ નાણા કે લોન મેળવવામાં સફળ થશો.

સ્વાસ્થ્ય બાબતેઃ- સ્વાસ્થ્ય બાબતે આપનું નવું વર્ષ સારૂ રહેશે. આપને ગત વર્ષ કરતાં ઘણી રાહતનો અનુભવ થશે. તેમ છતાં વિચારવાયુથી જોજનોદૂર રેહેવાની સલાહ છે. જે પણ બને છે તે સારા માટે બની રહ્યું છે તેમ વિચારવાથી મનમાં પોઝીટીવીટી રહેશે. મિત્ર વર્તુળ વધારવું અને તેની સાથે વધુ સમય ગાળવાથી મન પ્રફુલ્લિત રહેશે. વર્ષે દરમિયાન વજન વધે તવી શકયતા છે. મોર્નિંગ વોક, શારિરીક વ્યાયામ કરવાથી સ્વાસ્થ્યમાં સુધારો થશે. વર્ષ દરમિયાન આપને કોઈ એલર્જી પરેશાન કરે તેવી શકયાતા છે. તો તેનાથી દૂર રહેવા ઈમ્યુનીટી હોય શકે છી. ખાસ કોઈ પરેશાની નથી, તેમ છતાં જૂની બિમારીઓ માટે બેદરકારી રાખવી નહીં.

મહિલાઓને માટેઃ- મહિલાઓને માટે આ વર્ષ સારું રહેશે. આપના સંતાનો કે પરિવાર જનો આપને કોઈ યાદગાર ભેટ આપશે. આપના ગૃહજીવનમાં આનંદ ઉત્સાહ ઉલ્લાસનો વધારો થશે. શાંતીનો અનુભવ થશે. અવિવાહીત મહિલાઓને સગાઈ લગ્નના યોગ છે. અનુકુળતા વાળ સમય છે. સર્વિસ કરતી મહિલાઅને મુસાફરી કે વિદેશ જવાની ઈચ્છા ફળશે કાર્યને લઈને ઉપરી અધિકારી સાથે વિવાદો ટાળવા. આપના નિર્ણયોમાં આપના પરિવારનો સાથ સહકાર રહેશે. આપના સંતાનોના પ્રશ્નોનો ઉકેલ આવે. બજેટમાં રહીને ખર્ચા કરવા.


વિદ્યાર્થી મિત્રોઃ- વિદ્યાર્થી મિત્રોને માટે આ વર્ષ મધ્યમ રહેશ. વડીલો સમજી શકશે નહીં તેવા વિચાર આવ્ય કરે પરંતુ તેવા વિચારો ન કરવા હિતાવહ રહેશે. આપને આપના ધાર્યા પરિણામ માટે વધુ મહેનત કરવી પડશે. પરીક્ષા સમયે સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. આત્મ વિશ્વાસ વધારવાની સલાહ છે.

★ લોખંડની ચાવી અથવા આખી સોપારી સાથે રાખવાથી લાભ.

રાશિ નં-૧૨

મીન રાશિ (દ.ચ.ઝ.થ)





મીન રાશિ રાશિચક્રની બારમી અને છેલ્લી રાશિ છે. જેની રાશ્યકૃતિ માછલી છે. મીન રાશિમાં પૂર્વાભાદ્રવદ નક્ષત્રનું એક ચરણ, રેવતીના ચાર, ઉત્તરભાદ્ર પદ નક્ષત્રના ચાર ચરણનો સમાવેશ થાય છે. ગુરૂ મહારાજ તેના સ્વામી છે. સંજ્ઞા દ્વિસ્વભાવ છે. દિશા ઉત્તર છે. આ રાશિના વ્યક્તિઓ ખુબ જ મળતાવડા અને મહત્વાકાંક્ષી હોય છે. લક્કી કલર ઓરેન્જના તમામ શેડસ.

વિક્રમ સંવતના પ્રારંભે આપના દેહભુવનમાં શનિદેવ બીરાજેલ છે. આપના દેહભુવનનો સ્વામી જે કર્મસ્થાનનો સ્વામી છે તે આપના શત્રુસ્થાનમાં કેતુ સાથે બીરાજે છે. આપના ધન સ્થાનમાં કોઈ જ ગ્રહ નથી. પરાક્રમ સ્થાને તેમજ સુખ સ્થાને કોઈ જ ગ્રહ વર્ષના પ્રારંભે નથી. આપના ધન સ્થાનનો સ્વામી મંગળ આપના પંચમ સ્થાને બીરાજેલ છે. જે આપના ભાગ્યભૂવનનો સ્વામી બને છે. આપના પરાક્રમ સ્થાનનો સ્વામી જે આપના આયુષ્ય સ્થાનનો સ્વામી પણ બને છે જે આપના સપ્તમ સ્થાને બીરાજે છે. આપના સુખ સ્થાનનો સ્વામી જે આપના ભાગીદારી સ્થાનનો પણ સ્વામી છે તે આપના આયુષ્ય સ્થાને સૂર્ય-ચંદ્રની સાથે બીરાજે છે. આપના વિદ્યાભુવનમાં સેનાપતિ શ્રી મંગળ મહારાજ બિરાજે છે. આપના વિદ્યાભુવનનો સ્વામી ચંદ્ર અષ્ટમ સ્થાને બીરાજે છે. આપના શત્રુસ્થાને ગુરૂ અને કેતુ બીરાજે છે. આપના શત્રુસ્થાનનો સ્વામી સૂર્યદેવ આપના આયુષ્ય સ્થાને ચંદ્ર અને બુધની યુતિમાં છે. આપના ભાગીદારી સ્થાને શુક્ર બીરાજે છે. જે આપના અષ્ટક સ્થાનનો સ્વામી છે. જયાં સૂર્ય-ચંદ્ર અને બુધ્ધની યુતિ છે. બુધ જે આપના ભાગીદારી સ્થાન અને ચતુર્થ સ્થાનનો સ્વામી છે. શુક્ર-બુધ અહિં પરિવર્તન યોગ બનાવ છે. આપના ભાગ્યભુવન, કર્મસ્થાનનો સ્વામી દેશભુવનમાં બીરાજે છે. વ્યયસ્થાને રાહુ મહારાજ બીરાજે છે.

વર્ષ દરમ્યાન શારીરિક થાક અને કાર્યનું ભારે દબાણ રહેશે. ધીરજ ગુમાવવી નહિં, મન ને શાંત રાખવાની કોશિષ કરવી. ખોટા વિચારોથી દૂર રહેવું. અણધાર્યા ખર્ચાઓ આવવાથી બજેટ ખોરવાઈ જઈ શકે છે. વિદેશથી લાભ, પ્રવાસ વર્ષના ઉતરાર્ધમાં શક્યતા છે. અને સ્થિર સફળતા પણ મલશે. તેથી ત્યાં સુધી ખુબ જ ધીરજ રાખવી અને ખોટા આડા અવળા વિચારો ટાળવા.

'વિપતિ દરિદ્ર દહું ભયે, બિના વિચારે કામ,
રહિમન વે નર મર ચૂકે, જે કહત આહિ રામ'

આનો અર્થ એ છે કે વિપત્તિકાળમાં ખોટા પગલા લેવાઈ જાય છે. જેના લીધે આર્થિક પતન અને શારીરિક સ્વાસ્થ્ય બગાડી નાખે છે. આ સમયમાં રોકાણ કરવા નહિં. કોઈપણ વ્યક્તિનો ઝડપથી વિશ્વાસ ન કરવો. આ સમયને ધીરજ અને શાંતિ સાથે પસાર કરવો. દરેક સમય એક સરખા નથી રહેતા.

ટેરોટ કાર્ડઃ નવા વર્ષનું આપનું કાર્ડ છે. 'ધ હાઈ પ્રીસ્ટેસઈ દિવ્યજ્ઞાન આ કાર્ડ આપના આંતરિક અવાજ અને આધ્યાત્મને જાગૃત કરશે. આપને વર્ષ દરમ્યાન પૂર્વ આભાસ શક્તિ વિકસીત થશે. ભવિષ્યમાં શુ થશે સારુ ખરાબ તેનો અણસાર આપને આવી જશે. આપ આપના અભ્યાસમાં આગળ વધી શકશો. તેના માટે મેડિટેશન કરવું જરૂરી રહેશે. આ વર્ષ આપને આધ્યાત્મ તરફ દોરી જશે. આપને વધુ પડતા વિચાર વાયુથી અને દરેક સિચ્યુએશનને શંકાથી જોવી નહિ તેવી સલાહ છે. આપના આંતરમુર્ખી ન થવાની સલાહ છે. મનને મન કોઈ વાતો દબાવી રાખવાથી સ્વાસ્થ્ય પર અસર થાય છે. જેથી બધુ જ પોઝીટીવ છે અને થવાનું છે તેમ જ યાદ રાખવું.

આર્થિક બાબતઃ વિક્રમનું નવું વર્ષ આર્થિક રીતે સારુ રહેશે. આપની આર્થિક ગાડી પૂરપાટ ઝડપે દોડશે. સાહસ અને પરાક્રમના બળે આપ નવા આર્થિક સ્ત્રોત ઉભા કરશો. જમીન-મકાન મશીનરીના ક્ષેત્રે કરેલું રોકાણ મોટો નફો અપાવશે. અચાનક ધનલાભ થશે. તમારે તમારા બજેટને વળગી રહીને આયોજન પૂર્વક ખર્ચ કરવાની અને બચતના નાણાને સુરક્ષિત જગ્યાએ રોકવાની સલાહ છે. શેરબજારમાં શટ્ટાકીય પ્રવૃતિમાં આંખ બંધ કરીને કોઈની આવડત ના ભરોસે રોકાણ કરવું નહિં. અંગત મિત્રો સંબંધીઓને નાણા ઉધાર આપતા પહેલા સાવધાન રહેવું. આપના કાર્યો અટકશે નહિં પણ નાણાને વધારવાના છે. ફસાય નહિં તેનું ધ્યાન રાખવું આવક વધશે.

કૌટુંબિક બાબતેઃ કૌટુંબિક બાબતે વિક્રમનું નવું વર્ષ ઉતાર ચડાવ વાળુ રહેશે. ધૈર્ય રાખવાની ખાસ સલાહ છે. પરિવારનું વાતાવરણ ભાવનાત્મક રહેશે. કોઈ વાર પ્રેમનો માહોલ તો ક્યારેક નાની નાની વાતોમાં ગેરસમજ કે વૈચારિક ભિન્નતા રહેશે. જીવનસાથી સાથેના સંબંધોમાં પરસ્પર વિશ્વાસ અને સમજણ જાળવી રાખવી ખૂબ જ જરૂરી બનશે. કામકાજના બોજને લીધે વાદ વિવાદ રહે. પરંતુ એકબીજા પ્રત્યેની સહાનુભુતિ અને પ્રેમ દરેક પ્રશ્નો સોલ્વ કરી નાખશે. આપના જીવન સાથી આપના માટે મિત્ર સમાન છે તેવો અહેસાસ થશે. સંતાનોના ભવિષ્ય અને લગ્ન સંબંધિત કે કેરિયર અંગે નિર્ણયો લેવા માટે આ વર્ષ અનુકુળ રહેશે. કોઈપણ કૌટુંબિક નિર્ણયો લેતી વખતે ઉતાવળ કરવાને બદલે શાંતિથી અનુભવી વ્યક્તિની સલાહ લઈને આગળ વધવું ધંધા કે રોજગારીની ચિંતાઓ પ્રશ્નો કુટુંબ પર કે ઘરના વાતાવરણ પર હાવી થવા દેશો નહિં. પ્રેમ, ધૈર્ય અને વાણી પર સંયમ રાખવાથી ઘરમાં સુખ સંપતિ સમૃધ્ધિ અને શાંતિ જળવાશે.

નોકરી અને વ્યાપારીઓ માટેઃ વિક્રમના નવા વર્ષમાં આપની મહત્વકાંક્ષાઓ વધવાની છે. કંઈક નવું વિચારવાના છો નવું કરવાની અને સફળતા મેળવવાની ઈચ્છા વધવાની છે પ્રબળ થવાની છે જેને પૂર્ણ કરવા માટે આપના પ્રયત્નો સફળ થવાના છો. આપની મહેનત રંગ લાવશે. કોઈ સારા કાર્યમાં લાલચથી દૂર રહેવું અને કોઈના ભરોષે ન રહેવું. જીવન જરૂરી ચીજ વસ્તુઓ મોબાઈલ રીપેરીંગ, પાણી, મકાન, હોટલ લાઈનથી લાભ સંયુક્ત બીઝનેશમાં આ વર્ષ કુટુંબના વ્યવસાયમાં પ્રેમ અને સુમેળથી પરિવર્તન કરી શકશો. વિદેશથી લાભ મળશે. સફેદ વસ્તુથી આપને ખાસ્સો લાભ મળશે. આપના યોગ્ય અને આપના અનુભવો પ્રમાણે જ નવી લાઈન અને ચાલુ કાર્યમાં આગળ વધવું. આપ આપના વ્યવસાય માટે પ્રોપર્ટીની ખરીદી કરી શકશો. મોટી રકમની લેવડ દેવડમાં પોતે જાતે ધ્યાન આપવાની સલાહ છે. હિતશત્રુઓ ઉભા થશે પણ ફાવશે નહિં. વર્ષના ઉત્તરાર્ધમાં સ્થિતિ મજબૂત બનશુ મોટા આર્થિક જોખમો લેતા પહેલા વર્તમાન વેપારને વધુ સારી રીતે ચલાવવું અને વડીલોની સલાહ લેવી.

નોકરીયાતોને નોકરીમાં કામનું દબાણ હોવા છતાં મનમાં શાંતિનો અહેસાસ થશે. ઉતાવળા નિર્ણયો અને એકદમ જ બીન્દાસ્ત એટિટ્યુડને કાબુમાં રાખવું. આધ્યાત્મિક પ્રવૃતિઓ અને સેવાકાર્યોમાં રસ વધશે. આપને કાલપનિક ભય થી દૂર રહેવાની સલાહ છે. બુધ્ધિ અને ચતુરાઈ પૂર્વક કાર્ય કરવું. આ વર્ષ દરમ્યાન આપના અગાવ કરેલ કાર્યો અંગે કોઈ પ્રશ્નો ઉભા થશે પરંતુ વર્ષના અંતે બધુ જ સારુ થઈ જશે. ગુજરાતી કહેવાત મુજબ ઘીના ઠામ ઘીમાં ભળી જશે.

સ્થાવર મિલ્કત બાબતેઃ સ્થાવર મિલ્કત બાબતે આપનું આ વર્ષ સારુ રહેવાનું છે. આપને સ્થાવર મિલ્કતનો લાભ થશે. વિલવારસાની મિલ્કત મેળવવા સફળતા મલશે. કોર્ટકેસ ચાલતા હશે તો તેમાં પણ સફળતા મલશે. આપને આપની જન્મભૂમિથી સારો લાભ થશે. વર્ષ દરમ્યાન કોઈ કામગીરીમાં પડવાથી દૂર રહેવું. કૌટુંબિક પ્રશ્નોમાં પણ વિશ્વાસે કાગળો જોયા વગર મિલ્કતની લેવડ દેવડ કરવી નહિં. હિત શત્રુઓ પર વિજય મેળવી શકશો અને મિલ્કતમાં વૃધ્ધિ કરી શકશો. ખાલી મિલ્કતના નામ ફેરબદલમાં ખાસ ધ્યાન રાખવું.

સ્વાસ્થ્ય બાબતેઃ સ્વાસ્થ્ય બાબતે વિક્રમનું નવું વર્ષ સામાન્ય રહેશે. આપને પાણી જન્ય રોગોથી ચેતવાની સલાહ છે. શુધ્ધ ચોખ્ખુ પાણી પીવું. પાણીના ઈન્ફેકશન શરીરમાં લોહિવિકાર ચામડીને લગતી બિમારીઓ સતાવે. આપના મન પર કામકાજ અને જવાબદારીઓનો ભાર રહેવાનો છે. લાંબી મુસાફરી દરમ્યાન આપની જરૂરી દવાઓ લેવાનું ચુકશે નહિં. આપને ચાલતા ચાલતા કે વાહન ચલાવતા વાગવાની શક્યતા છે. માનસિક ચિંતાઓથી દૂર રહેવું.

મહિલાઓ માટેઃ મહિલાઓને માટે આ વર્ષ સારુ રહેવાનું છે. આપના સંતાનોની સગાઈ કે લગ્નના કાર્યોમાં સફળતા મળશે. આપને પિયરના સગાસંબંધીઓના ખાસ સહકાર રહેશે. અને પ્રેમ મળશે. આપ આપના કુટુંબની આવકમાં વધારો કરી શકશો. વર્ષ દરમ્યાન આપના એક નહિ અનેક પ્રશ્નો સોલ્વ થશે. ઘરના જૂના વિવાદો દૂર થશે. ઘરમાં માંગલિક પ્રશ્નોને લઈ દોડધામ અને ચિંતા રહે. જીવનસાથી સાથે સુમેળ રહે. વ્યર્થ વિચાર વાયુથી દૂર રહેવું. કારણ વગરના વિચારોથી દુર રહેવું. વિદેશ જવાની ઈચ્છા ફળશે. પ્રવાસમાં નાણાનું ધ્યાન રાખવું. નવા વ્યવસાયની શરૂઆત કરી શકશો. નોકરીમાં પ્રમોશન ના ચાન્સીસ છે. સ્વાસ્થ્ય બાબતે બેદરકાર ન બનવું.

વિદ્યાર્થીઓ માટેઃ વિદ્યાર્થીઓને આ વર્ષ સારુ રહેવાનું છે. આપને સ્પર્ધાત્મક પરિક્ષામાં સફળતા મળશે. આપનું આત્મચિંતન મનન વાંચન જરૂરી રહેશે. વર્ષ દરમ્યાન એકસ્ટ્રા ડેરી ક્યુબર એક્ટીવીટીમાંથી સર્ટીફિકેટો મળશે. નંબર સારા આવી શકે છે. અભ્યાસની સાથે આપ સર્વિસ પણ કરી શકશો. વધુ અભ્યાસની આપની ઈચ્છા પૂર્ણ થશે. બીન જરૂરી ખર્ચ મિત્રો સાથે હરતા ફરવાનું ટાળવું. વડિલોની સલાહને ધ્યાનમાં લેવી. કુટુંબના પ્રશ્નોને લઈને આપ ચિંતિત રહેશો.

★ ચંદનનો ટુકડો, પીળો રૂમાલ પોતાની સાથે રાખવાથી લાભ.

સંવત ૨૦૮૩ની મકર સંક્રાતિ

શ્રી ગણેશાય નમઃ સ્વસ્તિ શ્રી વિક્રમાર્ક સંવત ૨૦૮૩ 'કાલયુકત'' નામ સંવત્સરે અને શાલિવાહન શકે ૧૯૪૮ ''પરાભવ'' નામ સંવત્સરે ઉત્તરાયણે, શિશિર ઋતૌ, પૌષ માસે શુક્લ પક્ષે સાતમ તિથિ ગુરૂવારના તા. ૧૪-૦૧-૨૦૨૭ના રાત્રે ૨૧ ક.૦૯ મિનિટે નિરયન મકર રાશિમાં સૂર્ય પ્રવેશ કરે છે. આ સમયે તિથિ સાતમ, નક્ષત્ર ઉ.ભાદ્રપદ, યોગ શિવ અને 'ગર' કરણ છે.

સંક્રાંતિનો પુણ્યકાળઃ- તા. ૧૫-૦૧-૨૦૨૭, શુક્રવાર ના સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીનો છે.

સંક્રાંતિનું વાહનઃ- આ વર્ષે સંક્રાંતિનું વાહન ગજ (હાથી) છે. ઉપવાહન ગદર્ભ છે. રાતુ વસ્ત્ર ધારણ કરેલ છે. હાથમાં ધનુષ છે. કપાળમાં ગોરોચનનું તિલક કરેલ છે. ઉંમરમાં પ્રૌઢા છે. સ્થિતિ બેઠેલી છે. બાલીનું ફૂલ લીધેલ છે. દૂધનું ભક્ષણ કરે છે. પશુ જાતિ છે. આભૂષણ ગોમેદના છે. વાર નામ નંદા તથા નક્ષત્ર નામ નંદા છે. સામુદાયિક મુહૂર્ત ૪૫ છે. પશ્ચિમમાંથી આવી પૂર્વમાં જાય છે. તેનું મુખ ઉત્તરમાં અને દ્રષ્ટિ અગ્નિમાં છે.


સંક્રાંતિનું ફળઃ- સંક્રાંતિ માટે સામાન્યપણે એમ મનાય છે કે જે જે વસ્તુઓ તથા વ્યક્તિઓ સાથે સંક્રાંતિ સંબંધ ધરાવે છે તે તે વસ્તુઓ મોંઘી થાય છે તથા તેની સાથે સંબંધ ધરાવતી વ્યક્તિઓને ત્રાસ થાય છે.

તે પ્રમાણે હાથી - ગદર્ભ જેવા પશુઓને ત્રાસ થાય. રાતા કલરના વસ્ત્રો અને વસ્તુઓ મોંઘા થાય. ધાન્યો તેમજ દૂધ અને દૂધની બનાવટો મોંઘી થાય. સોના ચાંદી-તાંબા જેવી ધાતુઓ મોંઘી થાય. હથિયારો મોંઘો થાય

સંક્રાંતિનું દાન :- સંક્રાંતિના પૂણ્યકાળે નવા વાસણો, ગાયોને ઘાસચારો, અનાજ, તલ, ગોળ, તેલ, સોનું, ચાંદી, તાંબુ, ભૂમિ, વસ્ત્રો, ઝવેરાત અને પશુઓનું યથાશક્તિ દાન આપવું

સંક્રાંતિનું કર્તવ્યઃ- સંક્રાંતિના પૂણ્યકાળે તલમિશ્રિત જળથી સ્નાન કરવું, તલનું અભ્યંગ શરીર પર લગાડવું, તલનો હોમ કરવો, તલ મિશ્રિત પાણી પીવું, તલ ખાવા, તલના લાડવામાં સોના-ચાંદીના સિક્કા મૂકી દાન કરવું. આમ છ પ્રકારે તલનો ઉપયોગ કરછ યથાશક્તિ દાન આપવાથી બધા જ દુઃખનો નાશ થાય છે. આ પુણ્યકાળે વડીલવર્ગ, પિતૃઓને પ્રસન્ન કરવા, ભગવાન શિવજીની વિધિસરની પૂજા કરવી અને સૂર્ય ભગવાનને દૂધનો અભિષેક કરવો.

વિક્રમ સંવત ૨૦૮૩ ગ્રહોની ચાલ



વૈદિક જ્યોતિષ મુજબ વિક્રમ સંવત ૨૦૮૩ (ઈ.સ. ૨૦૨૬-૨૭) નો સમયગાળો માત્ર રાજકીય ક્ષેત્રે જ નહીં, પરંતુ વૈજ્ઞાનિક શોધ, ટેકનોલોજીકલ ક્રાંતિ અને વૈશ્વિક ફેરફારો માટે એક મોટી યુગ-પરિવર્તનકારી અવધિ માનવામાં આવે છે.

જ્યોતિષીય ગ્રહ ગોચર અને ગ્રહણની સ્થિતિઓ મુજબ ભારત અને વિશ્વમાં જે મોટી વૈજ્ઞાનિક શોધો તથા યુગ-બદલતી ઘટનાઓ ઘટી શકે છે, તેનું વિશ્લેષણ નીચે મુજબ છેઃ

૧. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) અને રોબોટિક્સમાં મોટો ધડાકો

★ગ્રહ યુતિઃ રાહુ અને શનિનું તકનીકી ક્ષેત્રના ભાવ સાથેનું જોડાણ તથા બુધ-ગુરુનો -ભાવ ડિજિટલ

ક્ષેત્રમાં અણધારી ક્રાંતિ સૂચવે છે. Bhrigusadhu

★શું બદલાવ આવશે? AI અને રોબોટિક્સના ક્ષેત્રમાં એવી શોધ થઈ શકે છે જે માનવ શ્રમ અને મગજના કામ કરવાની રીતને સંપૂર્ણપણે બદલી નાખશે. સ્વાયત્ત સિસ્ટમ્સ (Autonomous Systems) અને ક્વાન્ટમ કમ્પ્યુટિંગ (Quantum Computing) માં ભારત અને પશ્ચિમી તરફથી અભૂતપૂર્વ સફળતા મળશે. ?

વૈદિક જ્યોતિષ મુજબ વિક્રમ સંવત ૨૦૮૩ (ઈ.સ. ૨૦૨૬-૨૭) નો સમયગાળો માત્ર રાજકીય ક્ષેત્રે જ નહીં, પરંતુ વૈજ્ઞાનિક શોધ, ટેકનોલોજીકલ ક્રાંતિ અને વૈશ્વિક ફેરફારો માટે એક મોટી યુગ-પરિવર્તનકારી અવધિ માનવામાં આવે છે.

જ્યોતિષીય ગ્રહ ગોચર અને ગ્રહણની સ્થિતિઓ મુજબ ભારત અને વિશ્વમાં જે મોટી વૈજ્ઞાનિક શોધો તથા યુગ-બદલતી ઘટનાઓ ઘટી શકે છે, તેનું વિશ્લેષણ નીચે મુજબ છેઃ

૧. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) અને રોબોટિક્સમાં મોટો ધડાકો

★ગ્રહ યુતિઃ રાહુ અને શનિનું તકનીકી ક્ષેત્રના ભાવ સાથેનું જોડાણ તથા બુધ-ગુરુનો -ભાવ ડિજિટલ

ક્ષેત્રમાં અણધારી ક્રાંતિ સૂચવે છે. Bhrigusadhu

★શું બદલાવ આવશે? [illegible] અને રોબોટિક્સના ક્ષેત્રમાં એવી શોધ થઈ શકે છે જે માનવ શ્રમ અને મગજના કામ કરવાની રીતને સંપૂર્ણપણે બદલી નાખશે. સ્વાયત્ત સિસ્ટમ્સ (Autonomous Systems) અને ક્વાન્ટમ કમ્પ્યુટિંગ (Quantum Computing) માં ભારત અને પશ્ચિમી તરફથી અભૂતપૂર્વ સફળતા મળશે.?

ભારત અને પશ્ચિમી દેશો તરફથી અભૂતપૂર્વ સફળતા મળશે.

૨. તબીબી ક્ષેત્ર (Medical Science) માં યુગ-બદલતી શોધ

★ગ્રહ સ્થિતિઃ કેતુ અને ગુરુનું સંયોજન સંશોધન અને ઔષધિ ક્ષેત્રમાં નવી દિશા આપે છે.

★શું બદલાવ આવશે? કેન્સર, દુર્લભ જીનેટિક રોગો કે કોઈ નવી મહામારી સામે અતિ-અસરકારક જનીની સારવાર (Gene Therapy) અથવા નવી વેક્સિન/દવાની શોધ થઈ શકે છે. આ શોધ માનવ જીવનશૈલી અને સરેરાશ આયુષ્યમાં મોટો સકારાત્મક ફેરફાર લાવશે.

૩. અંતરિક્ષ (Space Science) અને ઉર્જા ક્ષેત્રે ભારતની મોટી સિદ્ધિ

★ ગ્રહ સ્થિતિઃ મંગળ (જે વિક્રમ સંવત ૨૦૮૩ નો મંત્રી પણ છે) સાહસ, સંરક્ષણ અને સ્પેસ ટેકનોલોજીનો કારક ગ્રહ છે.

★શું બદલાવ આવશે?

ભારત (ISRO) અંતરિક્ષ સંશોધન, ચંદ્ર/મંગળ મિશન કે સ્પેસ સ્ટેશન સંબંધિત કોઈ એવી સફળતા મેળવશે જેની નોંધ આખું વિશ્વ લેશે.

★ હરિયાળી ઉર્જા (Clean/Renewable Energy): સોલર અને ફ્યુઝન એનર્જી (Nuclear Fusion) ના ક્ષેત્રમાં કોઈ એવી નવી શોધ થઈ શકે છે, જેનાથી પરંપરાગત બળતણ (પેટ્રોલ/ડીઝલ) પરની નિર્ભરતા ઘટવાનું શરૂ થશે.

૪. આખી દુનિયા બદલી નાખે તેવી સંભવિત વૈશ્વિક ઘટનાઓ

વૈદિક જ્યોતિષ મુજબ આ વર્ષે શનિ, રાહુ અને મંગળના અગ્નિ અને વાયુ તત્વના ગોચરના કારણે કેટલીક અણધારી ઘટનાઓ પણ વિશ્વનું ધ્યાન ખેંચશેઃ

★ ડિજિટલ અને નાણાકીય ક્રાંતિઃ પેપર કરન્સી (કાગળની નોટો) નો ઉપયોગ ખૂબ ઘટી જશે અને વિશ્વ કમ્પ્લીટલી ડિજિટલ કરન્સી તથા બ્લોકચેન આધારિત નવી આર્થિક સિસ્ટમ તરફ તીવ્ર ઝડપથી આગળ

★વૈશ્વિક સત્તાનું સંતુલન બદલાવુંઃ પશ્ચિમી મહાસત્તાઓની આર્થિક પકડ ધીમી પડશે અને ભારત તથા એશિયાઈ દેશો વિશ્વના નવા વૈજ્ઞાનિક અને આર્થિક કેન્દ્ર (Global Hub) તરીકે ઉભરી આવશે.

★કુદરતી ફેરફારોઃ હવામાન અને સમુદ્રી ગતિવિધિઓમાં ફેરફાર થવાથી વિશ્વના દેશોને પર્યાવરણ અને ક્લાઈમેટ ચેન્જ અંગે તાત્કાલિક નવી વૈજ્ઞાનિક ટેકનોલોજી શોધવાની ફરજ પડશે.

તારણઃ વિક્રમ સંવત ૨૦૮૩ એવો સમય છે જ્યાં માનવજાત ટેકનોલોજી અને તબીબી વિજ્ઞાને ના એક નવા યુગમાં પ્રવેશ કરશે. ભારત આ વૈજ્ઞાનિક શોધો અને આંતરરાષ્ટ્રીય બદલાવોમાં અગ્રેસર ભૂમિકા ભજવશે.

૧.ISRO અને સ્પેસ ટેકનોલોજી માટે મંગળ-ગુરુનો યોગ

★સંવત્સરના મંત્રી મંગળઃ વિક્રમ સંવત ૨૦૮૩ ના મંત્રી પદે મંગળ હોવાથી અને તેની યાંત્રિક/સંરક્ષણ ક્ષેત્રો પરની મજબૂત દ્રષ્ટિને કારણે ત્લ્ભ્ ની અંતરિક્ષ યાત્રાઓ, રોકેટ લોન્ચિંગ અને સ્પેસ મિશન્સ (જેમ કે ચંદ્ર/મંગળ કે સ્પેસ સ્ટેશન સંબંધિત -કલ્પ) માં મોટી અને અણધારી સફળતા મળવાના સંકેતો છે.

★વૈશ્વિક પ્રશંસાઃ રાહુ-કેતુ અને બૃહસ્પતિના સંયોગથી ભારતનું સ્પેસ સાયન્સ વૈશ્વિક સ્તરે મોટું સ્થાન પ્રાપ્ત કરશે અને વિશ્વના અન્ય દેશો ISRO ની ટેકનોલોજી પર આધાર રાખવાનું શરૂ કરશે.

૨. ટેકનોલોજી અને ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રે મોટો ઉછાળો

★એકાદશ ભાવ (૧૧મો ભાવ) અને શનિનો -ભાવઃ ભારતના સંવત ૨૦૮૩ ની કુંડળી મુજબ ૧૧મો ભાવ (લાભ અને નિકાસ ક્ષેત્ર) ટેકનોલોજી સંબંધિત ઉત્પાદન માટે ખુબ જ બળવાન છે.

★ઈલેક્ટ્રોનિક્સ અને હાર્ડવેર નિકાસઃ સેમિકન્ડક્ટર,

★ઈલેક્ટ્રોનિક્સ અને હાર્ડવેર નિકાસઃ સેમિકન્ડક્ટર, ઈલેક્ટ્રોનિક્સ અને ડિજિટલ ઉપકરણોની નિકાસમાં ભારત વિક્રમી વૃદ્ધિ નોંધાવશે.

૩. ડિફેન્સ ટેક (સંરક્ષણ ટેકનોલોજી) અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)

★રાહુ અને શનિનું ક્વાન્ટમ ચક્રઃ આ વર્ષ દરમિયાન ભારત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), સાયબર સિક્યોરિટી અને ક્વાન્ટમ કમ્પ્યુટિંગ ક્ષેત્રે પોતાની સ્વદેશી સિસ્ટમ વિકસાવવામાં સફળતા મેળવશે.

★ડિફેન્સ-ટેક એક્સપોર્ટઃ સંરક્ષણ અને સુરક્ષા સંબંધિત હાઈ-ટેક સિસ્ટમ્સ માટે ભારત આંતરરાષ્ટ્રીય સ્તરે એક મુખ્ય સપ્લાયર તરીકે ઉભરી આવશે.

તારણ એ છે કે વિક્રમ સંવત ૨૦૮૩ નું વર્ષ ભારતની વૈજ્ઞાનિક ક્ષમતા, ISRO ના મિશન્સ અને હાઈ-ટેક ઈનોવેશન માટે આત્મનિર્ભર બનવાનું તથા વૈશ્વિક મંચ પર નવી ઓળખ બનાવવાનું વર્ષ બની રહેશે.